पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## અધ્યાય-૬


(ગુજરાતી અનુવાદ)




❊ ભાવાનુવાદકાર ❊


પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)










(બે ભાગ)









# રાજશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન






















(બે ભાગ)














(ત્રણ ભાગ)














(દશ ભાગ)









શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
ક્રમાંક:
સ્થાન:

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

॥ ऐं नमः ॥

**पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्**

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૬

**(ગુજરાતી અનુવાદ)**

* ભાવાનુવાદકાર *

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *

**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *

**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *

**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી પ્રશમપૂર્ણવિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી બાંટ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ'** તરફથી શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.


અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત
પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર
નિલમ વિહાર - પાલીતાણા

## * ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે—

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી."

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે "ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા" ઇત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઇતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[૧] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[૨] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઇરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**

**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

---

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ✻ સંપાદકની સંવેદના ✻

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઇ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઇએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઇમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

**વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર,** **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
**તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ**

અરિહંત આરાધક ટ્રસ્ટમાં પ્રાપ્ય વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય

# રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ કરેલું સાહિત્ય સર્જન

**સટીક અનુવાદો :**

(૧) યોગબિંદુ
(૨) ધર્મબિંદુ
(૩) પંચવસ્તુ
(૪) પંચાશક
(૫) ઉપદેશપદ
(૬) પંચસૂત્ર
(૭) શ્રાદ્ધદિનકૃત્ય
(૮) નવપદ પ્રકરણ
(૯) અષ્ટક પ્રકરણ
(૧૦) યોગદૃષ્ટિ સમુચ્ચય
(૧૧) ગુરુતત્ત્વવિનિશ્ચય
(૧૨) શ્રાવકધર્મવિધિ પ્રકરણ
(૧૩) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૪) પ્રશમરતિ પ્રકરણ
(૧૫) ઉપદેશમાલા (પુષ્પમાલા)
(૧૬) શીલોપદેશમાલા
(૧૭) વીતરાગસ્તોત્ર
(૧૮) શ્રાવક પ્રજ્ઞપ્તિ.

**નૂતન રચના :**

પ્રદેશબંધ (સંસ્કૃત ટીકા) - લગભગ ૧૦ હજાર શ્લોક પ્રમાણ.

**સંશોધન :**

સિદ્ધહેમશબ્દાનુશાસન (મધ્યમ વૃત્તિ).

**સૂત્રોના અનુવાદો :**

(૧) ધર્મબિંદુ
(૨) જ્ઞાનસાર
(૩) પંચસૂત્ર
(૪) ભવભાવના
(૫) અષ્ટક પ્રકરણ
(૬) પ્રશમરતિ પ્રકરણ
(૭) યતિલક્ષણસમુચ્ચય
(૮) ચૈત્યવંદનમહાભાષ્ય
(૯) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૦) વિતરાગસ્તોત્ર
(૧૧) સંબોધ પ્રકરણ.

**સંપાદન :**

(૧) હીરપ્રશ્ન
(૨) સેનપ્રશ્ન
(૩) યોગશાસ્ત્ર
(૪) પરિશિષ્ટપર્વ
(૫) ત્રણ કર્મગ્રંથ
(૬) શ્રમણ ક્રિયાસૂત્રો
(૭) સિરિસિરિવાલકહા પ્રત
(૮) શ્રાદ્ધદિનકૃત્ય પ્રત
(૯) આત્મપ્રબોધ પ્રત
(૧૦) પંચાશક પ્રકરણ પ્રત
(૧૧) સંબોધ પ્રકરણ પ્રત
(૧૨) યોગશાસ્ત્ર (મૂળ)
(૧૩) જ્ઞાનસાર (મૂળ)

◆ **વિવેચનો :**

(૧) પ્રભુભક્તિ
(૨) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૩) મૈત્રી સાધના
(૪) માતા-પિતાની સેવા
(૫) નવકાર મહામંત્ર
(૬) સત્સંગની સુવાસ
(૭) મમતા મારે સમતા તારે
(૮) પરોપકાર કરે ભવપાર
(૯) પ્રમોદપુષ્પ પરિમલ
(૧૦) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
(૧૧) સ્વાધીનરક્ષા પરાધીન ઉપેક્ષા
(૧૨) સાધુ સેવા આપે મુક્તિ મેવા
(૧૩) આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ
(૧૪) ભાવના ભવનાશિની
(૧૫) જીવન જીતવાની જડીબુટ્ટીઓ
(૧૬) ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
(૧૭) અણગારના શણગાર સાત સકાર
(૧૮) પ્રભુભક્તિ મુક્તિની દૂતી
(૧૯) તપ કરીએ ભવ જલ તરીએ
(૨૦) આધ્યાત્મિક વિકાસના પાંચ પગથિયા
(૨૧) આધ્યાત્મિક પ્રગતિના ત્રણ પગથિયા
(૨૨) નવકારનો જાપ મિટાવે સંતાપ
(૨૩) જૈન ધર્મની પ્રાચીનતા અને શાસન પ્રભાવક
(૨૪) સંપ્રતિ મહારાજા
(૨૫) એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ
(૨૬) શ્રી શત્રુંજય તીર્થ સોહામણું
(૨૭) પ્રેમ ગુણગંગામાં સ્નાન કરીએ
(૨૮) નવકાર મહામંત્ર.

## * વિષયાનુક્રમ *


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ❖ મૂળસૂત્ર | 19 |
| ❖ છટ્ઠો અધ્યાય | ૧ |
| ❖ યોગનું સ્વરૂપ | ૧ |
| ❖ **સૂત્ર-૧ :** कायवाङ्मन कर्म योगः | ૧ |
| ❖ આશ્રવનું નિરૂપણ | ૬ |
| ❖ **સૂત્ર-૨ :** स आश्रवः | ૬ |
| ❖ શુભયોગ પુણ્યકર્મનો આશ્રવ છે એનો નિર્દેશ | ૮ |
| ❖ **સૂત્ર-૩ :** शुभः पुण्यस्य | ૮ |
| ❖ અશુભયોગ પાપકર્મોન આશ્રવ છે તેનો નિર્દેશ | ૯ |
| ❖ **સૂત્ર-૪ :** अशुभः पापस्य | ૯ |
| ❖ આશ્રવના બે ભેદ | ૧૦ |
| ❖ **સૂત્ર-૫ :** सकषायाकषाययोः सांपरायिकेर्यापथयोः | ૧૦ |
| ❖ સાંપરાયિક આશ્રવના ભેદો | ૧૪ |
| ❖ **સૂત્ર-૬ :** अव्रत-कषायेन्द्रिय-क्रियाः पञ्चचतुः | ૧૪ |
| ❖ કર્મબંધનું ભેદ પડવાનું કારણ | ૨૨ |
| ❖ **સૂત્ર-૭ :** तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषात् | ૨૨ |
| ❖ અધિકરણના ભેદો | ૨૬ |
| ❖ **સૂત્ર-૮ :** अधिकरणं जीवाजीवाः | ૨૬ |
| ❖ જીવ અધિકરણના ૧૦૮ ભેદો | ૨૮ |
| ❖ **સૂત્ર-૯ :** आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारितानु | ૨૮ |
| ❖ સંરંભના ૩૬ ભેદો (કોષ્ટક) | ૩૭ |
| ❖ સમારંભના ૩૬ ભેદો (કોષ્ટક) | ૩૮ |
| ❖ આરંભના ૩૬ ભેદો (કોષ્ટક) | ૩૯ |
| ❖ અજીવ અધિકરણના ભેદો | ૪૧ |

- **સૂત્ર-૧૦ :** निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः ........... ૪૧
- જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવો ............. ૫૩
- **સૂત્ર-૧૧ :** तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ............ ૫૩
- અસાતાવેદનીયકર્મના આશ્રવો ........................... ૫૫
- **સૂત્ર-૧૨ :** दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभय ........ ૫૫
- સાતાવેદનીયકર્મના આશ્રવો ............................ ૫૭
- **સૂત્ર-૧૩ :** भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादि योगः ........... ૫૭
- દર્શનમોહનીયકર્મના આશ્રવો ........................... ૫૯
- **સૂત્ર-૧૪ :** केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ........... ૫૯
- ચારિત્રમોહનીયકર્મના આશ્રવો .......................... ૬૧
- **સૂત્ર-૧૫ :** कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ............ ૬૧
- નરકગતિઆયુષ્યના આશ્રવો .............................. ૬૪
- **સૂત્ર-૧૬ :** बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ............... ૬૪
- તિર્યંચગતિઆયુષ્યના આશ્રવો ............................ ૬૫
- **સૂત્ર-૧૭ :** माया तैर्यग्योनस्य ............................ ૬૫
- મનુષ્યગતિઆયુષ્યના આશ્રવો ............................ ૬૫
- **સૂત્ર-૧૮ :** अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं .............. ૬૫
- નરક-તિર્યંચ-મનુષ્યગતિઆયુષ્યના સમુદિત આશ્રવો ........... ૬૬
- **સૂત્ર-૧૯ :** निःशीलव्रतत्वं च सर्वेषाम् ....................... ૬૬
- દેવગતિઆયુષ્યના આશ્રવો ............................... ૬૭
- **સૂત્ર-૨૦ :** सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि ......... ૬૭
- અશુભનામકર્મના આશ્રવો ............................... ૭૧
- **સૂત્ર-૨૧ :** योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ............. ૭૧
- શુભનામકર્મના આશ્રવો ................................ ૭૨
- **સૂત્ર-૨૨ :** विपरीतं शुभस्य ................................ ૭૨
- તીર્થંકરનામકર્મના આશ્રવો ............................. ૭૩

- **સૂત્ર-૨૩ : दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं** ... ૭૩
  - (૧) દર્શનશુદ્ધિ ........ ૭૯
  - (૨) વિનયસંપન્નતા ........ ૭૯
  - (૩) શીલવ્રતોમાં અતિચારનો અભાવ ........ ૭૯
  - (૪) વારંવાર જ્ઞાનોપયોગ ........ ૮૦
  - (૫) વારંવાર સંવેગ ........ ૮૦
  - (૬) યથાશક્તિ ત્યાગ ........ ૮૦
  - (૭) યથાશક્તિ તપ ........ ૮૦
  - (૮) સંઘસમાધિકરણ ........ ૮૦
  - (૯) સાધુવૈયાવૃત્ત્યકરણ ........ ૮૧
  - (૧૦) અરિહંત-આચાર્ય-બહુશ્રુત-પ્રવચનની ભક્તિ ........ ૮૧
  - (૧૧) આવશ્યક અપરિહાણી ........ ૮૧
  - (૧૨) માર્ગપ્રભાવના ........ ૮૨
  - (૧૩) પ્રવચનવાત્સલ્ય ........ ૮૩
- નીચગોત્રકર્મના આશ્રવો ........ ૮૫
- **સૂત્ર-૨૪ : परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च** ........ ૮૫
- ઉચ્ચગોત્રકર્મના આશ્રવો ........ ૮૭
- **સૂત્ર-૨૫ : तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य** ........ ૮૭
- અંતરાયકર્મના આશ્રવો ........ ૮૯
- **સૂત્ર-૨૬ : विघ्नकरणमन्तरायस्य** ........ ૮૯
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ........ ૯૨

## છટ્ઠો અધ્યાય

कायवाङ्मन कर्म योगः ॥६-१॥

स आश्रवः ॥६-२॥

शुभः पुण्यस्य ॥६-३॥

अशुभः पापस्य ॥६-४॥

सकषायाकषाययोः सांपरायिकेर्यापथयोः ॥६-५॥

अव्रत-कषायेन्द्रिय-क्रियाः पञ्चचतुःपञ्चपञ्चविंशतिसङ्ख्याः पूर्वस्य भेदाः ॥६-६॥

तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषात् तद्विशेषः ॥६-७॥

अधिकरणं जीवाजीवाः ॥६-८॥

आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतिकषायविशेषै-स्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥६-९॥

निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परं ॥६-१०॥

तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥६-११॥

दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ॥६-१२॥

भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादि योगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥६-१३॥

केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥६-१४॥

कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥६-१५॥

बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ॥६-१६॥

माया तैर्यग्योनस्य ॥६-१७॥

अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ॥६-१८॥

निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥६-१९॥

सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि दैवस्य ॥६-२०॥

योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥६-२१॥

विपरीतं शुभस्य ॥६-२२॥

दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी संघसाधुसमाधिवैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिर्मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥६-२३॥

परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥६-२४॥

तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥६-२५॥

विघ्नकरणमन्तरायस्य ॥६-२६॥

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## છઠ્ઠો અધ્યાય

**भाष्यावतरणिका—** अत्राह- उक्ता जीवाजीवाः अथास्रवः क इत्यास्रवप्रसिद्ध्यर्थमिदं प्रक्रम्यते—

**ભાષ્યાવતરણિકાર્થ—** અહીં જિજ્ઞાસુ કહે છે- તમે જીવ અને અજીવ દ્રવ્યનું વર્ણન કર્યું. હવે આસ્રવ શું છે ? એ પ્રશ્નનું સમાધાન કરવા આસ્રવતત્ત્વનું વર્ણન કરવા આ(પ્રકરણ)નો આરંભ કરાય છે—

**टीकावतरणिका—** अधुना षष्ठ आरभ्यते, तत्र चायं सम्बन्धग्रन्थः- 'अत्राहे'त्यादि अत्र जीवादिपदार्थसप्तके आह परः उक्ता जीवाजीवाः द्रव्यतः पर्यायतश्च, अथाश्रवस्तदनन्तरोपन्यस्तः क इति ?—

**ટીકાવતરણિકાર્થ—** હવે છઠ્ઠો અધ્યાય શરૂ કરવામાં આવે છે. તેમાં આગળના સૂત્રની સાથે સંબંધ જોડનારો ગ્રંથ આ છે- 'अत्राह' इत्यादि, જીવાદિ સાત પદાર્થોમાં બીજો(પ્રશ્નકાર) કહે છે કે, (આપે) જીવ-અજીવ પદાર્થો દ્રવ્યથી અને પર્યાયથી કહ્યા. હવે જીવ-અજીવ પછી ઉલ્લેખ કરાયેલ આશ્રવ પદાર્થ શો છે ? = આશ્રવ કોને કહેવાય ?

**યોગનું સ્વરૂપ—**

**काय-वाङ्-मनःकर्म योगः ॥६-१॥**

**સૂત્રાર્થ—** કાયા, વચન અને મનની ક્રિયા યોગ છે. (૬-૧)

**भाष्यं—** कायिकं कर्म वाचिकं कर्म मानसं कर्म इत्येष त्रिविधो योगो भवति। कायात्मप्रदेशपरिणामो गमनादिक्रियाहेतुः काययोगः। भाषायोग्य-पुद्गलात्मप्रदेशपरिणामो वाग्योगः । मनोयोग्यपुद्गलात्मप्रदेशपरिणामो मनोयोगः। स एकशो द्विविधः। शुभश्चाशुभश्च। तत्राशुभो हिंसास्तेयाब्रह्मादीनि कायिकः । सावद्यानृतपरुषपिशुनादीनि वाचिकः । अभिध्याव्यापादेर्ष्या-सूयादीनि मानसः ॥ अतो विपरीतः शुभ इति ॥६-१॥

**ભાષ્યાર્થ–** કાયાનો વ્યાપાર, વચનનો વ્યાપાર અને મનનો વ્યાપાર એમ ત્રણ પ્રકારના વ્યાપારને કર્મયોગ કહેવાય છે. એકેક કર્મયોગના શુભ અને અશુભ એમ બે-બે પ્રકાર છે. તેમાં કાયાથી થતી હિંસા, ચોરી, અબ્રહ્મ વગેરે પ્રવૃત્તિ અશુભકાયયોગ છે. સાવદ્ય, જૂઠ, કઠોર બોલવું, ચાડીચુગલી વગેરે સ્વરૂપ વચનની પ્રવૃત્તિ અશુભવચનયોગ છે. બીજાનો અપકાર થાય તેવું મનમાં વિચારવું, બીજાનું મરણ ચિંતવવું, બીજાના ગુણો અને વૈભવ જોઇને મનમાં બળવું, બીજાના ગુણોને દોષરૂપે ચિંતવવા વગેરે અશુભમનોયોગ છે, આનાથી પ્રતિપક્ષ મન, વચન અને કાયાનો વ્યાપાર તે શુભયોગ છે. (૬-૧)

**टीका–** न जीवाजीवव्यतिरेकतोऽयमुपपद्यत इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'कायिक'मित्यादिना कायो-देहस्तत्प्रयोजनं कायिकं, कायेन वा निर्वृत्तं तत्र वा भवमिति, एवं वाचिकं मानसं च, इतिशब्दः कर्मेयत्ताप्रदर्शनार्थः, एष त्रिविधः-त्रिप्रकारो योगो भवति सामान्येन, विशेषतस्तु पञ्चदशविधः, काययोगस्य औदारिकादिभेदेन सप्तविधत्वाद् वाग्योगस्य च सत्यादिभेदेन चतुर्विधत्वात् मनोयोगस्य चेति, तथा चार्षम्-"ओरालियसरीरकायजोगे ओरालियमीससरीरकायजोगे वेउव्वि-असरीरकायजोगे वेउव्वियमिस्ससरीरकायजोगे आहारगसरीरकायजोगे आहारगमीससरीरकायजोगे कम्मणसरीरकायजोगे सच्चवइजोगे असच्च-वइजोगे सच्चामोसवइजोगे असच्चामोसवयजोगे, एवं सच्चमणजोगे" इत्यादि, तत्रौदारिकादिशरीरयुक्तस्यात्मनो योगः-वीर्यपरिणतिविशेषः काययोगः, तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यसमूहसाचि-व्याज्जीवव्यापारो वाग्योगः, एवमौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृत-मनोद्रव्यसमूहसाचिव्याज्जीवपरिणामो मनोयोगः, 'स एकश' इत्यादि स त्रिविधो योगः, स एकश इत्येकैकः कायादियोगः द्विविधो-द्विभेदः शुभोऽशुभश्च शुभं-पुण्यं सातादि सकलकर्मक्षयो वा तद्धेतुत्वाच्छुभः

एवमशुभं-पापमसातादि संसारो वा तद्धेतुत्वादशुभः, चशब्दोऽपरि-कल्पितत्वेनोभयोस्तात्त्विकत्वज्ञापनार्थः,

तत्राशुभः संवेगनिबन्धनत्वादादावुच्यते, स च हिंसास्तेयाब्रह्मादीनि कायिको हिंसादीनि वक्ष्यमाणानि 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसे' त्यादिना, अयं च कायप्रधानत्वात् कायिकः, केवलोऽप्ययमसंज्ञिमत्स्या-दीनां प्रवचने सिद्ध इति,

वाचिकमाह-सावद्यानृतपरुषपिशुनादीनि वाचिकः, वदनीयं वद्यं, न वक्तव्यं अवद्यं सहावद्येन सावद्यं, यथा हन्यतां तस्करोऽयं इत्यादि, अनृतम्-अयथार्थं अचौरे चौर इति प्रवचनं, परुषं-स्नेहरहितं, धिग्जाल्म इत्यादि, पिशुनं प्रीतिशून्यतापादनं परदोषसूचकत्वेन, आदिशब्दाद-सभ्यादिपरिग्रहः, अयमपि वाक्प्रधानत्वात् वाचिकः,

मानसमाह-अभिध्याव्यापादेर्ष्यासूयादीनि मानसः अयमपि मनः प्रधानत्वान्मानसत्वेऽभिद्रोहध्यानमभिध्या यथाऽस्मिन् मृते सुखं वत्स्यामी-त्यादि, सोपाय उत्सादनारम्भो व्यापादः, यथाऽस्त्यस्य रिपुः शक्तः एनं हन्तुमिति तं कोपयामीत्यादि, ईर्ष्या परगुणविभवाद्यक्षमा, सुभगे ! अयमस्यै रोचते तत् कथमियं दूष्येत्यादि, असूया क्रोधपरिणाम एव, यथाऽयं ते पिता गतासुकस्तनुरित्यादि, आदिशब्दात् मानमायादिग्रहः,

एवमशुभयोगमभिधायैतद्भेदमेव शुभमतिदिशन्नाह-'अतो विपरीतः शुभ' इति, अतः-अशुभयोगात् काययोगादेः विपरीतो-विसदृशः शुभ इति शुभो योगः, अहिंसास्तेयब्रह्मचर्यादिलक्षणः, एवमसावद्यागमपरिशुद्धं वचनं, एवमभिध्यादिव्यावृत्तं मन इति ॥६-१॥

**ટીકાર્થ–** કાયા, વચન અને મનની ક્રિયા યોગ છે. આ યોગ જીવ-અજીવ વિના ન ઘટે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'कायिकम्' ઇત્યાદિથી કહે છે- કાયિક કર્મ, વાચિક કર્મ અને માનસ કર્મ એમ ત્રણ પ્રકારનો યોગ છે. કાય એટલે શરીર. કાય જેનું પ્રયોજન

છે અથવા જે કાયથી નિવૃત્ત છે અથવા જે કાયમાં થયેલ છે તે કાયિક. (અર્થાત્ કાયા દ્વારા થતો યોગ કાયિકયોગ છે. આને સરળ ભાષામાં કાયયોગ કહેવામાં આવે છે. કાયાનો યોગ તે કાયયોગ.) આ પ્રમાણે વાચિક અને માનસ અંગે જાણવું. इति શબ્દ કર્મના પરિમાણને(=નિયત સંખ્યાને) બતાવવા માટે છે. આ પ્રમાણે ત્રણ પ્રકારનો યોગ છે.

'कायात्म' ઇત્યાદિ, કાયા અને આત્મપ્રદેશોનો પરિણામ કે જે ગમનાદિ ક્રિયાનો હેતુ છે તે કાયયોગ છે. ભાષાયોગ્ય પુદ્ગલો અને આત્મપ્રદેશોનો પરિણામ વચનયોગ છે. મનોયોગ્ય પુદ્ગલો અને આત્મપ્રદેશોનો પરિણામ મનોયોગ છે. (કાયા હોય પણ ક્રિયા કરવાનો આત્મપ્રદેશોનો પરિણામ ન હોય તો ક્રિયા ન થાય. આથી કાયા અને આત્મપ્રદેશોનો પરિણામ એ બંનેને કાયયોગ કહે છે. એ પ્રમાણે વચનયોગ અને મનોયોગમાં પણ સમજવું.)

ત્રણ પ્રકારનો યોગ સામાન્યથી છે, વિશેષથી પંદર પ્રકારનો છે. તે આ પ્રમાણે- કાયયોગ, ઔદારિકાદિ ભેદથી સાત પ્રકારનો છે. વાગ્યોગ સત્યાદિ ભેદથી ચાર પ્રકારનો છે. મનોયોગ સત્યાદિ ભેદથી ચાર પ્રકારનો છે. (પ્રાચીન) ઋષિઓએ કહ્યું છે કે, ઔદારિકશરીર કાયયોગ, ઔદારિક-મિશ્રશરીર કાયયોગ, વૈક્રિયશરીર કાયયોગ, વૈક્રિયમિશ્રશરીર કાયયોગ, આહારકશરીર કાયયોગ, આહારકમિશ્રશરીર કાયયોગ, કાર્મણશરીર કાયયોગ, સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ, સત્યામૃષા વચનયોગ, અસત્યામૃષા વચનયોગ, એ પ્રમાણે સત્ય મનોયોગાદિમાં જાણવું.

તેમાં ઔદારિક વગેરે શરીરથી યુક્ત આત્માનો યોગ=વીર્ય પરિણામ-વિશેષ તે કાયયોગ છે તથા ઔદારિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી લીધેલા વચનદ્રવ્યોના(=વચનવર્ગણાના દ્રવ્યોના) સમૂહની સહાયથી થતો જીવવ્યાપાર વચનયોગ છે. એ પ્રમાણે ઔદારિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી લીધેલા મનોદ્રવ્યના(=મનોવર્ગણાના દ્રવ્યોના) સમૂહની સહાયથી થતો જીવવ્યાપાર મનોયોગ છે.

स एकशः इत्यादि તે ત્રણ પ્રકારનો પ્રત્યેક કાયાદિયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે. સાતાદિ પુણ્ય શુભયોગ છે અથવા શુભ એટલે સઘળા કર્મોનો ક્ષય. કારણ કે શુભયોગ સઘળા કર્મોના ક્ષયનું કારણ છે. એ પ્રમાણે અસાતાદિ પાપ અશુભયોગ છે. અથવા અશુભ એટલે સંસાર. કારણ કે અશુભયોગ સંસારનું કારણ છે. च શબ્દ શુભ અને અશુભ એ બે યોગ કાલ્પનિક નથી પણ તાત્ત્વિક છે એમ જણાવવા માટે છે.

તે બેમાં અશુભયોગ સંવેગનું કારણ હોવાથી પ્રથમ કહેવાય છે. હિંસા, ચોરી[1] અને અબ્રહ્મ વગેરે કાયિક અશુભયોગ છે. હિંસા વગેરે પણ હવે અ.૭ સૂ.૮ વગેરેમાં કહેવાશે. આ યોગ કાયાની પ્રધાનતાવાળો હોવાથી કાયિક છે. કેવળ પણ કાયયોગ અસંજ્ઞી મત્સ્યાદિને હોય છે એમ પ્રવચનમાં પ્રસિદ્ધ છે.

હવે વાચિકયોગને કહે છે- સાવદ્ય, અસત્ય, અનૃત, પિશુન વગેરે બોલવું તે વાચિક અશુભયોગ છે. જે બોલવા યોગ્ય હોય તે વદ્ય છે. જે બોલવા યોગ્ય નથી તે અવદ્ય છે. અવદ્યથી સહિત તે [2]સાવદ્ય. જેમકે આ ચોરને હણો વગેરે. અનૃત એટલે યથાર્થ(=સાચું) ન હોય તેવું. જેમકે જે ચોર નથી તેને ચોર કહેવો. પરુષ એટલે સ્નેહરહિત(=કઠોર). જેમકે હે જાલ્મ(=ઘાતકી) ! તને ધિક્કાર થાઓ વગેરે. પિશુન એટલે પ્રીતિની શૂન્યતાને પ્રાપ્ત કરવી. કેમકે પિશુનમાં પરદોષોનું સૂચન કરાય છે. આદિ શબ્દથી અસભ્યવચન વગેરેનું ગ્રહણ કરવું. આ પણ વાણીની પ્રધાનતા-વાળું હોવાથી વાચિક છે.

માનસ યોગને કહે છે- અભિધ્યા, વ્યાપાદન, ઈર્ષ્યા અને અસૂયા વગેરે અશુભ માનસ યોગ છે. આ પણ મનની પ્રધાનતાવાળો હોવાથી માનસ યોગ છે. અભિધ્યા એટલે અપકારનું ચિંતન. જેમકે આ મરે છતે હું સુખપૂર્વક રહીશ ઈત્યાદિ. વ્યાપાદ એટલે ઉપાય સહિત અન્યને

૧. અસત્યનો વચનયોગમાં સમાવેશ કર્યો હોવાથી અહીં કહ્યું નથી.

૨. અવદ્ય એટલે પાપ. પાપથી સહિત તે સાવદ્ય.

મારવાનો આરંભ કરવો. જેમકે આનો શત્રુ આને મારવા માટે સમર્થ છે માટે તેને તેના ઉપર ગુસ્સો કરાવું વગેરે. ઈર્ષ્યા એટલે પરના ગુણો અને વૈભવ વગેરે સહન ન થવું. જેમકે હે પ્રિયે ! આ(યુવાન) આ(યુવતિ)ને ગમે છે તેથી કોઈપણ રીતે આ(યુવતિ)ને દૂષિત કરવી જોઈએ. અસૂયા એ ક્રોધનો પરિણામ જ છે. જેમકે આ તારો પિતા જેમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે તેવું શરીર છે, અર્થાત્ તારો પિતા પ્રાણ વિનાનું શરીર છે. આદિ શબ્દથી માન અને માયા વગેરેનું ગ્રહણ કરવું.

આ પ્રમાણે અશુભયોગને કહીને યોગના જ ભેદ એવા શુભની ભલામણ કરતા કહે છે- અશુભ કાયયોગાદિથી વિપરીત યોગ શુભયોગ છે. અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય વગેરે શુભ કાયયોગ છે. એ પ્રમાણે અસાવદ્ય અને આગમથી પરિશુદ્ધ વચન શુભ વચનયોગ છે. અભિધ્યા (=અપકાર ચિંતન) આદિથી પાછું ફરેલું મન શુભ મનોયોગ છે. (૬-૧)

**टीकावतरणिका–** एवं शुभाशुभं योगमभिधाय साश्रवत्वमभि-धातुमाह–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે શુભાશુભયોગને કહીને હવે આશ્રવને જણાવવા માટે કહે છે–

**આશ્રવનું નિરૂપણ–**

**स आश्रवः ॥६-२॥**

**સૂત્રાર્થ–** તે(=યોગ) આશ્રવ છે. (૬-૨)

**भाष्यं–** स एष त्रिविधोऽपि योग आस्रवसंज्ञो भवति । शुभाशुभयोः कर्मणोरास्रवणादास्रवः । सरःसलिलावाहिनीर्वाहिस्रोतोवत् ॥६-२॥

**ભાષ્યાર્થ–** તે આ ત્રણેય પ્રકારનો યોગ આશ્રવસંજ્ઞાવાળો છે, અર્થાત્ આ ત્રણેય પ્રકારનો યોગ આશ્રવ કહેવાય છે. સરોવરના પાણીના આવવાના અને નીકળવાના માર્ગની જેમ જીવના શુભ અને અશુભ કર્મને આવવાના અને નીકળવાના માર્ગને આશ્રવ કહેવાય છે. (૬-૨)

**टीका–** प्रकटसमुदायार्थमेव, एतद् व्याचष्टे 'स एष' इत्यादिना स एष इत्यनेन प्रागुद्दिष्टनिर्देशः, त्रिविधो योग इति तिस्रो विधा यस्य स तथाविधः, अपिशब्दः समुच्चये, एकोऽपि समुदायोऽपि योगः कायादिव्यापारः, किमिति ?, आश्रवसंज्ञो भवति, आश्रवः संज्ञा इत्याश्रवसंज्ञो भवतीत्यर्थः,

एनमेवाह-'शुभे'त्यादिना शुभाशुभे-पुण्यापुण्ये कर्मणी पुद्गलात्मके वक्ष्यमाणलक्षणे तयोः कर्मणोराश्रवणाद् ग्रहणात् तेन क्रियाविशेषेणो-पादानात् स तादृशः क्रियाकलाप आश्रवः, तथापरिणतो जीवः कर्मादत्ते-ऽन्यथा त्वभाव एव कर्मबन्धस्येति,

स च द्रव्यभावभेदाद् द्विप्रकारः आश्रवः, तत्र द्रव्याश्रवप्रदर्शनेन भावाश्रवं प्रतिपादयन्नाह-सरःसलिलावाहिनिर्वाहिश्रोतोवदिति सलिलमा-वहति तच्छीला च सलिलावाहि तथा सलिलनिर्वाहि सलिलावाहि-निर्वाहिनी च स्रोतसी चेति सलिलावाहिनिर्वाहिश्रोतसी तस्यास्तुल्य आश्रवः, सलिलावाहिनिर्वाहिश्रोतो विवरं-रन्ध्रं, कस्य सम्बन्धि ?-सरसः तडागस्य, किंप्रयोजनं तत् स्रोतः ?, सलिलवाहि-सलिलप्रवेशः प्रयोजनं, एवं सलिलनिर्गमप्रयोजनं सलिलनिर्वाहि, तद्वदाश्रवोऽप्यात्मनः सरस्तुल्यस्य सम्बन्धी तत्परिणामविशेषः कर्मसलिलस्य प्रवेशे निर्गमे च-निर्जरणे कारणमाश्रवः, कर्माण्याश्रवत्यनेनात्मनोऽपयन्ति चेत्यर्थः ॥६-२॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ જ છે. [આસ્રવ એટલે કર્મોનું ગ્રહણ કરવું. જેમ વ્યવહારમાં પ્રાણનું કારણ એવા અન્નને (ઉપચારથી) પ્રાણ કહેવામાં આવે છે. તેમ અહીં કર્મોને ગ્રહણ કરવાના કારણને પણ આસ્રવ કહેવામાં આવે છે. જેમ બારીદ્વારા મકાનમાં કચરો આવે છે તેમ યોગદ્વારા આત્મામાં કર્મો આવે છે.]

આને ભાષ્યકાર स एषः ઇત્યાદિથી કહે છે- તે આ ત્રણ પ્રકારનો યોગ આસ્રવરૂપ સંજ્ઞાવાળો છે, અર્થાત્ ત્રણ પ્રકારનો યોગ આશ્રવ છે. તે યોગ એકલો પણ કે સમુદાય રૂપ(=ત્રણે ભેગા) પણ આસ્રવસંજ્ઞાવાળો છે.

આને જ કહે છે- શુભાશુભ કર્મોને ગ્રહણ કરવાથી આસ્રવ છે. જે પુદ્‌ગલરૂપ છે અને જેમનું લક્ષણ હવે કહેવાશે તે પુણ્ય-પાપ કર્મોને જે ક્રિયાવિશેષથી ગ્રહણ કરે તે(=તેવો) ક્રિયા સમૂહ આસ્રવ છે. તેવા પ્રકારના પરિણામવાળો થયેલો જીવ કર્મને ગ્રહણ કરે છે. અન્યથા કર્મબંધનો અભાવ જ થાય.

તે આસ્રવ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનો છે. તેમાં દ્રવ્યઆસ્રવને બતાવવા દ્વારા ભાવઆસ્રવનું પ્રતિપાદન કરતા ભાષ્યકાર કહે છે- આસ્રવ સરોવરના જળપ્રવેશ-નિર્ગમવાળા છિદ્રની સમાન છે. જેમ સરોવરમાં એક છિદ્રદ્વારા પાણી આવે છે તો બીજા છિદ્રદ્વારા તેમાંથી પાણી નીકળે છે, તેમ સરોવર તુલ્ય આત્મામાં કર્મરૂપ જળના પ્રવેશમાં અને નિર્ગમમાં(=નિર્જરામાં) આત્મપરિણામવિશેષ કારણ છે અને તે આસ્રવ છે. આત્મપરિણામવિશેષથી કર્મો આત્મામાં પ્રવેશે છે અને આત્મામાંથી દૂર થાય છે. [આત્મપરિણામવિશેષ ભાવઆશ્રવ છે અને કર્મોનો પ્રવેશ દ્રવ્યઆશ્રવ છે.] (૬-૨)

**टीकावतरणिका–** अयं च–

**ટીકાવતરણિકાર્થ–** અને આ–

**શુભયોગ પુણ્યકર્મનો આશ્રવ છે એનો નિર્દેશ–**

## शुभः पुण्यस्य ॥६-३॥

**સૂત્રાર્થ–** શુભયોગ પુણ્યકર્મનો આસ્રવ છે. (૬-૩)

**भाष्यं–** शुभो योगः पुण्यस्यास्त्रवो भवति ॥६-३॥

**ભાષ્યાર્થ–** શુભયોગ પુણ્યનો આશ્રવ છે. (૬-૩)

**टीका–** एतद् व्याचष्टे, शुभपरिणामानुबन्धात् शुभः योगः-कायादि-व्यापारः पुण्यस्य सातसम्यक्त्वादेः आश्रवो भवति ॥६-३॥

**ટીકાર્થ–** આને ભાષ્યકાર કહે છે- શુભ પરિણામના સંબંધથી શુભયોગ થાય. શુભકાયાદિનો વ્યાપાર સાતા-સમ્યક્ત્વ વગેરે પુણ્યનો આસ્રવ છે. (૬-૩)

**અશુભયોગ પાપકર્મનો આશ્રવ છે એનો નિર્દેશ–**

**अशुभः पापस्य ॥६-४॥**

**સૂત્રાર્થ–** અશુભયોગ પાપકર્મનો આસ્રવ છે. (૬-૪)

**भाष्यं–** तत्र सद्वेद्यादि पुण्यं वक्ष्यते । शेषं पापमिति ॥६-४॥

**ભાષ્યાર્થ–** તેમાં સાતાવેદનીય વગેરે પુણ્ય કહેવાય છે. બાકીનું પાપ કહેવાય છે. (૬-૪)

**टीका–** एतद् व्याचष्टे-आश्रवो भवतीत्यनुवर्त्तमाने पुण्यपापलक्षण-मेवाह- 'तत्रे'त्यादिना तत्र-तयोः पुण्यपापयोः सद्वेद्यादि पुण्यं, वक्ष्यतेऽष्टमेऽध्याये 'सात(?सद्वेद्य)सम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायु-र्नामगोत्राणि पुण्य'मित्यादिना शेषं पापमिति (अ०८ सू०२६) उपर्युक्ताद् अन्यच्छेषम्-असातादि पापमुच्यत इति, सामर्थ्यसूत्रोपन्यासः स्पष्टार्थो विप्रतिपत्तिनिरासार्थश्च, पुण्यमेव कनिष्ठं पापमिति केचित्तन्न तथेति ॥६-४॥

**ટીકાર્થ–** આને કહે છે- 'આસ્રવ' પદ ઉપરના સૂત્રથી ચાલ્યું આવે છે. પુણ્ય-પાપના લક્ષણને જ 'तत्र' ઇત્યાદિથી કહે છે- પુણ્ય-પાપ એ બેમાં સાતાવેદનીય વગેરે પુણ્ય છે. પુણ્ય કર્મને આઠમા અધ્યાયમાં સાત-સમ્યક્ત્વ-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नाम-गोत्राणि पुण्यम् (અ.૮ સૂ.૨૬) ઇત્યાદિથી કહેશે. ઉપર્યુક્તથી બીજું અસાતા વગેરે પાપ કહેવાય છે.

**પૂર્વપક્ષ–** શુભયોગ પુણ્યનો આસ્રવ છે એમ કહેવાથી અશુભયોગ પાપનો આસ્રવ છે એમ સામર્થ્યથી નિશ્ચિત થઈ જાય છે. તો પછી अशुभः पापस्य એવા સૂત્રનો ઉલ્લેખ કરવાની જરૂર નથી.

**ઉત્તરપક્ષ–** સ્પષ્ટ અર્થ માટે અને વિવાદને દૂર કરવા માટે સૂત્રનો ઉલ્લેખ છે. કોઈક પુણ્યને જ હલકું કહે છે તો કોઈ પાપને હલકું કહે છે. પણ તે તે પ્રમાણે નથી. (૬-૪)

**टीकावतरणिका–** अयं च–

**ટીકાવતરણિકાર્થ–** અને આ(યોગ)–

**આશ્રવના બે ભેદ–**

**सकषायाकषाययोः सांपरायिकेर्यापथयोः ॥६-५॥**

**સૂત્રાર્થ–** સકષાય(=કષાય સહિત) આત્માનો યોગ સામ્પરાયિક કર્મનો આસ્રવ બને છે અને અકષાય(=કષાય રહિત) આત્માનો યોગ ઈર્યાપથ(=રસરહિત) કર્મનો આસ્રવ બને છે. (૬-૫)

**भाष्यं–** स एष त्रिविधोऽपि योगः सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोरास्रवो भवति, यथासङ्ख्यं यथासम्भवं च सकषायस्य योगः साम्परायिकस्य । अकषायस्येर्यापथस्यैवैकसमयस्थितेः ॥६-५॥

**ભાષ્યાર્થ–** તે આ ત્રણેય પ્રકારનો યોગ કષાયના ઉદયવાળાને સાંપરાયિક આશ્રવ થાય છે અને કષાયના ઉદય વિનાના જીવને ઈર્યાપથ આશ્રવ થાય છે. યથાસંખ્ય એટલે સકષાયીની સાથે સાંપરાયિકનો અને અકષાયીની સાથે ઈર્યાપથનો અન્વય કરવો. તથા યથાસંભવ અન્વય કરવો, (અર્થાત્ જે જીવને જેટલા યોગનો સંભવ હોય તેટલો યોગ અહીં ગ્રહણ કરવો. જેમકે એકેન્દ્રિય જીવોને કાયયોગનો જ સંભવ છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિયને કાય અને વચનયોગનો સંભવ છે. સંજ્ઞિપંચેન્દ્રિયને ત્રણેય યોગનો સંભવ છે.) (૬-૫)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थं त्वाह-'स एष' इत्यादिना स एष त्रिविधोऽपि योगः कायादिव्यापारादिलक्षणोऽधिकृतः, किमित्याह-सकषायाकषाययोः क्रोधादियुक्ततद्रहितयोः प्राणिनोः कर्त्रोरित्यर्थः, किमित्याह-साम्परायिकेर्यापथयोः कर्मणोराश्रवो भवति, तत्र सम्परैत्यस्मिन्नात्मेति सम्परायः-संसारः, समित्ययं समन्ताद्भावे संकीर्णादिवत्, परा भृशार्थे पराजयतिवत्, सम्परायः प्रयोजनमस्य कर्मणः साम्परायिकं-संसारपरिभ्रमणहेतुः

ईरणमीर्या-गतिरागमानुसारिणी विहितप्रयोजने सति परस्ताद्युगमात्रदृष्टिः स्थावरजङ्गमानि भूतानि परिवर्जयन् अप्रमत्तः शनैर्यायात् तपस्वीति सैवंविधा या [१]गतिः पन्था-मार्गः प्रवेशो यस्य कर्मणः तदीर्यापथम्, एवंविधगत्युपादानं कर्म, साम्परायिकईर्यापथयोः समासः तयोराश्रवो भवति यथासङ्ख्यमिति यथाक्रमं, न व्यत्ययेन, यथासम्भवं चेति यस्य यावान् योगः सम्भवत्येकेन्द्रियादेः,

यथासङ्ख्यमेवाह-सकषायस्य योगः साम्परायिकस्याश्रवः, यथा-सम्भवं कषायोत्कर्षादिभेदात्, अकषायस्येर्यापथस्यैवाश्रवो, न साम्परायिकस्य, तस्याप्येकसमयस्थितिः एकस्मिन् समये [२]मध्यम एव स्थितिः-अवस्थानं यस्य कर्मण इति भाषितपुंस्कत्वादेवं निर्देशः, तथा चागमः-'पढमसमए बद्ध'मित्यादि, आह-यद्येवं कथमेतत् यदुक्तं-

उच्चालिअम्मि पाए इरिआसमिअस्स संकमट्ठाए ।
वावज्जेज्ज कुलिंगी मरेज्ज तं जोगमासज्ज ॥१॥
न य तस्स तण्णिमित्तो बंधो सुहुमोवि देसिओ समए ।
सुद्धस्स उ संपत्ती अफला भणिआ जिणवरेहिं ॥२॥"

इत्यादि, उच्यते, अप्रमादप्रसङ्गपरमेतत्, एवम्भूताया अवस्थाया अबन्धकारणत्वेन, यथा "एक्कोऽवि नमुक्कारो जिणवरवसहस्से"त्यादि, इत्थं चैतत्, अप्रमत्तसंयतानामप्यष्टमौहूर्तिकबन्धश्रुतेः, यथोक्तं-

अपमत्तसंजयाणं, बंधठिती होइ अट्ठ उ मुहुत्ता ।
उक्कोसेण जहण्णा, भिन्नमुहुत्तं तु विण्णेया ॥१॥
जे उ पमत्ताणाउट्टियाए बंधंति तेसिं बंधठिई ।
संवच्छराणि अट्ठ उ, उक्कोसिअरा मुहुत्तंतो ॥२॥

इत्यादि ॥६-५॥

१. गतिरत्रोपलक्षणमात्रं, योगमात्रप्रत्ययत्वात् गच्छतस्तिष्ठतो वा त्रिसमयस्थितिको भवत्यकषायस्य बन्धः ।

२. मध्यमेऽवस्थितिः इति पाठान्तरम् ।

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો स एष ઇત્યાદિથી કહે છે. તે આ પ્રસ્તુત કાયવ્યાપારાદિ રૂપ ત્રણેય પ્રકારનો યોગ સકષાય જીવનો=ક્રોધાદિથી યુક્ત જીવનો[1] સાંપરાયિક કર્મનો આસ્રવ થાય છે, અકષાય જીવનો=કષાયરહિત જીવનો એક સમયની સ્થિતિવાળો ઈર્યાપથ કર્મનો આસ્રવ થાય છે.

**સામ્પરાયિક શબ્દનો અર્થ–** આમાં(=ચાર ગતિમાં) આત્મા ચોતરફ ઘણું જાય છે=ભમે છે એથી સમ્પરાય કહેવાય છે. સમ્પરાય એટલે સંસાર. सम्परैति એવા રૂપમાં सम् અને परा એમ બે ઉપસર્ગ છે. તેમાં सम् અવ્યયનો 'ચોતરફ હોવું' એવો અર્થ છે. જેમકે संकीर्ण વગેરે શબ્દ. (આ ઘર સંકીર્ણ છે=ચોતરફ માણસો વગેરેથી ભરાયેલું છે.) परा અવ્યયનો 'ઘણું' એવો અર્થ છે. જેમકે पराजयति=ઘણું જય પામે છે.

સામ્પરાયિક કર્મનું પ્રયોજન સંસાર છે તેથી સામ્પરાયિક કહેવાય છે. (અહીં सम्पराय શબ્દને પ્રયોજન અર્થમાં તદ્ધિતનો इकण् પ્રત્યય લાગવાથી 'સામ્પરાયિક' શબ્દ બન્યો છે.) સામ્પરાયિક કર્મ એટલે સંસારમાં પરિભ્રમણનું કારણ એવું કર્મ. (સામ્પરાયિક કર્મ સંસારમાં પરિભ્રમણ કરાવે છે.)

**ઈર્યાપથ શબ્દનો અર્થ–** જવું તે ઈર્યા, અર્થાત્ ઈર્યા એટલે ગતિ. અહીં આગમને અનુસરનારી ગતિ સમજવી, અર્થાત્ આગમમાં જેવી ગતિ કહી છે તેવી ગતિ સમજવી. તે આ પ્રમાણે- (૧) શાસ્ત્રોક્ત પ્રયોજન હોય ત્યારે, આગળ યુગપ્રમાણ[2] દૃષ્ટિ રાખીને પગ નીચે ન આવી જાય તે રીતે સ્થાવર-જંગમ જીવોને છોડતો અપ્રમત્ત સાધુ ધીમે ધીમે જાય, આવી ગતિ અહીં સમજવી. पन्था એટલે માર્ગ. માર્ગ એટલે પ્રવેશ. આવી ગતિ પ્રવેશ છે જે કર્મનો તે ઈર્યાપથ કર્મ. एवंविधगत्युपादानं कर्म=આવા પ્રકારની ગતિ ઉપાદાન છે જે કર્મની તે ઈર્યાપથકર્મ છે.

---

૧. कर्त्रोः એટલે કરનારાઓનો=કર્મબંધ કરનારાઓનો.

૨. યુગ એટલે બળદોને ગાડામાં જોડવાની ધોંસરી. ધોંસરી ૪ હાથ પ્રમાણ હોય છે. युगमात्रं=चतुर्हस्तप्रमाणं शकटोर्द्धिसंस्थितम् (આચા.શ્રુ.૨ અ.૩ ઉ.૧ સૂ.૧૧૫)

સકષાય અને અકષાય જીવનો યોગ યથાસંખ્ય અને યથાસંભવ સામ્પરાયિક અને ઈર્યાપથ કર્મનો આસ્રવ છે, અર્થાત્ સકષાય જીવને સાંપરાયિક અને અકષાય જીવને ઈર્યાપથ કર્મનો આસ્રવ હોય છે.

**યથાસંભવ–** એકેન્દ્રિયાદિ જીવોમાં જે જીવને જેટલો યોગ સંભવે તેને તેટલા યોગ પ્રમાણે આસ્રવ થાય. (જેમકે- એકેન્દ્રિય જીવને કેવળ કાયયોગ હોય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને કાય અને વચન એ બે યોગ હોય. સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને ત્રણ યોગ હોય, અકષાય, સંજ્વલન કષાયવાળા, ઉપશાંત કષાય અને ક્ષીણમોહ જીવોને ત્રણ યોગ હોય. કેવળીને વચન અને કાય એમ બે યોગો હોય.)

સકષાય જીવનો યોગ સાંપરાયિક કર્મનો આશ્રવ છે. એમાં યથાસંભવ સમજવું. યથાસંભવ એટલે કષાયના ઉત્કર્ષાદિ ભેદ પ્રમાણે, અર્થાત્ કષાયોની તીવ્રતા-મંદતા પ્રમાણે આસ્રવ થાય.

અકષાયથી થતો આસ્રવ એક સમયની સ્થિતિવાળો છે=મધ્યમ સમયમાં રહે છે. આ વિશે पढमसमए बद्धम् ઇત્યાદિ આગમ પાઠ છે. (पढमे समये बद्धपुट्ठा बितिए समये वेदिता ततिए समये निजिण्णा सेआले अकम्मं वावि भवति=પહેલા સમયે સ્પૃષ્ટબંધ થાય, બીજા સમયે કર્મ વેદાય=ભોગવાય, ત્રીજા સમયે નિર્જરા થાય, ભવિષ્યકાળે આત્મા કર્મરહિત થાય.)

**પ્રશ્ન–** જો આ પ્રમાણે છે તો આ (નીચે મુજબ) જે કહ્યું છે તે કેવી રીતે ઘટે ? અર્થાત્ નીચે મુજબના કથનની સાથે એનો વિરોધ આવે છે.

"ઈર્યાસમિતિમાં ઉપયુક્ત સાધુ જવા માટે પગ ઉપાડે ત્યારે સહસા તેના પગ નીચે બેઇન્દ્રિય વગેરે જીવ આવી જાય. ઉપયુક્ત સાધુના વ્યાપારને પામીને ઘણી વેદનાને પામે અને મરી જાય. (શ્રાવક પ્ર.ગા.૨૨૩)

તે સાધુને બેઇન્દ્રિયાદિ જીવ મરવાના કારણે શાસ્ત્રમાં સૂક્ષ્મ પણ કર્મબંધ કહ્યો નથી. કારણ કે શુદ્ધ જીવને થતી કર્મપ્રાપ્તિને જિનેશ્વરોએ ફલરહિત કહી છે.

**ઉત્તર–** આ કથન અપ્રમાદની સિદ્ધિ માટે સર્વોત્તમ છે, અર્થાત્ આ કથન અપ્રમાદની સિદ્ધિ થાય એ માટે પ્રેરણા કરનારું છે. (અપ્રમાદની સિદ્ધિ થાય એ માટે અથવા અપ્રમાદનું મહત્ત્વ બતાવવા માટે) આવી અવસ્થાને બંધાભાવના કારણ તરીકે જણાવી છે. જેમકે- "જિનેશ્વરોમાં ઉત્તમ એવા શ્રી મહાવીર પ્રભુને કરાયેલો એક પણ નમસ્કાર નર કે નારીને સંસાર સમુદ્રથી તારે છે." જેમ આ કથન મહાવીર સ્વામીને(=અરિહંતને) કરેલા નમસ્કારનું મહત્ત્વ બતાવવા માટે છે, તેમ બંધાભાવનું કથન પણ અપ્રમાદનું મહત્ત્વ બતાવવા માટે છે. કારણ કે અપ્રમત્ત સાધુઓનો પણ આઠ મુહૂર્ત જેટલો બંધ સંભળાય છે. કહ્યું છે કે–

"સાતમા ગુણસ્થાને રહેલા અપ્રમત્ત સાધુઓને ઉત્કૃષ્ટથી આઠ મુહૂર્ત અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ થાય છે. (પંચા.૧૬ ગા.૪૩) છઠ્ઠા ગુણસ્થાને રહેલા પ્રમત્ત સાધુઓમાં જે સાધુઓ ઈરાદા વિના(=ઉત્સાહ વિના) પ્રાણાતિપાત આદિ વિરાધનામાં વર્તતા હોય ત્યારે તેમનો ઉત્કૃષ્ટથી આઠ વર્ષ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ થાય છે. (પંચા.૧૬ ગા.૪૪) (૬-૫)

**टीकावतरणिका–** आद्याश्रवभेदानभिधातुमाह–

**ટીકાવતરણિકાર્થ–** આસ્રવના પ્રથમ(=સાંપરાયિક) ભેદને કહેવા માટે કહે છે–

**સાંપરાયિક આશ્રવના ભેદો–**

**अव्रत-कषायेन्द्रिय-क्रियाः पञ्च-चतुः-पञ्च-पञ्चविंशति-सङ्ख्याः पूर्वस्य भेदाः ॥६-६॥**

**સૂત્રાર્થ–** ૫ અવ્રત, ૪ કષાય, પાંચ ઈન્દ્રિયો, ૨૫ ક્રિયા એમ કુલ ૩૯ ભેદો સાંપરાયિક આસ્રવના છે. (૬-૬)

**भाष्यं–** पूर्वस्येति सूत्रक्रमप्रामाण्यात्साम्परायिकस्याह । साम्परायिकस्यास्रवभेदाः पञ्च चत्वारः पञ्च पञ्चविंशतिरिति भवन्ति । पञ्च हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहाः । 'प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा'

इत्येवमादयो वक्ष्यन्ते । चत्वारः क्रोधमानमायालोभा अनन्तानुबन्ध्यादयो वक्ष्यन्ते । पञ्च प्रमत्तस्येन्द्रियाणि । पञ्चविंशतिः क्रियाः । तत्रेमे क्रिया-प्रत्यया यथासङ्ख्यं प्रत्येतव्याः । तद्यथा-सम्यक्त्वमिथ्यात्वप्रयोग-समादानेर्यापथाः कायाधिकरणप्रदोषपरितापनप्राणातिपाताः दर्शनस्पर्शन-प्रत्ययसमन्तानुपातानाभोगाः स्वहस्तनिसर्गविदारणानयनावकाङ्क्षा आरम्भपरिग्रहमायामिथ्यादर्शनाप्रत्याख्यानक्रिया इति ॥६-६॥

**ભાષ્યાર્થ–** पूर्वस्य એટલે સૂત્રમાં બતાવેલા ક્રમ પ્રમાણે સાંપરાયિક આશ્રવના (ભેદોને પ્રથમ કહે છે.) સાંપરાયિક આશ્રવના પાંચ, ચાર, પાંચ અને પચ્ચીસ (કુલ ઓગણચાલીશ) ભેદો છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ અવ્રતના ભેદો છે. પ્રમાદયોગથી પ્રાણનો નાશ કરવો તેને હિંસા કહેવાય છે. ઈત્યાદિ આસ્રવો આગળ કહેવામાં આવશે. અનંતાનુબંધિ વગેરે ભેદથી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો આગળ કહેવાશે. પ્રમાદી જીવની પાંચેપાંચ ઈન્દ્રિયો આશ્રવ છે. પચ્ચીશ પ્રકારની ક્રિયાઓ આશ્રવ છે.

तत्र એટલે સાંપરાયિક કર્મથી થનારા આશ્રવભેદોમાં. તે આશ્રવભેદોમાં ક્રિયા પ્રત્યયો=ક્રિયાકારણો યથાસંખ્ય જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે-સમ્યક્ત્વ, મિથ્યાત્વ, પ્રયોગ, સમાદાન, ઈર્યાપથ, કાયા, અધિકરણ, પ્રદોષ, પરિતાપન, પ્રાણાતિપાત, દર્શન, સ્પર્શન, પ્રત્યય, સમન્તાનુપાત, અનાભોગ, સ્વહસ્ત, નિસર્ગ, વિદારણ, આનયન, અવકાંક્ષા, આરંભ, પરિગ્રહ, માયા, મિથ્યાદર્શન, અપ્રત્યાખ્યાનક્રિયા. (૬-૬)

**टीका–** पञ्च चत्वारः पञ्च पञ्चविंशतिश्च सङ्ख्या येषां हिंसादिभेदानां ते तथाविधाः पूर्वस्य भेदाः साम्परायिकाश्रवस्येति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'पूर्वस्ये'त्यादिना पूर्वस्य प्रथमस्य, प्राथम्यं च सूत्रक्रमप्रामाण्यात् तत्परिपाटिमधिकृत्य साम्परायिकस्येत्याह, एतदेवाह-साम्परायिकस्य कर्मणः आश्रवभेदाः, किमित्याह-पञ्च चत्वारः पञ्च पञ्चविंशतिरिति भवन्ति,

एतानेव दर्शयति 'पञ्चे'त्यादिना, पञ्च हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहा एव आश्रवभेदाः, एते च सप्तमेऽध्याये वक्ष्यमाणाः, तानुपलक्षयति "प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसे"त्येवमादय आश्रवभेदाः वक्ष्यन्ते सप्तमेऽध्याये, तथा चत्वारः क्रोधमानमायालोभाः कषायाः अनन्तानुबन्ध्यादयो वक्ष्यन्ते अभिधास्यन्ते, एवं पञ्च प्रमत्तस्येन्द्रियाण्याश्रवभेदाः, एतानि प्रतिपादितान्येव स्पर्शादीनि, तथा पञ्चविंशतिः क्रिया आश्रवभेदाः,

'तत्रे'त्यादि 'तत्र' तेषु साम्परायिककर्माश्रवभेदेषु 'इमे' वक्ष्यमाणलक्षणाः 'क्रियाप्रत्यया' इति क्रिया एव प्रत्ययः कारणं, तत्र सम्यक्त्वक्रिया सम्यक्त्वं च-मोहशुद्धदलिकानुभवः प्रायेण तत्प्रवृत्ता क्रिया सम्यक्त्वक्रिया, अतो विपरीतं मिथ्यात्वं, तदपि त्रिविधं-अभिगृहीतानभिगृहीतसन्देहभेदेन, तत्क्रिया तत्त्वार्थाश्रद्धानरूपा, अभिगृहीता [1]अतथाऽभिनिविष्टानां, अनभिगृहीता[ऽनभ्युपगतदेवताविशेषाणां तत्त्वार्थाश्रद्धानं, सन्दिग्धं मिथ्यात्वं प्रवचनोक्तमक्षरमर्थं पादं वा स्तोकमप्यश्रद्धानस्य भावतो यद् भवति- सिद्धसेनगणिरचितटीकानुसारेण] मनःप्रस्थानसंदिग्धप्रवचनैः अक्षरादिरूढानां, प्रयोगक्रिया विचित्रः कायादिव्यापारो वाचनादिः, समादानक्रिया चित्राभिग्रहणरूपा, ईर्यापथक्रिया तत्कर्मबन्धाय चेष्टा, 'एवं कायाधिकरणे'त्यादि, कायक्रिया द्विविधा-अनुपरतकायक्रिया दुष्प्रयुक्तकायक्रिया, आद्या मिथ्यादृष्टेः, द्वितीया प्रमत्तसंयतस्य, अधिकरणक्रियाऽपि द्विविधा निर्वर्त्तनसंयोजनभेदेन, निर्वर्त्तनं मूलोत्तरगुणानां, आद्यमौदारिकादीनां शरीराणां तत्कर्मसंधानादि चेतरत्, संयोजनं विषगरलादीनां, प्रदोषक्रिया द्विविधा-जीवाजीवप्रदोषभेदेन, परितापनक्रियाऽपि द्विधा-स्वपरपरितापनभेदात्, प्राणातिपातक्रियाऽप्येवं, स्वपरप्राणातिपातभेदात्, इह च क्रोधलोभमोहान् हेतूनभिदधति विद्वांसः, स्वःपुण्यक्रोधादेर्गिरिपातादिभावादिति, 'एवं

१. 'अ' अधिकं प्रतिभाति ।

दर्शने'त्यादि, दर्शनक्रिया द्विविधा–नृपनिर्याणादिगोचरा देवकुलादिगोचरा च, स्पर्शनक्रियाऽपि द्विधा–सुरादिस्पर्शविषया क्रकचपत्रादिस्पर्शविषया च, प्रत्ययक्रिया अपूर्वाद्युत्पादनेन, समन्तानुपातक्रिया अस्थण्डिलादौ भक्तादित्यागक्रिया, अनाभोगक्रिया अप्रत्युपेक्षिताप्रमार्जितदेशे शरीरोपकरणनिक्षेपः 'स्वहस्ते'त्यादि, स्वहस्तक्रियाऽभिमानाद् आरुषितेन चेतसा अन्यपुरुषं निवर्त्य या स्वहस्तेन क्रियते, निसर्गक्रिया चिरकालप्रवृत्तपरदेशिनि पापार्थे भावतोऽनुज्ञा, विदारणाक्रिया पराचरिताप्रकाशनीयसावद्यप्रकाशीकरणं, स्वयं नयनक्रिया अन्यैर्वाऽऽनायनं स्वच्छन्दतो नयनक्रिया। अनवकाङ्क्षाक्रिया द्विधा–स्वपरभेदतः। तत्र स्वानवकाङ्क्षा जिनोक्तेषु कर्तव्यविधिषु प्रमादवशवर्तितानादरः, तथा चानाद्रियमाणः परमपि नावकाङ्क्षतीति परानवकाङ्क्षाक्रियेति । 'आरम्भे'त्यादि आरम्भक्रिया–भूम्यादिकायोपघातलक्षणा, परिग्रहक्रिया तदर्जनरक्षणमूर्च्छालक्षणा, मायाक्रिया धर्मेऽपि मायाप्रधाना, मिथ्यादर्शनक्रिया तदनुमोदमानस्य, अप्रत्याख्यानक्रिया प्रमादात् तदग्रहणरूपा, इतिशब्दः साम्परायिकक्रियेयत्तावधारणार्थः,

एवमेताः क्रियाः पञ्चविंशतिः स्थूलस्थूलाकारा विस्तरभीत्याऽऽख्याताः साम्परायिककर्महेतवः, काश्चित् परस्परतः किञ्चिद्भेदभाजः काश्चिद्विभक्तार्थाः, संक्षेपतः कायवाङ्मनोदुश्चरितलक्षणाः, सूक्ष्मसूक्ष्मतरभूरिभेदा अपि भाष्यकारेण प्रदर्शिताः समस्तकायादिदुश्चरितकलापसङ्ग्रहाय, प्रवचनाभिज्ञेन तु युक्त्यागमाभ्यां विशेषेण व्याख्येया इति ॥६-६॥

**ટીકાર્થ–** પૂર્વના=સાંપરાયિક આશ્રવના પાંચ, ચાર, પાંચ અને પચીસ ભેદો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'પૂર્વસ્ય' ઇત્યાદિથી કહે છે- પૂર્વના એટલે પ્રથમના. પ્રથમપણું સૂત્રના ક્રમ પ્રમાણે છે. (સૂત્રમાં પ્રથમ ઉલ્લેખ સાંપરાયિકનો છે. આથી

०. गाथाया उत्तरार्धे–जम्हा सो अपमत्तो, सा उ पमाउत्ति निद्दिट्ठा इति पाठः ग्रन्थान्तरेषु ।

ભાષ્યકાર કહે છે-) સૂત્રના અનુક્રમને આશ્રયીને પૂર્વના એટલે સાંપરાયિકના એમ સૂત્રકાર કહે છે.

સાંપરાયિકને જ કહે છે- સાંપરાયિક કર્માસ્રવના પાંચ, ચાર, પાંચ અને પચીસ ભેદો છે.

આ ભેદોને જ पञ्च ઇત્યાદિથી બતાવે છે- હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ આ પાંચ આસ્રવ ભેદો છે. આ પાંચ ભેદો સાતમા અધ્યાયમાં કહેવાશે. આ પાંચ ભેદોને ભાષ્યકાર ઓળખાવે છે- પ્રમાદના યોગથી પ્રાણનો વિયોગ એ હિંસા છે. (અ.૭ સૂ.૮) ઇત્યાદિ આસ્રવભેદો સાતમાં અધ્યાયમાં કહેશે. તથા અનંતાનુબંધી આદિ ભેદવાળા ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો હવે કહેશે. પ્રમત્ત જીવના પાંચ ઇંદ્રિયો આસ્રવભેદો છે. આ પાંચ ઇંદ્રિયો સ્પર્શ વગેરે (અ.૨ સૂ.૨૧ માં) જણાવી જ છે. તથા પચીસ ક્રિયાઓ આસ્રવભેદો છે.

तत्र ઇત્યાદિ, સાંપરાયિક કર્માસ્રવ ભેદોમાં ક્રિયાપ્રત્યયો યથાસંખ્ય આ(=નીચે મુજબ) જાણવા. તે આ પ્રમાણે–

**(૧)સમ્યક્ત્વક્રિયા–** સમ્યક્ત્વ એટલે મોહનીય કર્મના શુદ્ધ દલિકોનો અનુભવ. પ્રાયઃ સમ્યક્ત્વથી પ્રવર્તેલી ક્રિયા સમ્યક્ત્વક્રિયા છે.

**(૨)મિથ્યાત્વક્રિયા–** સમ્યક્ત્વથી વિપરીત મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અભિગૃહીત, અનભિગૃહીત અને સંદેહ એમ ત્રણ પ્રકારનું છે. મિથ્યાત્વક્રિયા તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધાના અભાવરૂપ છે. (અર્થાત્ મિથ્યાત્વના કારણે થતી ક્રિયામાં શ્રદ્ધાનો અભાવ હોય છે.) અભિગૃહીત ક્રિયા તેવા પ્રકારના અભિનિવેશવાળા જીવોને હોય છે. અનભિગૃહીત ક્રિયા[1] તેવા પ્રકારના અભિનિવેશથી રહિત જીવોને હોય છે. સંદિગ્ધક્રિયા પ્રવચનોક્ત અક્ષરની, અર્થની કે પદની અલ્પ પણ શ્રદ્ધા નહિ કરનારા જીવને હોય છે.

---

૧. અહીં मनः प्रस्थान ઇત્યાદિ ટીકા પાઠ અશુદ્ધ જણાય છે. આથી અનુવાદમાં સિદ્ધસેન ગણિકૃત ટીકાનો ભાવ લખ્યો છે.

**(૩)પ્રયોગક્રિયા–** કાયા આદિનો વાચના વગેરે વિવિધ વ્યાપાર પ્રયોગક્રિયા છે. (અહીં મોક્ષના લક્ષથી રહિત આ લોક-પરલોક સંબંધી સુખની આશંસાવાળા જીવનો વ્યાપાર સમજવો.)

**(૪)સમાદાનક્રિયા–** સમાદાનક્રિયા વિવિધ પ્રકારના અભિગ્રહ સ્વરૂપ છે. (અહીં મોક્ષના લક્ષથી રહિત જીવના અભિગ્રહો સમજવા. કારણ કે આ ક્રિયા સાંપરાયિક કર્મનો આસ્રવ છે. મોક્ષના લક્ષવાળા જીવના અભિગ્રહો સાંપરાયિક કર્મનો આસ્રવ ન બને.)

**(૫)ઈર્યાપથક્રિયા–** ઈર્યાપિથ કર્મબંધ માટે થતી ચેષ્ટા ઈર્યાપથક્રિયા છે.

**(૬)કાયક્રિયા–** કાયક્રિયા અનુપરત અને દુષ્પ્રયુક્ત એમ બે પ્રકારે છે. તેમાં પહેલી અનુપરત કાયક્રિયા મિથ્યાદષ્ટિ જીવોને હોય છે. બીજી દુષ્પ્રયુક્ત કાયક્રિયા પ્રમત્ત સંયતને હોય છે.

**(૭)અધિકરણક્રિયા–** અધિકરણક્રિયા પણ નિર્વર્તન અને સંયોજનના ભેદથી બે પ્રકારે છે. નિર્વર્તન એટલે મૂલગુણ-ઉત્તરગુણોની રચના. તેમાં ઔદારિકાદિ શરીરોની રચના કરવી તે મૂલગુણ નિર્વર્તન છે. ઔદારિકાદિ શરીરોને ક્રિયામાં જોડવા તે ઉત્તરગુણ નિર્વર્તન છે. વિષ અને ગરલાદિનું (કોઇ વસ્તુની સાથે) સંયોજન કરવું તે ઉત્તરગુણ નિર્વર્તન છે.

**(૮)પ્રદોષક્રિયા–** જીવ-અજીવપ્રદોષના ભેદથી પ્રદોષક્રિયા બે પ્રકારે છે. (પુત્ર, સ્ત્રી, વગેરે સ્વજન પરજન ઉપર દ્વેષ કરવો તે જીવ પ્રદોષક્રિયા છે. ક્રોધની ઉત્પત્તિમાં નિમિત્ત બનનારા કાંટો, પથ્થર વગેરે ઉપર દ્વેષ કરવો એ અજીવ પ્રદોષક્રિયા છે.)

**(૯)પરિતાપનક્રિયા–** પરિતાપનક્રિયા પણ સ્વપરિતાપ અને પરપરિતાપ એમ બે પ્રકારે છે. (દુઃખથી અતિશય દુઃખી બનેલો જીવ શરીરનું તાડન કરે, માથું પછાડે વગેરે રીતે પોતાના શરીરને પરિતાપ ઉપજાવે છે તે સ્વપરિતાપ ક્રિયા છે. પુત્ર, સ્ત્રી, શિષ્યાદિને મારવું એ પરપરિતાપ ક્રિયા છે.)

**(૧૦)પ્રાણાતિપાતક્રિયા–** પ્રાણાતિપાતક્રિયા પણ સ્વ-પર પ્રાણાતિપાતના ભેદથી બે પ્રકારે છે. (પર્વત ઉપરથી નીચે ભુસકો મારવો, અગ્નિમાં પડીને બળી મરવું, ઊંડા પાણીમાં પડીને મરવું વગેરે સ્વપ્રાણાતિપાત છે. બીજા જીવોને મારવા તે પરપ્રાણાતિપાત છે.) સ્વ-પરપ્રાણાતિપાતમાં ક્રોધ, લોભ અને મોહ કારણ છે એમ વિદ્વાનો કહે છે. કેમકે ગિરિપાત વગેરે ક્રોધ વગેરેથી થાય છે.

**(૧૧)દર્શનક્રિયા–** દર્શનક્રિયા જીવ-અજીવના ભેદથી બે પ્રકારે છે. તેમાં રાજા નગરમાંથી નીકળતો હોય વગેરે જોવું એ જીવદર્શનક્રિયા છે. દેવકુલિકાદિ જોવું તે અજીવદર્શનક્રિયા છે.

**(૧૨)સ્પર્શનક્રિયા[૧]–** દારૂ આદિનો સ્પર્શ અને કરવત-પર્ણાદિનો સ્પર્શ એમ સ્પર્શન બે પ્રકારે છે.

**(૧૩)પ્રત્યયક્રિયા–** પૂર્વે કોઈએ ઉત્પન્ન ન કરી હોય તેવી (અધિકરણ રૂપ) વસ્તુને ઉત્પન્ન કરવી તે પ્રત્યયક્રિયા છે.

**(૧૪)સમન્તાનુપાતક્રિયા–** અસ્થંડિલ(=જીવાકુળભૂમિ) આદિમાં આહારાદિનો ત્યાગ કરવો.

**(૧૫)અનાભોગક્રિયા–** પડિલેહણ-પ્રમાર્જન કર્યા વિનાના સ્થાનમાં શરીરનિક્ષેપ=બેસવું, પડખું ફેરવવું વગેરે અને ઉપકરણનિક્ષેપ એટલે ઉપકરણોને મૂકવા.

**(૧૬)સ્વહસ્તક્રિયા–** અભિમાનથી કંઈક ગુસ્સે થયેલા ચિત્તથી અન્ય પુરુષને પાછો વાળીને જે ક્રિયા પોતાના હાથથી કરવામાં આવે તે સ્વહસ્તક્રિયા.

**(૧૭)નિસર્ગક્રિયા–** ઘણા કાળથી પ્રવર્તેલા એવા પરદેશી માણસને પાપકાર્યમાં ભાવથી અનુજ્ઞા આપવી.

---

૧. स्पर्शनक्रिया द्विविधा-जीवाजीवभेदात्। तत्र जीवस्पर्शनक्रिया योषित्पुरुषनपुंसकाङ्गस्पर्शनलक्षणा राग-द्वेष-मोहभाजः। अजीवस्पर्शनक्रिया मृगरोमकुतवपट्टशाटकनील्युपधानादिविषया॥ श्रीसिद्ध-सेनगणिकृतटीका।

**(૧૮)વિદારણક્રિયા–** બીજાએ કરેલ અપ્રકાશનીય પાપકર્મને પ્રકાશમાં લાવવું તે વિદારણક્રિયા.

**(૧૯)નયનક્રિયા–** પોતે લઇ જવાની ક્રિયા કરે કે બીજા પાસે લેવડાવે તે નયનક્રિયા.

**(૨૦)અનવકાંક્ષાક્રિયા–** અનવકાંક્ષાક્રિયા સ્વ-પરના ભેદથી બે પ્રકારે છે. જિનોક્ત કર્તવ્ય વિધિઓમાં પ્રમાદવશ બનીને અનાદર કરવો એ સ્વ-અનવકાંક્ષાક્રિયા છે, અનાદર કરાતો તે બીજાની પણ આકાંક્ષા ન રાખે તે પર-અનવકાંક્ષા ક્રિયા છે.

**(૨૧)આરંભક્રિયા–** પૃથ્વીકાયાદિનો ઉપઘાત થાય તેવી ક્રિયા કરવી એ આરંભ ક્રિયા છે.

**(૨૨)પરિગ્રહક્રિયા–** પરિગ્રહ મેળવવો, તેનું રક્ષણ કરવું, તેના ઉપર મૂર્ચ્છા કરવી એ પરિગ્રહક્રિયા છે.

**(૨૩)માયાક્રિયા–** ધર્મમાં પણ માયાની પ્રધાનતા રાખવી એ માયાક્રિયા છે.

**(૨૪)મિથ્યાદર્શનક્રિયા–** મિથ્યાત્વનું અનુમોદન કરનારની ધર્મક્રિયા મિથ્યાદર્શનક્રિયા છે.

**(૨૫)અપ્રત્યાખ્યાનક્રિયા–** પ્રમાદથી પચ્ચક્ખાણ ન લેવું તે અપ્રત્યાખ્યાનક્રિયા છે. इति શબ્દ સાંપરાયિકક્રિયાઓ આટલી જ છે એમ અવધારણ માટે છે.

આ પ્રમાણે વિસ્તારના ભયથી સાંપરાયિક કર્મનું કારણ હોય તેવી મોટી મોટી આ પચીસ ક્રિયાઓ કહી છે. આમાં કોઇક ક્રિયાઓ પરસ્પર ભેદવાળી છે. કોઇક ક્રિયાઓ ભિન્ન અર્થવાળી છે. આ ક્રિયાઓ સંક્ષેપથી કાયા-વચન-મનના દુષ્ટ આચરણ રૂપ છે, અર્થાત્ આ ક્રિયાઓમાં જીવોના મન-વચન-કાયાથી થતા બધાં દુષ્ટઆચરણોને સંક્ષેપથી જણાવી દીધા છે.

સૂક્ષ્મ, અધિક સૂક્ષ્મ (એમ અનેક) ભેદવાળી પણ ક્રિયાઓ સઘળા કાયાદિના દુષ્ટ આચરણ સમૂહનો સંગ્રહ કરવા માટે ભાષ્યકારે જણાવી છે. પ્રવચનમાં કુશળ પુરુષે તો યુક્તિ અને આગમથી આ ક્રિયાઓનું વ્યાખ્યાન વિશેષથી કરવું. (૬-૬)

**કર્મબંધમાં ભેદ પડવાનું કારણ–**

## तीव्र-मन्द-ज्ञाता-ऽज्ञातभाव-वीर्या-ऽधिकरणविशेषात् तद्विशेषः ॥६-७॥

**સૂત્રાર્થ–** તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, વીર્ય અને અધિકરણના ભેદથી (પરિણામમાં ભેદ પડવાથી) કર્મબંધમાં ભેદ પડે છે. (૬-૭)

**भाष्यं–** एषामेकोनचत्वारिंशत्साम्परायिकाश्रवाणां तीव्रभावात् मन्दभावाज्ज्ञातभावादज्ञातभावाद्वीर्यविशेषादधिकरणविशेषाच्च विशेषो भवति लघुर्लघुतरो लघुतमस्तीव्रस्तीव्रतरस्तीव्रतम इति । तद्विशेषाच्च बन्धविशेषो भवति ॥६-७॥

**ભાષ્યાર્થ–** સાંપરાયિકના જે ઓગણચાલીશ આસ્રવો કહ્યા તેનાં તીવ્રભાવથી(=તીવ્રપરિણામથી), મંદભાવથી(=મંદપરિણામથી), જ્ઞાતભાવથી(=જાણપણાથી), અજ્ઞાતભાવથી(=અજાણપણાથી), વીર્યોલ્લાસથી અને અધિકરણ(=સાધન)ના ભેદથી અલ્પ, અલ્પતર, અલ્પતમ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમરૂપ ભેદ થાય છે અને તે આશ્રવભેદના કારણે બંધમાં ભેદ થાય છે, અર્થાત્ બંધ પણ અલ્પ, અલ્પતર ઇત્યાદિ રૂપે બંધાય છે. (૬-૭)

**टीका–** प्रक्रमात् सम्बद्धमेव, यथोदिताश्रवभेदेभ्योऽपि तीव्रादिभाव-भेदादेव च भेद इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'एषा'मित्यादिना 'एषा'मित्यनन्तरसूत्रोपन्यस्तानां, सङ्ख्यामाह 'एकोनचत्वारिंशद्'-इत्यत्राव्रतानि पञ्च कषायाश्चत्वारः इन्द्रियाणि पञ्च क्रियाः पञ्चविंशति-रित्येवमेकान्नचत्वारिंशदिति, स्वशब्देनैवोक्तत्वाद् बहुत्वस्य न पुनर्बहुवचनं

सङ्ख्याशब्दात्, केषामित्याह-'साम्परायिकाश्रवाणा'मिति, ईर्यापथ-व्यवच्छेदार्थमेतत्,

'तीव्रभावा'दिति तीव्रः-प्रकृष्टः भावः-परिणामः तस्मात्तीव्रभावाद्धेतोः, विशेषो भवतीति सम्बन्धः, कर्मबन्धस्य, स मन्दभावात् स्तोकपरिणामात् मन्दो विशेषो भवति, सिंहघातकगोघातकौ निदर्शनमत्र लोकप्रशंसानिन्दा-भ्यामिति, तीव्रताऽप्यत्राधिमात्रादिभेदात्, एवं मन्दताऽपीति,

एवं ज्ञातभावादिति, ज्ञातस्य भावो ज्ञातभावः, ज्ञातमस्य अर्शादिपाठात् अत्, अभिसन्धिप्रवृत्तेः, मृगाभिसन्धिमुक्तबाणमृगव्यापत्तिवत्, (अज्ञात-भावात्-)अनभिसन्धिपरिणामात् स्थाण्वभिसन्धिमुक्तबाणपक्षि-व्यापत्तिवत्, एवं वीर्यविशेषादधिकरणविशेषाच्चेति,

वीर्य-शक्तिविशेषो, अधिमात्रादिभेद एव तद्विशेषात् [१]हस्तिप्राणा-निवारणवदुत्कर्षभावात्, अल्पवीर्यप्रहारेऽपि तद्गमने(ऽ)भयादिसिद्धेः, अधिकरणविशेषात् कूटयन्त्रकलादिलक्षणाद्विशेषो भवति कर्मबन्धस्य, अयं चैकैक आश्रवो मृद्वादिभेदादनेकधेत्याह-'लघुर्लघतर' इत्यादि प्रभूतसत्त्वाश्रयत्वादस्यैवमुपन्यासः, स्वरूपं वास्य कथञ्चित् कृम्यादि-घातयतोऽवसेयं, एवं 'तीव्रस्तीव्रतर' इत्यादि, अयमपि सिंहादिघात-यतोऽवसेयः, अत्र अस्योपन्यासः आश्रवाधिकारात् तत्प्राधान्यप्रदर्शनार्थः, अनेन मध्यममध्यमतरादिग्रहः, लघुतीव्रादिति 'तद्विशेषाच्चे'त्यादि, आश्रव-लघ्वादिभेदाच्च बन्धविशेषो भवति लघ्वादिरेवेति ॥६-७॥

**ટીકાર્થ–** આ સૂત્ર પ્રસ્તુત પ્રકરણથી પૂર્વના સૂત્રની સાથે સંબંધવાળું જ છે. પૂર્વે કહેલા આસ્રવ ભેદોથી પણ તીવ્રભાવાદિના ભેદથી જ બંધમાં ભેદ થાય છે. (**ભાવાર્થ-** પૂર્વે જણાવેલા આસ્રવભેદોથી બંધમાં ભેદ પડતો નથી, એ ભેદો તો કઇ કઇ રીતે બંધ થાય તે જણાવે છે. બંધમાં ભેદ તો આ સૂત્રમાં કહેલા તીવ્રભાવ આદિ ભેદોથી જ થાય છે. માટે જ

१. हस्तिप्राणाभिधारणवद् इति पाठान्तरम् ।

ટીકાકારે तीव्रादिभावभेदादेव એમ એવકાર જણાવ્યો છે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'एषां' ઇત્યાદિથી કહે છે- અનંતર સૂત્રમાં કહેલા અવ્રતો પાંચ, કષાયો ચાર, ઇન્દ્રિયો પાંચ, ક્રિયાઓ પચીસ એ પ્રમાણે ઓગણચાલીસ (૩૯) સાંપરાયિક આસ્રવોથી થતા કર્મબંધમાં તીવ્રભાવ આદિથી ભેદ થાય છે.

**પ્રશ્ન–** एकोनचत्वारिंशत् એ સંખ્યા શબ્દથી બહુવચનનો પ્રયોગ કેમ ન કર્યો ?

**ઉત્તર–** સંખ્યાવાચક શબ્દથી જ બહુત્વનું કથન કરી દીધું હોવાથી સંખ્યાશબ્દથી ફરી બહુવચનનો પ્રયોગ કર્યો નથી.

**તીવ્ર-મંદભાવ–** તીવ્રભાવ એટલે પ્રકૃષ્ટપરિણામ. મંદભાવ એટલે અલ્પપરિણામ. તીવ્રપરિણામવાળાને ઘણો કર્મબંધ થાય. અલ્પ પરિણામવાળાને અલ્પ કર્મબંધ થાય. આ વિષે સિંહઘાતક અને ગોઘાતક એ બે પુરુષોનું દૃષ્ટાંત છે. એકે સિંહને માર્યો આથી લોક તેની પ્રશંસા કરવા લાગ્યો. આ સાંભળીને તેને ગર્વ થયો. તેનો હિંસાનો ભાવ તીવ્ર થયો. આથી તેને કર્મબંધ ઘણો થાય. બીજાએ ગાયને મારી. આથી લોક તેની નિંદા કરવા લાગ્યો. લોકોના ધિક્કાર વગેરે શબ્દો સાંભળીને તેને ઘણો પશ્ચાત્તાપ થયો. આથી તેને કર્મબંધ અલ્પ થાય.

તીવ્રતાના અને મંદતાના પણ અધિક પરિણામ વગેરે અનેક ભેદો છે.

**જ્ઞાત-અજ્ઞાતભાવ–** જ્ઞાતનો=જાણનારાનો ભાવ તે જ્ઞાતભાવ. જેને જ્ઞાત(=જ્ઞાન) છે તે જ્ઞાત[1]. જ્ઞાતભાવથી એટલે લક્ષપૂર્વક=ઇરાદાપૂર્વક મારવા આદિની પ્રવૃત્તિ કરવી. જેમકે- મૃગને મારવાના લક્ષથી છોડેલા બાણથી મૃગનો ઘાત થાય. લક્ષ વિનાના પરિણામથી ઘાતાદિ થાય તે અજ્ઞાતભાવથી થતી હિંસા છે. જેમકે સ્થાણુના(=વૃક્ષના શાખા વગરના ઠુંઠાના) લક્ષથી મૂકેલા બાણથી પક્ષીનો ઘાત થાય.

---

૧. अभ्रादिभ्यः (સિદ્ધહેમ ૭-૨-૪૬) એ સૂત્રથી मतुप् (વાળા) અર્થમાં ज्ञात શબ્દથી अ પ્રત્યય આવ્યો છે. જ્ઞાત=જ્ઞાનવાળો.

**વીર્ય–** વીર્ય એટલે શક્તિવિશેષ. વીર્યના અધિક પરિણામ વગેરે અનેક ભેદો છે. હાથીના પ્રાણનો ઘાત કરવાના નિશ્ચયવાળાને ઉત્કૃષ્ટ વીર્ય હોય છે. અલ્પવીર્યથી પ્રહાર કરવામાં પણ હાથી જતો રહે એથી અભયાદિની સિદ્ધિ થાય.

**અધિકરણ–** કૂટયંત્ર, કૂટકળા આદિ રૂપ અધિકરણવિશેષથી કર્મબંધમાં ભેદ થાય છે.

આ એકેક આસ્રવ મૃદુ આદિ ભેદથી અનેક પ્રકારે છે એમ ભાષ્યકાર કહે છે- 'लघुर्लघुतर' ઇત્યાદિ, મંદ, મંદતર, મંદતમ આસ્રવ થાય છે.

**પ્રશ્ન–** ભાષ્યમાં મંદ આસ્રવ થાય છે એમ સંક્ષેપમાં કહેવાના બદલે મંદ, મંદતર, મંદતમ એમ વિસ્તારથી કેમ કહ્યું ?

**ઉત્તર–** બંધનો આશ્રય ઘણાં જીવો હોવાથી, અર્થાત્ બંધ કરનારા જીવો ઘણા હોવાથી ભાષ્યમાં મંદ, મંદતર અને મંદતમ એમ વિસ્તારથી કહ્યું છે. અથવા કૃમિ-આદિનો ઘાત કરનારા જીવના આસ્રવનું કથંચિત્ મંદ, મંદતર અને મંદતમ સ્વરૂપ છે, અર્થાત્ કોઇ મંદ પરિણામથી ઘાત કરે છે, કોઇ મંદતર પરિણામથી ઘાત કરે છે તો કોઇ મંદતમ પરિણામથી ઘાત કરે છે.

એ પ્રમાણે 'तीव्रस्तीव्रतर' इत्यादि તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ આસ્રવ થાય છે. આ ભેદો પણ સિંહાદિને મારનારના જાણવા.

અહીં મંદાદિનો ઉલ્લેખ આસ્રવનો અધિકાર હોવાથી મંદાદિની પ્રધાનતા બતાવવા માટે છે. મંદાદિ અને તીવ્રાદિના ઉલ્લેખથી મધ્યમ અને મધ્યમતર વગેરેનું પણ ગ્રહણ કરવું. 'तद्विशेषाच्च' इत्यादि આસ્રવના મંદાદિ ભેદથી બંધમાં ભેદ થાય છે. મંદ આસ્રવથી મંદ જ બંધ થાય. તીવ્ર આસ્રવથી તીવ્ર જ બંધ થાય. (૬-૭)

**भाष्यावतरणिका–** अत्राह- तीव्रमन्दादयो भावा लोकप्रतीताः । वीर्यं च जीवस्य क्षायोपशमिकः क्षायिको वा भाव इत्युक्तम् । अथाधिकरणं किमिति अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં જિજ્ઞાસુ કહે છે- તીવ્ર-મંદ વગેરે ભાવો લોકમાં પ્રસિદ્ધ હોવાથી સમજાય જાય તેવા છે, અને જીવનું વીર્ય ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવનું છે એમ જણાવ્યું છે. પણ અધિકરણ શું વસ્તુ છે ? અહીં જવાબ અપાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः । अत्रातीतसूत्रव्याख्यावसाने परः प्रश्नयति-तीव्रमन्दादयो भावाः अनन्तरोपन्यस्ताः लोकप्रतीताः प्रकर्षाप्रकर्षादिलक्षणाः वीर्यं च जीवस्य-आत्मनः क्षायोपशमिकः क्षायिकश्च भाव इत्युक्तं प्राक्, अथाधिकरणं किमित्यत्रोच्यते समाधिः–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટેનો ગ્રંથ છે. અહીં ગતસૂત્રની વ્યાખ્યાના (ટીકાના) અંતે બીજો પ્રશ્ન કરે છે- અનંતરસૂત્રમાં કહેલા પ્રકર્ષ-અપ્રકર્ષ આદિ રૂપ તીવ્ર-મંદ વગેરે ભાવો લોકમાં જાણીતા છે. તથા વીર્ય એ જીવનો પોતાનો ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવ છે એમ પહેલા (અ.૨ સૂ.૪-૫ માં) કહ્યું છે.

હવે અધિકરણ શું છે ? આવા પ્રશ્નનું અહીં સમાધાન કહેવાય છે–

**અધિકરણના ભેદો–**

## अधिकरणं जीवाजीवाः ॥६-८॥

**સૂત્રાર્થ–** અધિકરણના જીવ અને અજીવ એમ બે ભેદો છે. (૬-૮)

**भाष्यं–** अधिकरणं द्विविधम् । द्रव्याधिकरणं भावाधिकरणं च । तत्र द्रव्याधिकरणं छेदनभेदनादि । शस्त्रं च दशविधम् । भावाधिकरणमष्टोत्तरशतविधम् । एतदुभयं जीवाधिकरणमजीवाधिकरणं च ॥६-८॥

**ભાષ્યાર્થ–** અધિકરણ બે પ્રકારનું છે- દ્રવ્યઅધિકરણ અને ભાવઅધિકરણ. તેમાં(=અધિકરણમાં) છેદન-ભેદન આદિ તથા દશ પ્રકારના શસ્ત્રો દ્રવ્યઅધિકરણ છે. ભાવઅધિકરણ એકસો આઠ પ્રકારનું છે અને આ (દ્રવ્યઅધિકરણ અને ભાવઅધિકરણ એ) બે જીવઅધિકરણ અને અજીવઅધિકરણ છે. (૬-૮)

**टीका—** अधिक्रियते आत्मा नरकादिषु येन तदधिकरणं, एतच्च तत्त्वतो जीवाजीवा इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'अधिकरणं द्विविध'मित्यादिना अधिकरणं प्राग्निरूपितशब्दार्थं द्विविधं-द्विप्रकारं जीवाजीवभेदमप्येकैकं, कथं द्विविधमित्याह-'द्रव्याधिकरण'मित्यादि, छिद्यतेऽनेनेति छेदनं-परश्वादि एवं भिद्यतेऽनेनेति भेदनं-मुद्गरादि, आदिशब्दात्त्रोटनादिग्रहः, शस्त्रं च दशविधं-सङ्ख्याविशेषनिर्धारणार्थं भेदाभिधानमस्य, दशविधमेव शस्त्रमिति, यथोक्तं-"दव्वं सत्थग्गिविसं नेहंबिलखारलोणमादीयं । भावो य दुप्पउत्तो वाया काओ अविरई अ ॥१॥" इहाविरतेर्भावान्तर्गतत्वाद्दशविधमिति, 'भावाधिकरण'मित्यादि, भावः-तीव्रादिपरिणामः स एवाधिकरणमुक्तनीतेः, एतदष्टोत्तरशतभेदं अनन्तरसूत्रे वक्ष्यते, 'एतदि'त्यादि, एतद्-द्रव्यशस्त्रादि उभयं वर्त्तते, एतदेवाह-जीवाधिकरणमजीवाधिकरणं च, सोऽपरोऽधिकरणभेद इति ॥६-८॥

**ટીકાર્થ—** જેનાથી આત્મા નરકાદિનો અધિકારી કરાય તે અધિકરણ. પરમાર્થથી જીવ અને અજીવ અધિકરણ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "અધિકરણ બે પ્રકારે છે" ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- જેના શબ્દાર્થનું પૂર્વે નિરૂપણ કર્યું છે તે અધિકરણ જીવ અને અજીવ એ પ્રત્યેક પણ બે પ્રકારનું છે. તે આ પ્રમાણે- દ્રવ્ય-અધિકરણ અને ભાવઅધિકરણ. તેમાં છેદન-ભેદનાદિ દ્રવ્યઅધિકરણ છે. જેનાથી છેદાય તે છેદન, કુહાડી વગેરે. જેનાથી ભેદાય તે ભેદન, મુદ્ગર વગેરે. આદિ શબ્દથી ત્રોટન(=તોડવું) વગેરેનું ગ્રહણ કરવું. તથા દશ પ્રકારના શસ્ત્રો દ્રવ્યઅધિકરણ છે.

**પ્રશ્ન—** છેદન-ભેદન વગેરે દ્રવ્યઅધિકરણ છે એમ કહી દીધું છે તો પછી દશ પ્રકારના શસ્ત્રો દ્રવ્યઅધિકરણ છે એમ અલગ શા માટે કહ્યું ?

**ઉત્તર—** સંખ્યાવિશેષનું(=દશ જ છે એમ) નિશ્ચય કરવા માટે અલગ કહ્યું છે. શસ્ત્રો દશ પ્રકારના જ છે. કહ્યું છે કે- 'શસ્ત્ર, અગ્નિ, વિષ, સ્નેહ, અમ્લ, ક્ષાર, લવણ વગેરે, દુષ્પ્રયુક્ત ભાવ, વચન, કાયા અને અવિરતિ.'

જોકે અહીં શસ્ત્રની સંખ્યા અગિયાર થાય છે તો પણ અવિરતિનો ભાવમાં સમાવેશ થઈ જવાથી દશ જ છે. 'भावाधिकरणम्' इत्यादि ભાવાધિકરણ એકસો આઠ ભેદવાળું છે. ભાવ એટલે આત્માના તીવ્ર વગેરે પરિણામ. ઉક્ત નીતિથી (જેનાથી આત્મા નરકાદિનો અધિકારી કરાય તે અધિકરણ એ નીતિથી) તીવ્ર વગેરે પરિણામ જ અધિકરણ છે. એકસો આઠ ભેદવાળું ભાવઅધિકરણ અનંતર (આગામી) સૂત્રમાં કહેશે.

'एतद्' इत्यादि, एतद् એટલે દ્રવ્યશસ્ત્ર વગેરે. (આદિ શબ્દથી ભાવશસ્ત્ર સમજવું.) આ દ્રવ્યશસ્ત્ર વગેરે, અર્થાત્ દ્રવ્યશસ્ત્ર અને ભાવશસ્ત્ર એ બે જીવાધિકરણ અને અજીવાધિકરણ છે. (सोऽपरोऽधिकरणभेदः=) દ્રવ્યાધિકરણ અને ભાવાધિકરણ એ અધિકરણનો બીજો ભેદ છે. (અધિકરણનો એક ભેદ જીવ-અજીવ અધિકરણ અને બીજો ભેદ દ્રવ્ય-ભાવ અધિકરણ છે.) (૬-૮)

**भाष्यावतरणिका–** तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–** તેમાં=અધિકરણમાં–

**टीकावतरणिका–** तयोरधिकरणयोः

**ટીકાવતરણિકાર્થ–**જીવ-અજીવ એ બે અધિકરણોમાં પહેલું અધિકરણ આ પ્રમાણે છે–

**જીવ અધિકરણના ૧૦૮ ભેદો–**

## आद्यं संरम्भ-समारम्भाऽऽरम्भ-योग-कृत-कारिताऽनुमति-कषाय-विशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥६-९॥

**સૂત્રાર્થ–** સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ, યોગ ત્રણ, કૃત, કારિત અને અનુમતિ એ ત્રણ, કષાય ચાર આ સર્વના સંયોગથી પ્રથમ જીવાધિકરણના ૧૦૮ ભેદો છે. (૬-૯)

**भाष्यं–** आद्यमिति सूत्रक्रमप्रामाण्याज्जीवाधिकरणमाह । तत्समासतस्त्रिविधम् । संरम्भः समारम्भ आरम्भ इति । एतत्पुनरेकशः

कायवाङ्मनोयोगविशेषात्त्रिविधं भवति। तद्यथा-कायसंरम्भः वाक्संरम्भः मनःसंरम्भः, कायसमारम्भः वाक्समारम्भः मनःसमारम्भः, कायारम्भः वागारम्भः मनआरम्भ इति ॥

एतदप्येकशः कृतकारितानुमतविशेषात्त्रिविधं भवति । तद्यथा-कृतकायसंरम्भः कारितकायसंरम्भः अनुमतकायसंरम्भः, कृतवाक्संरम्भः कारितवाक्संरम्भः अनुमतवाक्संरम्भः, कृतमनःसंरम्भः कारितमनःसंरम्भः अनुमतमनःसंरम्भः । एवं समारम्भारम्भावपि ।

तदपि पुनरेकश कषायविशेषाच्चतुर्विधम् । तद्यथा-क्रोधकृतकाय-संरम्भः मानकृतकायसंरम्भः मायाकृतकायसंरम्भः लोभकृतकायसंरम्भः क्रोधकारितकायसंरम्भः मानकारितकायसंरम्भः मायाकारितकायसंरम्भः, लोभकारितकायसंरम्भः, क्रोधानुमतकायसंरम्भः मानानुमतकायसंरम्भः मायानुमतकायसंरम्भः लोभानुमतकायसंरम्भः । एवं वाङ्मनोयोगाभ्यामपि वक्तव्यम् । तथा समारम्भारम्भौ । तदेवं जीवाधिकरणं समासेनैकशः षट्त्रिंशद्विकल्पं भवति । त्रिविधमप्यष्टोत्तरशतविकल्पं भवतीति ।

संरम्भः संकल्पः परितापनया भवेत्समारम्भः ।

प्राणिवधस्त्वारम्भःस्त्रिविधो योगस्ततो ज्ञेयः ॥६-९॥

**ભાષ્યાર્થ–** આદ્ય એટલે સૂત્રમાં બતાવેલા ક્રમ અનુસાર જીવ-અધિકરણ. તેને કહે છે- તે જીવઅધિકરણ સંરંભ, સમારંભ અને આરંભના ભેદથી ત્રણ પ્રકારે છે. વળી આ ત્રણેય કાયા-વચન અને મનોયોગના ભેદથી ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે- કાયાસંરંભ, વચનસંરંભ, મનઃસંરંભ. કાયાસમારંભ, વચનસમારંભ, મનઃસમારંભ. કાયારંભ, વચનારંભ, મનઆરંભ. આ (નવે) પણ કૃત, કારિત, અનુમતના ભેદથી ત્રણ-ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે- કૃતકાયસંરંભ, કારિતકાયસંરંભ, અનુમતકાયસંરંભ. કૃતવચનસંરંભ, કારિતવચન-સંરંભ, અનુમતવચનસંરંભ. કૃતમનઃસંરંભ, કારિતમનઃસંરંભ,

અનુમતમનઃસંરંભ. એ પ્રમાણે સમારંભના પણ નવ અને આરંભના પણ નવ ભેદ થાય. તે (સત્તાવીસે) પણ (ચાર) કષાયના ભેદથી ચાર ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે- ક્રોધકૃતકાયસંરંભ, માનકૃતકાયસંરંભ, માયાકૃતકાયસંરંભ, લોભકૃતકાયસંરંભ. ક્રોધકારિતકાયસંરંભ, માનકારિતકાયસંરંભ, માયાકારિતકાયસંરંભ, લોભકારિતકાયસંરંભ. ક્રોધઅનુમતકાયસંરંભ, માનઅનુમતકાયસંરંભ, માયાઅનુમતકાયસંરંભ, લોભઅનુમતકાયસંરંભ. એ પ્રમાણે વચનસંરંભના બાર અને મનઃસંરંભના પણ બાર ભેદ થાય. આ છત્રીશ ભેદ સંરંભના થયા. એજ પ્રમાણે સમારંભના પણ છત્રીશ ભેદ થાય. તથા આરંભના પણ છત્રીશ ભેદ થાય.

આ પ્રમાણે જીવઅધિકરણ સંક્ષેપથી (સંરંભ, સમારંભ અને આરંભ) પ્રત્યેક છત્રીશ વિકલ્પવાળું થયું. ત્રણે ભેગા કરતા ૧૦૮ ભેદ થાય છે.

**ભાષ્ય ગાથાનો અર્થ–** સંરંભ એટલે જીવવધનો સંકલ્પ કરવો. જીવોને પીડા ઉપજાવવાથી સંમારંભ થાય છે, અર્થાત્ જીવોને પીડા ઉપજાવવી એ સમારંભ છે. આરંભ એટલે પ્રાણીનો વધ કરવો. આ પ્રમાણે ત્રણ પ્રકારનો યોગ છે. (૬-૯)

**टीका–** जीवाधिकरणमित्थं विचित्रमिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'आद्य'मित्यादिना आदौ भवं आद्यं, इतिशब्दः शब्दपदार्थवाचकः, कुत आदित्वमित्याह-सूत्रक्रमप्रामाण्याद्, अधिकरणं जीवाजीवा इति सूत्रक्रमः तत्प्रामाण्याद् हेतोः जीवाधिकरणमिहाद्यमिति, 'तदि'त्यादि, तत्-जीवाधिकरणं समासतः-संक्षेपतस्त्रिविधं त्रिप्रकारम्, आह-संरम्भः समारम्भः आरम्भ इति, तत्र प्राणातिपातादिसंकल्पः संरम्भः तत्साधन-जनितपरितापकरः समारम्भः प्राणातिपातादिक्रियावृत्तिरारम्भः,

'एतदि'त्यादि एतद्-जीवाधिकरणं पुनः-भूयः 'एकैकश' इत्येकैकं 'कायवाङ्मनोयोगविशेषादि'ति कायसंरम्भाधिकरणं प्रक्रान्तत्वादधि-करणस्य, एवं शेषेष्वपि, योगभेदेन च विकल्प्य संरम्भादीनधुना

क्रियाद्वारेण योगान् विकल्पयति-('तद्यथे'त्यादि) संरम्भं कायेन करोति वाचा करोति मनसा करोतीति, एवं कारयत्यपि विकल्पत्रयं, तथाऽनु-मन्यते विकल्पत्रयमेव, कृतवचनं स्वतन्त्रकर्तृप्रतिपादनार्थं, कारिताभिधानं प्रयोज्यपरतन्त्रप्रदर्शनार्थं, अनुमतिवचनं प्रयोजकस्य मानसपरिणाम-प्रदर्शनार्थं,

एतदेव भाष्यकारो दर्शयति-तद्यथा कृतकायसंरम्भ इत्यादिना वचन-नवकेन, यथा चायं कायसंरम्भः कृतकारितानुमतिभेदेन विकल्पितः एवं समारम्भारम्भावपि कृतकारितानुमतिविकल्पितौ वाच्यौ, समारम्भं करोति समारम्भं कारयति समारम्भमनुमन्यते कायेनेत्यादि नवधा विकल्पना, तथाऽऽरम्भं करोति कारयत्यनुमोदते चेति नवैव विकल्पा वेदितव्याः,

'तदपी'त्यादिना पुनश्चतुर्द्धा भिनत्ति, कृतकायसंरम्भाधिकरणादि पुनरेकैकं कषायविशेषाच्चतुर्विधं भवति, कषायाः प्रागभिहितलक्षणाः सामान्येन विशेषो-भेदः तद्भेदाच्चतुर्विधं भवति, 'तद्यथे'त्यादिना दर्शयति, यथाऽभिहितलक्षणात् विकल्पात् क्रोधकृतकायसंरम्भः एवं मानमायालोभकृतकायसंरम्भ इत्यपि वाच्यं, एवं क्रोधकारितकायसंरम्भः मानमायालोभकारितकायसंरम्भ इत्यपि वाच्यं, तथा क्रोधानुमतकायसंरम्भः मानमायालोभानुमतकायसंरम्भ इत्यपि वाच्यं, एवं वाङ्मनः संयोगाभ्यामपि वक्तव्यमित्यतिदेशवाक्यं एवमित्युक्तप्रकारेण वाग्योगेनापि क्रोधादिविशिष्टेन वाच्यं क्रोधकृतवाक्संरम्भः मानमायालोभकृतवाक्संरम्भ इत्यपि वाच्यं तथा क्रोधकारितवाक्संरम्भ (मानमायालोभकारितवाक्-संरम्भ) इत्यपि वाच्यं तथा क्रोधानुमतवाक्संरम्भः मानमायालोभानुमत-वाक्संरम्भ इत्यपि वाच्यं, एवं मनोयोगेनापि क्रोधादिविशिष्टेन विकल्पा एतावन्त एव वाच्याः, क्रोधकृतमनःसंरम्भः मानमायालोभकृतमनःसंरम्भ इत्यपि वाच्यं, तथा क्रोधकारितमनःसंरम्भः मानमायालोभकारितमनः-

संरम्भ इत्यपि वाच्यं, तथा क्रोधानुमतमनःसंरम्भः मानमायालोभानुमत-मनःसंरम्भ इत्यपि वाच्यं,

एवमेते षट्त्रिंशद्भेदास्तद्यथा-क्रोधकृतकायसंरम्भ इत्यादिना ग्रन्थेन प्रतिपादिताः, तथा समारम्भारम्भाविति अतिदेशेन समारम्भस्य षट्त्रिंशद्भेदत्वं संरम्भवत् प्रतिपादयति, क्रोधकृतकायसमारम्भ इत्येवमतिक्रान्तग्रन्थः पुनरावर्त्तनीयः, ततश्च द्वितीया षट्त्रिंशल्लभ्यते, तथा क्रोधकारित(?कृत)-कायारम्भ इत्यप्यनुवर्त्तमाने ग्रन्थे षट्त्रिंशदेव विकल्पानां प्राप्यते,

एवमेषा षट्त्रिंशत् त्रिप्रकारापि पिण्डिताऽष्टोत्तरं परिणामशतं भवतीत्येतदेवोपसंजिहीर्षन् दर्शयति-तदेवं जीवाधिकरणं समासेनेत्यादि, यत् प्रस्तुतं जीवाधिकरणं तदेवं समासेन-संक्षेपेण एकशः-एकैकं संरम्भाधिकरणं समारम्भाधिकरणमारम्भाधिकरणं च षट्त्रिंशद्विकल्पं भवति त्रिविधमपि, समुच्चयेऽपिशब्दः, तिस्रोऽपि षट्त्रिंशतः अष्टोत्तरं शतं विकल्पानां भवतीति भाष्याक्षरानुसरणमवसेयं, सूत्रावयवस्फुटी-करणाय पुनरुच्यते संरम्भादीनां कषायावसानानामाहितद्वन्द्वानां विशेषशब्देन समानाधिकरणस्तत्पुरुषः षष्ठीसमासो वा, प्रत्येकं वा विशेषशब्देनाभिसम्बन्धः सामर्थ्यात्, संरम्भादिविशेषैरिति तृतीयानुपपत्तिः, क्रियावाचिपदार्थान्तराभावात्, न वाक्यशेषोपपत्तेः, प्रविश पिण्डीमिति यथा, तथेहापि क्रियापदावधारणम्, एकैकं भिन्द्यात् एकमेकं त्रीन् भेदान् कुर्यादिति, वाग्योगादीनामानुपूर्व्या वचनं पूर्वापरविशेषणत्वात्, तस्मात् क्रोधादिचतुष्टयकृतकारितानुमतिभेदात् कायादीनां संरम्भसमारम्भारम्भ-विशेषाः षट्त्रिंशद्विकल्पाः स्फुटीक्रियन्ते यन्त्रेण,

उद्भूतक्रोधपरिणाम आत्मा करोति स्वयं कायेन संरम्भमिति प्रथमः, जातमानपरिणाम आत्मा करोति स्वयं कायेन संरम्भमिति द्वितीयः, तथोपजातमायापरिणतिरात्मा करोति स्वयं कायेन संरम्भमिति तृतीयः, तथा लोभकषायग्रस्तः करोति स्वयं कायेन संरम्भमिति चतुर्थः, एवं

कृतेन चत्वारो विकल्पाः, कारितेन चत्वारोऽनुमत्याऽपि चत्वारः, एते द्वादश कायेन लब्धाः, तथा च द्वादश वचसा, मनसाऽपि द्वादश, एते षट्त्रिंशत् संरम्भेण लब्धास्तथा समारम्भेणापि षट्त्रिंशत्, तथाऽऽरम्भेणापि षट्त्रिंशदिति, इत्येवमष्टोत्तरं विकल्पशतं भवति ।

का पुनर्भावना ? योगनिमित्तं हि कर्म बध्यते, कायवाङ्मनःकर्मयोगः (अ.६ सू.१) इति वचनाद्बन्धस्थितिः । कोपादिकषायाञ्जनवशीकारात् स्वयं करणपरिणतौ सत्यां कारितानुमतिपरिणामद्वारेण च प्राणातिपातादिसंकल्पपरितापनाव्यापत्तयः साम्परायिककर्मबन्धहेतवो भवन्तीति प्रतिपादितं प्राक्कायादयो व्यस्ताः समस्ताश्च बन्धहेतवः, समस्तास्तु प्रधानोपसर्जनतया प्रधानतया अप्रधानतया च बन्धहेतव इति प्रतीतम्, एवमेतज्जीवाधिकरणं विकल्प्य भावनीयमिति ॥६-९॥

**ટીકાર્થ–** આ પ્રમાણે જીવ અધિકરણ વિવિધ પ્રકારનું છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને 'आद्यम्' ઇત્યાદિથી કહે છે- જે આદિમાં થાય તે આદ્ય. इति શબ્દ શબ્દપદના અર્થનો વાચક છે, અર્થાત્ आद्यम् એવું જે શબ્દપદ તેના અર્થનો વાચક છે. आद्यम् એવા પદથી अधिकरणं जीवाजीवाः એ સૂત્રના ક્રમ પ્રમાણે જીવાધિકરણને કહે છે.

'तद्' इत्यादि તે જીવાધિકરણ સંક્ષેપથી સંરંભ, સમારંભ અને આરંભ એમ ત્રણ પ્રકારે છે. પ્રાણાતિપાતનો(=જીવને મારવાનો) **સંકલ્પ કરવો તે સંરંભ** પ્રાણાતિપાતના સાધનોથી ઉત્પન્ન કરેલા પરિતાપને કરે તે સમારંભ. ટૂંકમાં જેનાથી જીવોને **પીડા ઉપજે તે સમારંભ.** પ્રાણાતિપાત આદિની ક્રિયામાં પ્રવૃત્તિ તે આરંભ. ટૂંકમાં જેનાથી **જીવો મરે તે આરંભ.**

'एतद्' इत्यादि આ જીવાધિકરણ ફરી એકેક કાયા-વચન-મનોયોગના ભેદથી ત્રણ પ્રકારે થાય. એક કાયસંરંભ અધિકરણ. અધિકરણ પ્રસ્તુત હોવાથી અધિકરણ શબ્દનો ઉલ્લેખ કર્યો છે. એ પ્રમાણે બાકીના યોગોમાં પણ જાણવું.

સંરંભાદિના યોગભેદથી વિકલ્પો કરીને હવે ક્રિયા દ્વારા યોગોના વિકલ્પો કરે છે. “तद्यथा” इत्यादि તે આ પ્રમાણે- કાયસંરંભ, વચનસંરંભ, મનઃસંરંભ, કાયસમારંભ, વચનસમારંભ, મનઃસમારંભ, કાયઆરંભ, વચનઆરંભ, મનઆરંભ. કાયાથી સંરંભ કરે છે, વચનથી સંરંભ કરે છે, મનથી સંરંભ કરે છે. એ પ્રમાણે “કરાવે છે” ના પણ ત્રણ વિકલ્પો અને “અનુમોદે છે” ના પણ ત્રણ વિકલ્પો જ છે. ભાષ્યમાં कृत એવું વચન સ્વતંત્ર કર્તાને જણાવવા માટે છે. कारित એવું કથન પ્રેરણા કરવા યોગ્ય પરતંત્ર કર્તાને બતાવવા માટે છે. અનુમતિ વચન પ્રેરકના માનસિક પરિણામને જણાવવા માટે છે. આને જ ભાષ્યકાર “तद्यथा कृतकायसंरम्भः” ઇત્યાદિથી નવ વચનો દ્વારા બતાવે છે- કૃતકાયસંરંભ, કારિતકાયસંરંભ, અનુમતકાયસંરંભ, કૃતવચનસંરંભ, કારિતવચનસંરંભ, અનુમતવચનસંરંભ, કૃતમનઃસંરંભ, કારિતમનઃસંરંભ, અનુમતમનઃસંરંભ.

જેવી રીતે સંરંભના કૃત-કારિત-અનુમતિના ભેદથી વિકલ્પો કર્યા, તેવી રીતે સમારંભ અને આરંભના પણ કૃત-કારિત-અનુમતિના ભેદથી વિકલ્પો કહેવા. જેમકે- કાયાથી સમારંભ કરે છે. કાયાથી સમારંભ કરાવે છે, કાયાથી સમારંભને અનુમોદે છે, ઇત્યાદિ નવ વિકલ્પો થાય. તથા કાયાથી આરંભ કરે છે, કાયાથી આરંભ કરાવે છે, કાયાથી આરંભ અનુમોદે છે ઇત્યાદિ નવ જ વિકલ્પો જાણવા.

‘तदपि’ ઇત્યાદિથી ફરી ચાર ભેદ પાડે છે- કૃતકાયસંરંભ અધિકરણ વગેરે એકેક કષાય વિશેષથી ચાર પ્રકારે થાય છે. કષાયોનું લક્ષણ પૂર્વે (અ.૨ સૂ.૬માં) કહ્યું છે. કષાયરૂપ સામાન્યથી વિશેષ=ભેદ તે કષાયવિશેષ. કષાયોના ભેદથી ચાર પ્રકારો થાય છે. આને तद्यथा ઇત્યાદિથી બતાવે છે- ક્રોધકૃતકાયસંરંભ, માનકૃતકાયસંરંભ, માયાકૃતકાયસંરંભ, લોભકૃતકાયસંરંભ, ક્રોધકારિતકાયસંરંભ, માનકારિતકાયસંરંભ, માયાકારિતકાયસંરંભ, લોભકારિતકાયસંરંભ, ક્રોધાનુમતકાયસંરંભ, માનાનુમતકાયસંરંભ, માયાનુમતકાયસંરંભ, લોભાનુમત-

કાયસંરંભ એ પ્રમાણે વચન અને મનના સંયોગથી પણ કહેવું. આ ભલામણનું વાક્ય છે. એ પ્રમાણે એટલે ઉક્ત રીતે. ઉક્ત રીતે ક્રોધાદિથી વિશિષ્ટ વચનયોગથી પણ કહેવું. જેમકે- ક્રોધકૃતવચનસંરંભ તથા માનમાયાલોભકૃતવચનસંરંભ એમ પણ કહેવું. તથા ક્રોધકારિત-વચનસંરંભ, માન-માયા-લોભકારિતવચનસંરંભ એમ પણ કહેવું. તથા ક્રોધાનુમતવચનસંરંભ, માન-માયા-લોભાનુમતવચનસંરંભ એમ પણ કહેવું. એ પ્રમાણે ક્રોધાદિવિશિષ્ટ મનોયોગથી પણ આટલા જ વિકલ્પો કહેવા. જેમકે- ક્રોધકૃતમનઃસંરંભ, માન-માયા-લોભકૃતમનઃસંરંભ એમ પણ કહેવું. તથા ક્રોધકારિતમનઃસંરંભ, માન-માયા-લોભકારિતમનઃ-સંરંભ એમ પણ કહેવું. તથા ક્રોધાનુમતમનઃસંરંભ, માન-માયા-લોભાનુ-મતમનઃસંરંભ એમ પણ કહેવું. આ પ્રમાણે (૯x૪=)૩૬ ભેદો થયા. આ ૩૬ ભેદો ભાષ્યમાં ક્રોધકૃતકાયસંરંભ ઇત્યાદિ ગ્રંથથી જણાવ્યા છે.

"तथा समारम्भारम्भौ" इति તથા સમારંભ અને આરંભ પણ કહેવા. આ પ્રમાણે ભલામણથી સંરંભની જેમ સમારંભના ૩૬ ભેદોને જણાવે છે- જેમકે ક્રોધકૃતકાયસમારંભ. આ પ્રમાણે પૂર્વોક્ત ગ્રંથ ફરી કહેવો. તેથી બીજી છત્રીસી પ્રાપ્ત થાય છે. તથા ક્રોધકારિતકાયારંભ (? ક્રોધકૃતકાયારંભ) એ પ્રમાણે ચાલ્યું આવતું હોવાથી ૩૬ જ વિકલ્પો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આ ત્રણેય છત્રીસી ભેગી કર્યે છતે (૩૬x૩=)૧૦૮ પરિણામ થાય છે. આ જ કથનનો ઉપસંહાર કરવા માટે ઇચ્છતા ભાષ્યકાર કહે છે- "तदेवं जीवाधिकरणं समासेन" इत्यादि જે જીવાધિકરણ પ્રસ્તુત છે તે જીવાધિકરણ. આ પ્રમાણે સંક્ષેપથી સંરંભ અધિકરણ, સમારંભ અધિકરણ અને આરંભ અધિકરણ એ ત્રણેય પ્રકારનું એકેક જીવાધિકરણ ૩૬ પ્રકારનું થાય છે. ત્રણેય છત્રીસીના ૧૦૮ ભેદો થાય છે. આ પ્રમાણે ભાષ્યના અક્ષરોને અનુસરીને જાણવું.

સૂત્રના અવયવોને સ્પષ્ટ કરવા માટે ફરી (વિશેષ) કહેવામાં આવે છે- संरम्भ શબ્દથી પ્રારંભી कषाय સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. દ્વન્દ્વ સમાસવાળા એ બધા શબ્દોનો विशेष શબ્દની સાથે કર્મધારય કે ષષ્ઠી

તત્પુરુષ સમાસ છે. અથવા સામર્થ્યથી પ્રત્યેક શબ્દનો વિશેષ શબ્દની સાથે સંબંધ છે. (જેમકે સંરંભવિશેષ, સમારંભવિશેષ વગેરે).

ક્રિયાવાચક બીજો પદાર્થ નહીં હોવાથી **संरम्भादिविशेषैः** માં રહેલી તૃતીયા વિભક્તિની અનુપપત્તિ છે, અર્થાત્ તૃતીયા વિભક્તિ ઘટતી નથી. તથા **पिण्डीं प्रविश** ની જેમ બીજા પણ અધ્યાહાર વાક્યની ઉપપત્તિ (સંગતિ) નથી. તેથી (તૃતીયા વિભક્તિની સંગતિ કરવા માટે) અહીં પણ 'भिन्द्यात्' એવા ક્રિયાપદનું અવધારણ કરવું, અર્થાત્ 'भिन्द्यात्' એવું ક્રિયાપદ અધ્યાહારથી લેવું. તેથી એક એકના ત્રણ ભેદ કરવા (એવો અર્થ જોડાશે.) અને આનુપૂર્વીથી વચન એ પૂર્વાપરનું વિશેષણ હોવાથી વાગ્યોગ વગેરેના ક્રોધાદિ ચતુષ્ટય અને કૃત-કારિત-અનુમતિના ભેદ થતા હોવાથી કાયાવગેરેના સંરંભ-સમારંભ-આરંભથી વિશિષ્ટ એવા ૩૬ ભેદો યંત્રથી સ્પષ્ટ કરાય છે– (જુઓ યંત્ર)

ઉત્પન્ન થયેલ ક્રોધપરિણામવાળો આત્મા કાયાથી સંરંભ કરે છે એ પહેલો ભેદ છે.

ઉત્પન્ન થયેલ માનપરિણામવાળો આત્મા કાયાથી સંરંભ કરે છે એ બીજો ભેદ છે.

ઉત્પન્ન થયેલ માયાપરિણામવાળો આત્મા કાયાથી સંરંભ કરે છે એ ત્રીજો ભેદ છે.

ઉત્પન્ન થયેલ લોભપરિણામવાળો આત્મા કાયાથી સંરંભ કરે છે એ ચોથો ભેદ છે.

આમ કૃતથી ચાર ભેદો થાય. કારિતથી ચાર અને અનુમતિથી પણ ચાર ભેદો થાય. આ બાર ભેદો કાયાથી પ્રાપ્ત થયા. તે પ્રમાણે વચનથી બાર અને મનથી પણ બાર ભેદો થાય. આ ૩૬ ભેદો સંરંભથી પ્રાપ્ત થયા. તે પ્રમાણે સમારંભથી પણ ૩૬ ભેદો પ્રાપ્ત થાય તથા આરંભથી પણ ૩૬ ભેદો પ્રાપ્ત થાય. આ પ્રમાણે ૧૦૮ ભેદો થાય.

**(૧) કાયાદિથી થતા સંરંભના ૩૬ ભેદોને બતાવતું યંત્ર :**

| ક્રોધ | કૃત | કાયા | સંરંભ |
| --- | --- | --- | --- |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

| ક્રોધ | કૃત | વચન | સંરંભ |
| --- | --- | --- | --- |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

| ક્રોધ | કૃત | મન | સંરંભ |
| --- | --- | --- | --- |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

## (૨) કાયાદિથી થતા સમારંભના ૩૬ ભેદોને બતાવતું યંત્ર :

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | કાયા | સમારંભ |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | કારિત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | અનુમત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | વચન | સમારંભ |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | કારિત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | અનુમત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | મન | સમારંભ |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | કારિત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |
| ક્રોધ | અનુમત | ,, | ,, |
| માન | ,, | ,, | ,, |
| માયા | ,, | ,, | ,, |
| લોભ | ,, | ,, | ,, |

## (૩) કાયાદિથી થતા આરંભના ૩૬ ભેદોને બતાવતું યંત્ર :

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | કાયા | આરંભ |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | વચન | આરંભ |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

| | | | |
|---|---|---|---|
| ક્રોધ | કૃત | મન | આરંભ |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | કારિત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |
| ક્રોધ | અનુમત | ” | ” |
| માન | ” | ” | ” |
| માયા | ” | ” | ” |
| લોભ | ” | ” | ” |

**પ્રશ્ન–** અહીં ભાવના શી છે ?

**ઉત્તર–** યોગ નિમિત્તે કર્મ બંધાય છે, કારણ કે "કાયા, વચન અને મનની ક્રિયા એ યોગ છે" (અને યોગ આસ્રવ છે) એવું વચન છે. (આમ યોગથી કર્મબંધ થાય એવી) બંધની મર્યાદા છે.

ક્રોધાદિ કષાયરૂપ અંજનથી વશીકરણના કારણે જીવને સ્વયં કરવાના પરિણામ થયે છતે અને કારિત-અનુમતિના પરિણામ દ્વારા પ્રાણાતિપાતના સંકલ્પ-પરિતાપના-ઘાત સાંપરાયિકકર્મબંધના હેતુ થાય છે એમ પૂર્વે જણાવ્યું છે.

કાયા વગેરે અલગ અલગ કે ભેગા બંધના હેતુ થાય છે. ભેગા બંધના હેતુ થાય ત્યારે મુખ્ય-ગૌણ ભાવથી એટલે કે કોઈ મુખ્ય હોય અને કોઈ ગૌણ હોય એ રીતે, બંધના હેતુ થાય એમ પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે વિકલ્પો કરીને આ જીવાધિકરણ વિચારવું. (૬-૯)

**भाष्यावतरणिका–** अत्राह- अथाजीवाधिकरणं किमिति ?, अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે કે- હવે અજીવ અધિકરણ શું છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादिना सम्बन्धं प्रतिपादयति, अत्रेति जीवाधिकरणव्याख्यानावसाने परोऽनवबुध्यमान आह–अथाजीवाधिकरणं किमिति, अथेत्यानन्तर्यार्थः, जीवाधिकरणादनन्तरमजीवाधिकरणं प्राक् निरदेशि सूत्रकारेण तत् किमिति–किंस्वरूपं–किंस्वभावं तद् ?, इतिकरणं प्रश्नेयत्ताप्रतिपादनार्थः, अथ पृष्टे अत्रोच्यत इत्याहाचार्यः, अत्र प्रश्नेऽनुरूपमुत्तरमभिधीयते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિથી સંબંધનું પ્રતિપાદન કરે છે. અહીં એટલે જીવાધિકરણના વ્યાખ્યાનના અંતે. નહિ જાણતો બીજો કહે છે- હવે અજીવાધિકરણ શું છે ? પૂર્વે સૂત્રકારે જીવાધિકરણ પછી તુરત

અજીવાધિકરણનો નિર્દેશ કર્યો છે તે અજીવાધિકરણ શું છે ? તેનું સ્વરૂપ શું છે ? इति શબ્દનો પ્રયોગ પ્રશ્ન આટલો જ છે એમ જણાવવા માટે છે. પ્રશ્ન કર્યે છતે હવે અહીં કહેવામાં આવે છે એમ આચાર્ય કહે છે, અર્થાત્ અહીં પ્રશ્નને અનુરૂપ ઉત્તર આપવામાં આવે છે–

**અજીવ અધિકરણના ભેદો–**

## निर्वर्तना-निक्षेप-संयोग-निसर्गा द्वि-चतु-र्द्वि-त्रि-भेदाः परं ॥६-१०॥

**સૂત્રાર્થ–** નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એ ચાર પ્રકારે (परं=) બીજું અજીવાધિકરણ છે. તે ચારના અનુક્રમે ૨, ૪, ૨, ૩ ભેદો છે. (૬-૧૦)

**भाष्यं–** परमिति सूत्रक्रमप्रामाण्यादजीवाधिकरणमाह । तत्समासतश्चतुर्विधम् । तद्यथा-निर्वर्तना निक्षेपः संयोगो निसर्ग इति । तत्र निर्वर्तनाधिकरणं द्विविधम् । मूलगुणनिर्वर्तनाधिकरणमुत्तरगुणनिर्वर्तनाधिकरणं च । तत्र मूलगुणनिर्वर्तना पञ्च शरीराणि, वाङ्मनःप्राणापानाश्च । उत्तरगुणनिर्वर्तना काष्ठपुस्तचित्रकर्मादीनि । निक्षेपाधिकरणं चतुर्विधम् । तद्यथा- अप्रत्यवेक्षितनिक्षेपाधिकरणं दुष्प्रमार्जितनिक्षेपाधिकरणं सहसानिक्षेपाधिकरणमनाभोगनिक्षेपाधिकरणमिति । संयोगाधिकरणं द्विविधम् । भक्तपानसंयोजनाधिकरणमुपकरणसंयोजनाधिकरणं च । निसर्गाधिकरणं त्रिविधम् । कायनिसर्गाधिकरणं वाङ्निसर्गाधिकरणं मनोनिसर्गाधिकरणमिति ॥६-१०॥

**ભાષ્યાર્થ–** परम् એટલે સૂત્રમાં બતાવેલા ક્રમાનુસાર અજીવ અધિકરણ. તેને કહે છે- તે (અજીવ અધિકરણ) સંક્ષેપથી ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે- નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ.

તેમાં નિર્વર્તના અધિકરણ બે પ્રકારનું છે. મૂલગુણનિર્વર્તનાઅધિકરણ અને ઉત્તરગુણનિર્વર્તનાઅધિકરણ.

તેમાં મૂલગુણનિર્વર્તનાઅધિકરણ પાંચ શરીરો, ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ (એમ આઠ પ્રકારે છે.) ઉત્તરગુણનિર્વર્તનાઅધિકરણ કાષ્ઠ-પુસ્ત-ચિત્રકર્મ વગેરે છે.

નિક્ષેપાધિકરણ ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે- અપ્રત્યવેક્ષિતનિક્ષેપાધિકરણ, દુષ્પ્રમાર્જિતનિક્ષેપાધિકરણ, સહસાનિક્ષેપાધિકરણ અને અનાભોગનિક્ષેપાધિકરણ.

સંયોગ(=સંયોજના)અધિકરણ બે પ્રકારનું છે. ભક્તપાનસંયોજના-અધિકરણ અને ઉપકરણસંયોજનાઅધિકરણ.

નિસર્ગાધિકરણ ત્રણ પ્રકારનું છે. કાયનિસર્ગાધિકરણ, વચનનિસર્ગાધિકરણ અને મનોનિસર્ગાધિકરણ. (૬-૧૦)

**टीका–** निर्वर्तनादयः कृतद्वन्द्वाः यथाक्रमं कृतद्वन्द्वैरेव द्व्यादिभिः समानाधिकरणा द्रष्टव्याः, अधिकरणमित्यनुवर्त्तते, तत् परमित्यनेनाभिसम्बन्ध्यतेऽजीवाधिकरणं तन्निर्वर्त्तनादिभेदाच्चतुर्द्धा अजीवविषयान्निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गान् कुर्वन् रागद्वेषवानात्मा साम्परायिकं कर्म बध्नाति, निर्वर्त्यमानमजीवद्रव्यं निर्वर्तना निर्वर्त्यमानप्रयोजना, निर्वर्तनेति भावसाधना वा, सा द्विविधा मूलोत्तरगुणभेदात्,

निक्षिप्यतेऽसाविति निक्षेपः-स्थाप्यः कश्चिदजीव एव, स चतुर्विधः अप्रत्यवेक्षितादिभेदात्, भावसाधनो वा,

संयोजनं संयोगः-एकत्वीकरणं व्यामिश्रणं, तद्विधा-आहारोपकरणभेदात्,

निसर्जनं निसर्गः त्यागः उज्झनं, तत्त्रिधा कायादिभेदात्, परवचनमनर्थकं, पूर्वत्राद्यवचनाद्, अस्मिन् वा सत्याद्यवचनमनर्थकमर्थापत्तिसिद्धेरिति चेत्, तन्न, अन्तरङ्गताप्रतिपादनार्थत्वाद् आद्यशब्दस्य, बहिरङ्गताप्रतिपादनार्थत्वाच्च परशब्दस्येति, विशिष्टार्थप्रतिपत्तिहेतुत्वादुभयं न्याय्यमिति, अमुमेवार्थं भाष्येण स्पष्टयति-परमिति सूत्रक्रमप्रामाण्याद-

जीवाधिकरणमाहेत्यादि, परं-बहिरङ्गमितिकरणः शब्दपदार्थकः प्रतिविशिष्टपुरुषप्रणीतसूत्रप्रक्रमस्य प्रमाणत्वात्, परं बहिरङ्गमप्रधानम-जीवाधिकरणमाह, जीवपरिणामोऽभ्यन्तरङ्गस्तदायत्तत्वात् कर्मबन्धस्य, निमित्तमात्रत्वाद् बहिरङ्गमजीवाधिकरणं, इष्टाभिधायी वा परशब्दः, प्रायोगिकाः वैस्रसा वा निर्वर्तनादयोऽध्यवसेयाः, आद्यं च जीवविषय-त्वाद्भावाधिकरणमुक्तं, कर्मबन्धहेतुर्मुख्यतः, इदं तु द्रव्याधिकरणमुच्यते-परम्-अमुख्यं निमित्तमात्रत्वात्, तद्-अजीवाधिकरणं समासतः संक्षेपतः चतुर्विधं चतुष्प्रकारं भवति, समासग्रहणान्मूलोत्तरगुणादिभेदशरीरा-दिशस्त्रकलापश्च व्यासः सूक्ष्मप्रभेदः आपादितो भवति, 'तद्यथे'त्यादिना चतुरो विकल्पान् स्वरूपतः पठन्ति, 'निर्वर्तने'त्यादि इतिकरणो मूल-भेदेयत्ताप्रतिपादनार्थः । प्राग्व्याख्याताः, शब्दनिर्भेदद्वारेण निर्वर्तनादयः ।

अधुना स्वरूपकथनमेषां क्रियते 'तत्रे'त्यादि, तत्र तेषु निर्वर्तनादिषु निर्वर्तना तावद् व्याख्यायते, निर्वर्तनैवाधिकरणं निर्वर्तनाधिकरणमिति समानाधिकरणमिति भावः, साधनपक्षे षष्ठीतत्पुरुषः, निर्वर्तनाया अधि-करणमेवमन्यत्रापि योज्यं, तद् द्विविधं-द्विप्रकारं, प्रकारद्वयप्रदर्शनार्थमाह-मूलगुणनिर्वर्तनाधिकरणं उत्तरगुणनिर्वर्तनाधिकरणं च, चशब्दः समुच्चये, मूलं चासौ गुणश्च मूलगुणः मूलम्-आद्यं प्रतिष्ठासंस्थानाख्यो गुणो मूलगुणः स एव निर्वर्तनाधिकरणं, स हि निर्वर्तितः सन्नधिकरणीभवति कर्मबन्धस्य, तथाऽङ्गोपाङ्गसंस्थानमृजादितैक्ष्ण्यादिरुत्तरगुणः, सोऽपि निर्वृत्तः सन्नधिकरणीभवति कर्मबन्धस्य, उत्तरगुण एव निर्वर्तनाधिकरणं, तत्र मूलगुणनिर्वर्तना पञ्च शरीराणीत्यत्राधिकरणशब्दो नोदितो भाष्यकृता लाघवैषिणा, अनुक्तोऽपि च प्रत्यासत्तितो गम्यतेऽतो मूलगुणनिर्वर्तना-धिकरणमौदारिकादीनि पञ्च शरीराणि, तानि च द्वितीयेऽध्याये व्याख्यातानि, प्रकृते वस्तूनि योज्यन्ते, औदारिकशरीरवर्गणाप्रायोग्य-द्रव्यैर्निर्मापितमौदारिकशरीरसंस्थानं प्रथमसमयादारभ्य मूलगुणनिर्वर्तना-

धिकरणमात्मनो भवति, बन्धनिमित्तत्वात्, उत्तरगुणनिर्वर्तनाधिकरण-मौदारिकस्याङ्गोपाङ्गमृजाकर्णवेधावयवस्थापनादि, वैक्रियस्यापि वपुषः स्ववर्गणाप्रायोग्यद्रव्यनिर्मापितमादिसमयादारभ्य संस्थानं मूलगुण-निर्वर्तनाधिकरणम्, अस्योत्तरगुणनिर्वर्तनाधिकरणमङ्गोपाङ्गकेशदशन-नखादिकं, आहारकशरीरस्यापि स्ववर्गणायोग्यपुद्गलद्रव्यनिर्मापितं संस्थानं मूलगुणनिर्वर्तनाधिकरणं उत्तरगुणनिर्वर्तनाधिकरणमङ्गोपाङ्गादि, कर्मसंघातलक्षणस्य कार्मणस्यापि तद्योग्यनिर्मापितस्वसंस्थानं मूलगुण-निर्वर्तनाधिकरणं, उत्तरगुणनिर्वर्तनाधिकरणमस्य नास्त्येव, तैजसस्या-प्यूष्मलक्षणस्याशितपीतपाचकशक्तिभाजो लब्धिप्रत्ययस्य च परनिग्रहानु-ग्रहकारिणः स्ववर्गणानिर्मापितसंस्थानं मूलगुणनिर्वर्तनाधिकरणम्, अस्या-प्युत्तरगुणनिर्वर्तना नैवास्ति,

वाङ्मनःप्राणापानाश्चेति चशब्दान्मूलगुणनिर्वर्तनाधिकरणाभिसम्बन्धः, वाङ्मनोवर्गणायोग्यद्रव्यनिर्मापितौ वाङ्मनःसंस्थानविशेषौ मूलगुण-निर्वर्तनाधिकरणं, तथा प्राणापानवर्गणायोग्यद्रव्यनिर्मापित उच्छ्वासनिः-श्वासाकारौ मूलगुणनिर्वर्तनाधिकरणम्, एषामप्युत्तरगुणनिर्वर्तना न सम्भवत्येवेति। मूलगुणनिर्वर्तनाधिकरणमित्थं व्याख्याय प्रकारान्तरेणो-त्तरगुणनिर्वर्तनागुणमाचिख्यासुराह-काष्ठपुस्तचित्रकर्मादीनीति, कर्मशब्दं प्रत्येकमभिसम्बद्ध्यते, तत्र काष्ठकर्म कुट्टिमं पुरुषादीनां प्रतिकृतिः, अत एवोत्तरगुणनिर्वर्तनोच्यते, प्रसिद्धपुरुषाद्याकृतेः प्रतिबिम्बनिर्वर्तनाद्, एवं पुस्तचित्रकर्मणी अपि वाच्ये, पुस्तकर्म सूत्रचीवरकादिग्रथितं कृत्रिम-पुत्रकादिकं चित्रकर्मात्यन्तप्रसिद्धमादिग्रहणाल्लेप्यपत्रच्छेद्यजलकर्मभूकर्म-परिग्रहः, शस्त्रमप्यनेकाकारमाख्यातं कृपाणादि स्वसंस्थानतो मूलगुण-निर्वर्तनाधिकरणं, तीक्ष्णतोज्ज्वलताद्युत्तरगुणाधिकरणमिति ।

अधुना निक्षेपाधिकरणनिर्द्धारणायाह-'निक्षेपे'त्यादि निक्षेपाधिकरणं चतुर्विधं चतुष्प्रकारं, तद्यथा-तथाऽऽह, 'अप्रत्युपेक्षिते'त्यादिना,

अप्रत्युपेक्षिते-चक्षुषाऽनिरीक्षिते, भूभाग इति गम्यते, निक्षेपाधिकरणमिति, निक्षेप्यस्य-दण्डकादेः स्थापनमसामाचारित्वात्, एवं दुष्प्रमार्जितनिक्षेपाधिकरणं दुष्प्रमार्जितं प्रमादादनेकशः सकृद्वा, सुप्रमार्जितं त्वेकतस्त्रिरिति, एवं सहसानिक्षेपाधिकरणं चेतयतोऽपि कथञ्चित् प्रमादादशुद्धभूभागे निक्षेपोऽधिकरणं अनाभोगनिक्षेपाधिकरणं अत्यन्तविस्मृत्यानुचिते भूभागेत्यादि,

संयोगाधिकरणं द्विविधं-द्विप्रकारं, प्रकारावाह-'भक्तपाने'त्यादि भक्तम्-अशनादि त्रिधा, पानं तु-पानमेव द्राक्षापानकादि, एतत्संयोजना बहिरोदनादिलाभे क्षीरादिमार्गणया अन्तर्वा मुखे उपदंशादिप्रक्षेपेण ग्रासे, एवं पाने बहिरुचितलाभे चातुर्जातकादिमार्गणया अन्तर्मुख एव तत्तदाहारोपरि, अधिकरणमेतदसामाचारित्वात्, एवमुपकरणेत्यादि, उपकरणं-वस्त्रपात्रादि तत्संयोजना तथाविधविचित्रलाभे तदनुरूपाऽपरमार्गणया परिभोगेन चैवमधिकरणमिति ।

'निसर्गे'त्यादि, निसर्गाधिकरणं त्रिविधं-त्रिप्रकारं, प्रकारानाह 'काये'त्यादिना, कायः-औदारिकादि शरीरं तन्निसर्गः अविधिना त्यागोऽधिकरणं, कायान्तरपीडापत्तेः, एवं वाङ्मनोनिसर्गावपि वाच्यौ, शास्त्रबाह्येन विधिना, विना विधिमधिकरणमेव, आह-कथमिदमजीवाधिकरणं ?, उच्यते, बहिर्व्यापारापेक्षया, कायादीनामचेतनत्वात्, मूलगुणनिर्वर्तनाधिकरणमपि संस्थानमात्रमेषामिति विशेषः ॥६-१०॥

**ટીકાર્થ–** નિર્વર્તના વગેરે શબ્દો દ્વન્દ્વસમાસવાળા છે. દ્વિ વગેરે શબ્દો પણ દ્વન્દ્વસમાસવાળા છે. નિર્વર્તના વગેરે શબ્દો અનુક્રમે દ્વિ વગેરે શબ્દોની સાથે સમાન અધિકરણવાળા જાણવા, અર્થાત્ નિર્વર્તના વગેરે શબ્દો અનુક્રમે દ્વિ વગેરે શબ્દોની સાથે સંબંધવાળા છે. અધિકરણ એ પદ ઉપરથી ચાલ્યું આવે છે. તેનો સંબંધ परम् એ પદની સાથે કરવો (બીજું અધિકરણ છે, અર્થાત્ અજીવાધિકરણ છે).

અજીવસંબંધી નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગોને કરતો રાગદ્વેષવાળો આત્મા સાંપરાયિક કર્મને બાંધે છે. [નિર્વર્તના આદિ ચારનો વિસ્તૃત અર્થ ભાષ્યકાર જણાવે એ પહેલા ટીકાકાર સંક્ષેપથી જણાવે છે.]

**નિર્વર્તના–** અજીવદ્રવ્યની રચના કરાઇ રહી છે, અર્થાત્ રચના અજીવદ્રવ્યની કરાય છે. નિર્વર્તના રચના કરવાના પ્રયોજનવાળી છે=રચના કરવી એ નિર્વર્તનાનું પ્રયોજન છે, અર્થાત્ નિર્વર્તના એટલે રચના. અથવા નિર્વર્તના ભાવસાધનવાળી છે, અર્થાત્ નિર્વર્તના એવો શબ્દ ભાવ અર્થમાં સિદ્ધ થાય છે. (જેમ पचनम् पाकः અહીં પાક શબ્દ ભાવ અર્થમાં पच् ધાતુને घञ् પ્રત્યય લાગવાથી સિદ્ધ થયો છે. એ રીતે निर्वर्तनं निर्वर्तना અહીં निर्+वृत् ધાતુને ભાવ અર્થમાં अन પ્રત્યય લાગવાથી નિર્વર્તના શબ્દ સિદ્ધ થયો છે.)

નિર્વર્તના મૂલગુણ અને ઉત્તરગુણ એવા ભેદથી બે પ્રકારની છે, અર્થાત્ નિક્ષેપ એટલે મૂકવું. નિક્ષેપ- જે મૂકાય તે નિક્ષેપ. નિક્ષેપ એટલે મૂકવા યોગ્ય, અહીં કોઇ અજીવ જ મૂકવા યોગ્ય છે. નિક્ષેપ અપ્રત્ય-વેક્ષિત આદિ ભેદથી ચાર પ્રકારનો છે. અથવા નિક્ષેપ શબ્દ ભાવસાધન છે, અર્થાત્ निक्षेपणं निक्षेपः એમ ભાવમાં સિદ્ધ થાય છે.

**સંયોગ–** संयोजनं संयोगः એમ ભાવમાં સંયોગ શબ્દની સિદ્ધિ થાય છે. સંયોગ એટલે જે વસ્તુઓ એક સ્થળે નથી તેમને એક સ્થળે કરવી[1], અર્થાત્ મિશ્રણ(=ભેગું) કરવું. સંયોગ આહાર અને ઉપકરણના ભેદથી બે પ્રકારનો છે.

**નિસર્ગ–** निसर्जनं निसर्गः એમ નિસર્ગ શબ્દની ભાવમાં સિદ્ધિ થાય છે. નિસર્ગ એટલે તજવું=છોડી દેવું, અર્થાત્ નિસર્ગ એટલે ત્યાગ. નિસર્ગ કાયા આદિ ભેદથી ત્રણ પ્રકારે છે.

૧. શ્રી સિદ્ધસેનગણિકૃત ટીકામાં एकत्वीकरणं એવો પાઠ છે. એ પાઠ પ્રમાણે જે વસ્તુઓમાં એકપણું નથી તે વસ્તુઓમાં એકપણું કરવું એવો શબ્દાર્થ થાય. ભાવાર્થ બંને પાઠનો સમાન છે.

**પૂર્વપક્ષ–** સૂત્રમાં परम् એ પ્રમાણે પરવચન(=પરશબ્દનો પ્રયોગ) નિરર્થક છે. કારણ કે પૂર્વના સૂત્રમાં आद्यं એ પ્રમાણે વચન છે. અથવા परम् એ વચન હોય તો आद्यम् એ વચન નિરર્થક છે. કારણ કે અર્થાપત્તિથી સિદ્ધ થઇ જાય છે. (પૂર્વસૂત્રમાં आद्यम् લખવાથી આ સૂત્રમાં परम् સિદ્ધ થઇ જાય છે. આ સૂત્રમાં परम् લખવાથી પૂર્વસૂત્રમાં आद्यम् સિદ્ધ થઇ જાય છે.)

**ઉત્તરપક્ષ–** નિરર્થક નથી. आद्य શબ્દ અંતરંગતાનું(=અભ્યંતર કારણતાનું) પ્રતિપાદન કરવા માટે છે. पर શબ્દ બહિરંગતાનું (=બાહ્યકારણતાનું) પ્રતિપાદન કરવા માટે છે. વિશિષ્ટ અર્થના બોધનું કારણ હોવાથી બંનેનો પ્રયોગ યોગ્ય છે. આ જ અર્થને ભાષ્યથી સ્પષ્ટ કરે છે- "परमितिसूत्रक्रमप्रामाण्यादजीवाधिकरणमाह" इत्यादि સૂત્રનો ક્રમ પ્રમાણ હોવાથી परम् એવા પદથી અજીવાધિકરણને કહે છે. परम् એટલે બાહ્યકારણ. इति શબ્દનો પ્રયોગ શબ્દપદના પ્રયોજનવાળો છે, અર્થાત્ परम् એવા શબ્દપદને જણાવનારો છે. વિશિષ્ટપુરુષે રચેલો સૂત્રક્રમ પ્રમાણ હોવાથી परम् એવા વચનથી બાહ્ય=અપ્રધાન કારણને કહે છે. જીવપરિણામ અભ્યંતર કારણ છે. કેમકે કર્મબંધ જીવપરિણામને આધીન છે. અજીવાધિકરણ નિમિત્તમાત્ર હોવાથી કર્મબંધનું બાહ્યકારણ છે.

અથવા પર શબ્દ ઈષ્ટ અર્થને કહેનારો છે.

નિર્વર્તના પ્રાયોગિક કે વૈસ્રસા(=સ્વાભાવિક થનારી) જાણવી.

પહેલું અધિકરણ જીવ સંબંધી હોવાથી ભાવઅધિકરણ કહ્યું છે. કેમકે તે કર્મબંધનું મુખ્ય કારણ છે. આ(=નિર્વર્તના વગેરે) દ્રવ્યઅધિકરણ કહેવાય છે. परम् એટલે અમુખ્ય. અમુખ્ય(=ગૌણ) એટલા માટે છે કે કર્મબંધમાં માત્ર નિમિત્ત છે.

અજીવાધિકરણ સંક્ષેપથી ચાર પ્રકારનું છે. 'समास' એવા શબ્દનું ગ્રહણ કરવાથી મૂલગુણ-ઉત્તરગુણ ભેદરૂપ શરીર વગેરે અને શસ્ત્રસમૂહ કે જે સૂક્ષ્મપ્રભેદરૂપ વિસ્તાર છે તે પ્રકાશિત(=ગ્રહણ) કરેલો થાય છે.

तद्यथा ઇત્યાદિથી નિર્વર્તના ઇત્યાદિ ચાર ભેદોને સ્વરૂપથી કહે છે- નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ અજીવાધિકરણ છે. इति શબ્દનો પ્રયોગ મૂળભેદો આટલા જ છે એમ જણાવવા માટે છે. નિર્વર્તના વગેરે શબ્દોનું વ્યાખ્યાન પૂર્વે શબ્દનો ભેદ કરવા દ્વારા [1]કર્યું છે.

હવે આ શબ્દોનું સ્વરૂપ કહેવામાં આવે છે- 'तत्र' इत्यादि નિર્વર્તના વગેરે શબ્દોમાં નિર્વર્તના શબ્દનું વ્યાખ્યાન કરવામાં આવે છે- નિર્વર્તના એ જ અધિકરણ=નિર્વર્તનાધિકરણ. આ પ્રમાણે સમાનાધિકરણ છે. (અર્થાત્ કર્મધારય સમાસ છે.) સાધનપક્ષમાં निर्वर्तनाया अधिकरणम् એમ ષષ્ઠી તત્પુરુષ છે. આ પ્રમાણે બીજા શબ્દોમાં પણ યોજના કરવી.

નિર્વર્તનાધિકરણ મૂલગુણનિર્વર્તનાધિકરણ અને ઉત્તરગુણનિર્વર્તના-ધિકરણ એમ બે પ્રકારનું છે. મૂલ એવો જે ગુણ તે મૂલગુણ. મૂલ એટલે આદ્ય. પ્રતિષ્ઠાસંસ્થાન નામનો ગુણ મૂળગુણ છે. મૂલગુણ એ જ નિર્વર્તનાધિકરણ છે. બનાવાયેલો મૂળગુણ કર્મબંધનું અધિકરણ થાય છે.

ઉત્તરગુણ એ જ નિર્વર્તનાધિકરણ છે. બે પ્રકારની નિર્વર્તનામાં પાંચ શરીર, વાણી, મન અને શ્વાસોશ્વાસ મૂલગુણનિર્વર્તના છે.

मूलगुणनिर्वर्तना पञ्च शरीराणि એ સ્થળે લાઘવને ઇચ્છનારા ભાષ્યકારે અધિકરણ શબ્દ કહ્યો નથી. ન કહ્યો હોવા છતાં નજીકના સંબંધથી જાણી શકાય છે. આથી ઔદારિક વગેરે પાંચ શરીરો મૂળગુણનિર્વર્તનાધિકરણ છે. બીજા અધ્યાયમાં (૩૭મા સૂત્રમાં) કહેલા(=વર્ણન કરાયેલા) પાંચ શરીરો પ્રસ્તુત વિષયમાં યોજવામાં આવે છે. ઔદારિકશરીરવર્ગણાને પ્રાયોગ્ય દ્રવ્યોથી બનાવાયેલ ઔદારિકશરીરસંસ્થાન પ્રથમ સમયથી આરંભીને આત્માનું મૂલગુણનિર્વર્તનાધિકરણ થાય છે. કેમકે કર્મબંધમાં નિમિત્ત બને છે. ઔદારિકશરીરનાં અંગોપાંગની શુદ્ધિ, કર્ણવેધ, અવયવોની સ્થાપના વગેરે ઉત્તરગુણનિર્વર્તના છે. વૈક્રિયશરીરવર્ગણાને પ્રાયોગ્ય દ્રવ્યોથી બનાવાયેલ વૈક્રિયશરીરનું પણ સંસ્થાન પ્રથમ સમયથી

૧. निर्वर्तना निर्वर्त्यमानप्रयोजना ઇત્યાદિથી.

મૂલગુણનિર્વર્તનાધિકરણ છે. વૈક્રિયશરીરના કેશ, દંત, નખ વગેરે અંગોપાંગ ઉત્તરગુણનિર્વર્તનાધિકરણ છે. આહારકશરીરવર્ગણાને પ્રાયોગ્ય પુદ્ગલદ્રવ્યોથી બનાવેલ આહારક શરીરનું પણ સંસ્થાન મૂલગુણનિર્વર્તનાધિકરણ છે. આ શરીરનું ઉત્તરગુણનિર્વર્તનાધિકરણ નથી. તૈજસ્શરીરવર્ગણાને પ્રાયોગ્ય દ્રવ્યોથી બનાવેલ ઉષ્ણસ્વરૂપ, ખાધેલા આહારને પચાવવા માટે પીળા અગ્નિ જેવી શક્તિવાળા, લબ્ધિના કારણે અન્ય ઉપર નિગ્રહ-અનુગ્રહ કરનારા એવા તૈજસશરીરનું પણ સંસ્થાન મૂલગુણનિર્વર્તનાધિકરણ છે. તૈજસનું ઉત્તરગુણનિર્વર્તનાધિકરણ નથી.

'वाङ्मनःप्राणापानाश्च' इति, च શબ્દના ઉલ્લેખથી મૂલગુણનિર્વર્તનાધિકરણનો સંબંધ છે. વાણી-મનોવર્ગણાને પ્રાયોગ્ય દ્રવ્યથી બનાવેલા વાણી-મનના સંસ્થાનવિશેષો(=વિશિષ્ટ સંસ્થાનો) મૂલગુણનિર્વર્તના છે. તથા પ્રાણાપાનવર્ગણાને પ્રાયોગ્ય દ્રવ્યોથી બનાવેલ ઉચ્છ્વાસ-નિઃશ્વાસના સંસ્થાનો મૂલગુણનિર્વર્તનાધિકરણ છે. વાણી આદિની પણ ઉત્તરગુણનિર્વર્તના સંભવતી નથી.

આ પ્રમાણે મૂલગુણનિર્વર્તનાધિકરણનું (અને ઉત્તરગુણનિર્વર્તનાધિકરણનું) વ્યાખ્યાન કરીને હવે બીજી રીતે ઉત્તરગુણનિર્વર્તના ગુણને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે- "काष्ठ-पुस्त-चित्रकर्मादीनि" इति કાષ્ઠ-પુસ્ત-ચિત્રકર્મ વગેરે ઉત્તરગુણનિર્વર્તના છે. કર્મશબ્દ પ્રત્યેકની સાથે જોડવો. કાષ્ઠકર્મ એટલે બનાવેલી પુરુષ વગેરેની પ્રતિમા. આથી જ ઉત્તરગુણનિર્વર્તના કહેવાય છે. કેમકે પ્રસિદ્ધ પુરુષ આદિના આકારનું પ્રતિબિંબ બનાવવામાં આવે છે. એ પ્રમાણે પુસ્ત અને ચિત્રકર્મ પણ કહેવા. સૂતરના વસ્ત્ર આદિથી ગુંથેલા કૃત્રિમ નાના પુત્ર આદિ પુસ્તકર્મ છે. ચિત્રકર્મ અત્યંત પ્રસિદ્ધ છે. આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી લેપ્ય, પત્રછેદ્ય, જલકર્મ અને ભૂકર્મનું ગ્રહણ કરવું. (લેપ્ય=લેપથી બનાવેલ પૂતળી વગેરે. પત્રછેદ્ય=પત્રને=કાગળને કાપીને બનાવેલ પુરુષાકૃતિ વગેરે. જલકર્મ=પાણીમાં પડેલ પુરુષ પ્રતિબિંબ વગેરે. ભૂકર્મ=ભૂમિમાં પડેલ પુરુષની છાયા વગેરે)

શસ્ત્ર પણ સ્વસંસ્થાનથી તલવાર આદિ અનેક પ્રકારનું મૂલગુણ-નિર્વર્તનાધિકરણ કહ્યું છે. શસ્ત્રની તીક્ષ્ણતા અને ઉજ્જ્વલતા વગેરે ઉત્તરગુણનિર્વર્તનાધિકરણ છે.

હવે નિક્ષેપાધિકરણનો નિર્ણય કરવા માટે કહે છે- "निक्षेप" इत्यादि નિક્ષેપાધિકરણ ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે- અપ્રત્યવેક્ષિત-નિક્ષેપાધિકરણ, દુષ્પ્રમાર્જિતનિક્ષેપાધિકરણ, સહસાનિક્ષેપાધિકરણ, અનાભોગનિક્ષેપાધિકરણ.

**અપ્રત્યવેક્ષિતનિક્ષેપાધિકરણ**– ચક્ષુથી નહિ જોયેલા ભૂમિભાગમાં મૂકવા યોગ્ય દાંડાદિને મૂકવું, કેમકે આ સામાચારી(=સારો આચાર) નથી.

**દુષ્પ્રમાર્જિતનિક્ષેપાધિકરણ**– પ્રમાદથી અનેકવાર કે એકવાર (રજોહરણથી) પ્રમાર્જેલા ભૂમિ ભાગમાં દાંડાદિને મૂકવું. એક સમયે ત્રણ વખત પ્રમાર્જવાથી સુપ્રમાર્જિત[1] થાય.

**સહસાનિક્ષેપાધિકરણ**– જાણવા છતા કોઈક રીતે પ્રમાદથી અશુદ્ધ (જોયા વિનાના કે બરોબર જોયા વિનાના અને પ્રમાર્જ્યા વિનાના કે બરોબર પ્રમાર્જ્યા વિનાના) ભૂમિભાગ ઉપર વસ્તુ મૂકવી તે સહસાનિક્ષેપાધિકરણ છે.

**અનાભોગનિક્ષેપાધિકરણ**– અત્યંત વિસ્મરણ થવાથી અનુચિત (=જોયા વિનાના અને પ્રમાર્જ્યા વિનાના) ભૂભાગમાં વસ્તુ મૂકવી તે અનાભોગનિક્ષેપાધિકરણ છે.

સંયોગાધિકરણ ભક્તપાનસંયોજના અને ઉપકરણસંયોજના એમ બે પ્રકારે છે.

**ભક્તપાનસંયોજના**– ભક્ત (અશન-ખાદિમ-સ્વાદિમ) એમ ત્રણ પ્રકારે છે. દ્રાક્ષાપાન વગેરે પાન છે. ભક્તપાનસંયોજના બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારની છે. બહાર ભાત વગેરે મળતા દૂધ આદિની

૧. प्रत्यवेक्षितेऽपि भूप्रदेशे दुष्प्रमार्जिते रजोहरणेनाप्रमार्जिते वा निक्षेपोऽधिकरणं भवति। सुप्रमार्जितं त्वेकतस्त्रिरिति तद्विपरीतं दुष्प्रमार्जितम्। (श्री सिद्धसेनगणिकृतटीका)

માગણી કરવાથી બાહ્યસંયોજના થાય. મુખમાં કોળિયામાં ઉપદંશ(=એક પ્રકારનું સ્વાદિષ્ટ દ્રવ્ય) વગેરે નાખીને વાપરે એ અભ્યંતરસંયોજના છે. એ પ્રમાણે યોગ્ય પાણી મળી જતા (પાણીમાં નાખવા) ચાતુર્જાત[1] વગેરેની માગણી કરવાથી બાહ્યસંયોજના થાય અને તે તે આહારની ઉપર આવું પાણી પીવાથી અભ્યંતરસંયોજના થાય. આ અધિકરણ છે, કેમ કે આ સમાચારી(=સારો આચાર) નથી.

**ઉપકરણસંયોજના–** વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણ છે. તેવા પ્રકારનું વિચિત્ર(=સુંદર) વસ્ત્ર મળતા તેને અનુરૂપ બીજું વસ્ત્ર માગવાથી અને તેનો પરિભોગ કરવાથી સંયોજનાઅધિકરણ થાય.

**નિસર્ગાધિકરણ–** નિસર્ગાધિકરણ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે- કાયનિસર્ગાધિકરણ, વચનનિસર્ગાધિકરણ અને મનોનિસર્ગાધિકરણ. કાય એટલે ઔદારિક શરીર. તેનો અવિધિથી (જલપ્રવેશાદિથી) ત્યાગ કરવો તે કાયનિસર્ગાધિકરણ છે. કારણ કે એમ કરવાથી અન્યની કાયાને પીડા થાય છે. એ પ્રમાણે વચનનિસર્ગ અને મનોનિસર્ગ પણ કહેવા. શાસ્ત્રબાહ્ય=શાસ્ત્રમાં ન કહી હોય તેવી વિધિથી, અર્થાત્ શાસ્ત્રોક્ત વિધિ વિના શરીરાદિનો ત્યાગ અધિકરણ જ છે.

**પ્રશ્ન–** આ અજીવાધિકરણ કેવી રીતે છે ?

**ઉત્તર–** બાહ્યવ્યાપારની અપેક્ષાએ અજીવાધિકરણ છે. કેમ કે કાયા વગેરે અચેતન છે. મૂલગુણનિર્વર્તનાધિકરણ પણ શરીર વગેરેનું માત્ર સંસ્થાન છે. આ પ્રમાણે વિશેષ છે.

(શરીર વગેરેની રચના વગેરે જીવ જ કરે છે તો પછી આને અજીવાધિકરણ કેમ કહેવાય ? એમ પ્રશ્નકારનો આશય છે. આનો ઉત્તર આપતા કહે છે કે, જીવની અપેક્ષા વિના માત્ર બાહ્યવ્યાપારની અપેક્ષા છે. બાહ્યવ્યાપાર કાયાદિથી થાય છે. કાયા વગેરે તો અજીવ છે. આથી નિર્વર્તના વગેરે અજીવાધિકરણ છે.) (૬-૧૦)

૧. તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર એ ચારની ચાતુર્જાત સંજ્ઞા છે.

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता सकषायाकषाययोर्योगः साम्परायिकेर्यापथयोरास्रव इति । साम्परायिकं चाष्टविधं वक्ष्यते । तत् किं सर्वस्याविशिष्ट आस्रव आहोस्वित् प्रतिविशेषोऽस्तीति । अत्रोच्यते । सत्यपि योगत्वाविशेषे प्रकृतिं प्राप्यास्रवविशेषो भवति । तद्यथा–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે કે- આપે કહ્યું કે- સકષાયયોગ સાંપરાયિકઆસ્રવ છે, અકષાયયોગ ઈર્યાપથઆસ્રવ છે. સાંપરાયિક-આસ્રવ આઠ પ્રકારનો છે તે આગળ કહેવાશે. તો શું બધાને એક સરખો આસ્રવ થાય છે કે તેમાં કંઈ ભેદ છે ? અહીં ઉત્તર કહેવાય છે- યોગ એક સરખો હોવા છતાં પ્રકૃતિના કારણે આસ્રવમાં ભેદ પડે છે. તે આ પ્રમાણે-

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि, सम्बन्धग्रन्थः, अत्र सामान्या-श्रवविचारे भवतोक्तं, किमित्याह-सकषायाकषाययोः बन्धकयोर्योगः कायादिव्यापारः यथासङ्ख्यं साम्परायिकेर्यापथयोः कर्मणोराश्रव इत्येवमुक्तं भवता, साम्परायिकं च कर्म अष्टविधं ज्ञानावरणादि वक्ष्यते बन्धाध्याये, तत् किं सर्वस्य कर्मणो ज्ञानावरणादेः अविशिष्टः आश्रवस्तुल्यः कायादिव्यापारो हेतुः आहोश्वित् प्रतिविशेषो भेदः कर्म कर्म प्रति कश्चिदस्तीति, अत्रोच्यते समाधिः, 'सत्यपी'त्यादिना, सत्यपि भवत्यपि योगत्वाविशेषे योगसामान्ये किमित्याह-प्रकृतिं प्राप्याश्रित्य ज्ञानावरणादिलक्षणादिलक्षणो आश्रवविशेषो भवति, एनमेव दर्शयति- 'तद्यथे'त्यादिना–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. અહીં=સામાન્યથી આસ્રવની વિચારણામાં આપે કહ્યું છે કે સકષાય(=કષાય સહિત) બંધક આત્માનો યોગ=કાયાદિ વ્યાપાર સાંપરાયિકકર્મનો આસ્રવ બને છે અને અકષાય(=કષાય રહિત) બંધક આત્માનો યોગ ઈર્યાપથ(=રસ રહિત)કર્મનો આસ્રવ બને છે. સાંપરાયિકકર્મ જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારે છે અને તેને બંધ નામના

અધ્યાયમાં (અ.૮ સૂ.૫ માં) કહેશે. તેથી પ્રશ્ન થાય છે કે જ્ઞાનાવરણાદિ બધા જ કર્મોનો આસ્રવ(=કાયાદિ વ્યાપારરૂપ હેતુ) તુલ્ય છે કે દરેક કર્મ પ્રત્યે આસ્રવમાં કોઈ ભેદ છે ? અહીં સમાધાન કહેવાય છે- યોગ સામાન્ય હોવા છતાં જ્ઞાનાવરણાદિ પ્રકૃતિને આશ્રયીને આસ્રવવિશેષો થાય છે=આસ્રવમાં ભેદ થાય છે. तद्यथा (તે આ પ્રમાણે-) ઇત્યાદિથી ભેદને જ બતાવે છે–

**જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવો–**

**तत्प्रदोष-निह्नव-मात्सर्या-ऽन्तराया-ऽऽसादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥६-११॥**

**સૂત્રાર્થ–** જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો સંબંધી યથાસંભવ પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન અને ઉપઘાત એ છ જ્ઞાનાવરણકર્મના તથા દર્શન, દર્શની અને દર્શનના સાધનો વિષે યથાસંભવ પ્રદોષાદિ છ દર્શનાવરણકર્મના આસ્રવો છે. (૬-૧૧)

**भाष्यं–** आस्रवो ज्ञानस्य ज्ञानवतां ज्ञानसाधनानां च प्रदोषो निह्नवो मात्सर्यमन्तराय आसादन उपघात इति ज्ञानावरणास्रवा भवन्ति । ऐतैर्हि ज्ञानावरणं कर्म बध्यते । एवमेव दर्शनावरणस्येति ॥६-११॥

**ભાષ્યાર્થ–** જ્ઞાન, જ્ઞાનીઓ અને જ્ઞાનના સાધનોનો પ્રદ્વેષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન અને ઉપઘાત કરવાથી જ્ઞાનાવરણીય-કર્મનો આસ્રવ થાય છે અને તેના વડે જ જ્ઞાનાવરણકર્મ બંધાય છે. એ જ(=જ્ઞાનાવરણના જે આસ્રવો છે તે જ) દર્શનાવરણના (પણ) આસ્રવો છે. (૬-૧૧)

**टीका–** प्रदोषश्च निह्नवश्चेत्यादिर्द्वन्द्वः, तयोर्ज्ञानदर्शनयोः प्रदोषादयः ज्ञानदर्शनावरणयोराश्रव इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'ज्ञानस्ये'त्यादिना ज्ञानस्य-मत्यादेः सामान्येन तथा ज्ञानवतामाचार्यादीनां ज्ञानसाधनानां च पुस्तकादीनां किमित्याह-प्रदोष इति, प्रकृष्टो दोषः, किमनेन क्रियारहितेन ? अनन्तगममेतत् परलोकस्यैते मत्सराः निह्नवो

वाचनाऽऽचार्याऽपलापः ज्ञाननिह्नवो वा नाहमिदं वेद्मीति, मात्सर्यं योग्यार्थिनोऽपि ज्ञानादानं, मा मत्समो भवतु कश्चिदिति परिणामः, विघ्नकरणं अन्तरायः श्रवणादौ आसादना अविध्यादिग्रहणादिना उपघातो मतिमोहेनाहाराद्यदानेन इत्येवमाद्याः प्राणातिपातादयश्च, द्वीन्द्रियादीनामपि तद्भावात् व्यपेतापत्तेः, ज्ञानावरणस्य कर्मणः आश्रवा भवन्ति, प्रवेशमार्ग इत्यर्थः, आश्रवभावार्थमाह-एतैर्हि ज्ञानावरणं पुद्गलात्मकं कर्म बध्यते, तस्मादेते आश्रवा इति,

एवमेवेत्यादि, एवमेवेत्यनेनातिदेशमाह, यथा ज्ञानावरणस्य तत्प्रदोषादयः तथा दर्शनावरणस्यापि चक्षुर्दर्शनावरणादेः, नवरं दर्शनस्य तत्त्वार्थश्रद्धानलक्षणस्य दर्शनिनां-विशिष्टाचार्याणां दर्शनसाधनानां च सम्मत्यादिपुस्तकानामिति वाच्यं ॥६-११॥

**ટીકાર્થ–** સૂત્રમાં પ્રદોષ અને નિહ્નવ વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. તત્ પદથી જ્ઞાન-દર્શન અપેક્ષિત છે. જ્ઞાન-દર્શન સંબંધી પ્રદોષ વગેરે જ્ઞાનાવરણ-દર્શનાવરણના આસ્રવો છે, એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'ज्ञानस्य' ઇત્યાદિથી કહે છે- જ્ઞાનના=સામાન્યથી મતિ-આદિ જ્ઞાન સંબંધી તથા જ્ઞાનીના=આચાર્ય આદિ સંબંધી અને જ્ઞાનસાધનના=પુસ્તક આદિ સંબંધી પ્રદોષ વગેરે જ્ઞાનાવરણ કર્મના આસ્રવો=પ્રવેશમાર્ગ છે.

**પ્રદોષ–** પ્રકૃષ્ટ દ્વેષ તે પ્રદોષ. ક્રિયારહિત જ્ઞાનથી શું ? એવા પ્રકારનો અંતરમાં જ્ઞાન પ્રત્યેનો જે તિરસ્કારભાવ તે પ્રદોષ. જ્ઞાન અનંત ગમવાળું છે=શાસ્ત્રમાં એક સરખા પાઠો વારંવાર આવે છે. एते(=જ્ઞાનીઓ) પરલોકની ઈર્ષ્યાવાળા છે. તે પ્રદોષ છે.

**નિહ્નવ–** વાચનાચાર્યનો અપલાપ કરવો અથવા હું આ જાણતો નથી એમ જ્ઞાનને છુપાવવું.

**માત્સર્ય–** મારા સમાન કોઇ ન થાઓ એવો પરિણામ તે માત્સર્ય (=ઈર્ષ્યા) છે. આવા પરિણામથી યોગ્ય અર્થીને પણ જ્ઞાન ન આપવું.

**અંતરાય–** શ્રવણ વગેરેમાં વિઘ્ન કરવો.

**આસાદના–** અવિધિ-આદિથી ગ્રહણ કરવું વગેરે દ્વારા આસાદના કરવી=જ્ઞાનનો અનાદર કરવો.

**ઉપઘાત–** મતિમોહથી આહાર વગેરે નહિ આપીને ઉપઘાત(=જ્ઞાનનો નાશ) કરવો તથા પ્રાણાતિપાત વગેરે જ્ઞાનાવરણકર્મના આસ્રવો છે. કારણ કે દ્વીન્દ્રિય વગેરે જીવોને પણ જ્ઞાન હોય છે. દ્વીન્દ્રિયાદિના નાશથી જ્ઞાનનો નાશ થવાની આપત્તિ આવે છે. આસ્રવ શબ્દના ભાવાર્થને કહે છે- ("एतैर्हि" इत्यादि) આ કારણોથી પુદ્ગલરૂપ જ્ઞાનાવરણકર્મ બંધાય છે તેથી આ આસ્રવો છે.

'एवमेव' इत्यादि, एवमेव(=એ જ પ્રમાણે) એવા પ્રયોગથી ભલામણને કહે છે. પ્રદોષ વગેરે જેવી રીતે જ્ઞાનાવરણના આસ્રવો છે તેવી રીતે ચક્ષુદર્શનાવરણ વગેરે દર્શનના પણ આસ્રવો છે. ફક્ત આટલું વિશેષ કહેવું–

દર્શન=તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા.

દર્શની=વિશિષ્ટ આચાર્યો.

દર્શન સાધનો=સમ્મતિતર્ક વગેરે પુસ્તકો. (૬-૧૧)

**टीकावतरणिका–** असद्वेद्यस्याश्रवानाह–

**ટીકાવતરણિકાર્થ–** અસાતાવેદનીયના આસ્રવોને કહે છે–

**અસાતાવેદનીય કર્મના આશ્રવો–**

**दुःख-शोक-तापा-ऽऽक्रन्दन-वध-परिदेवनान्यात्म-**

**परोभयस्थान्यसद्वेद्यस्य ॥६-१२॥**

**સૂત્રાર્થ–** દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવન (૧) સ્વયં અનુભવે (૨) અન્યને કરાવે કે (૩) સ્વયં અનુભવે અને અન્યને પણ કરાવે એમ ત્રણ રીતે અસદ્વેદ્યકર્મના આસ્રવો છે. (૬-૧૨)

**भाष्यं–** दुःखं शोकस्ताप आक्रन्दनं वधः परिदेवनमित्यात्मसंस्थानि परस्य क्रियमाणान्युभयोश्च क्रियमाणान्यसद्वेद्यस्यास्रवा भवन्तीति ॥६-१२॥

**ભાષ્યાર્થ–** દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવન એ પોતામાં રહેલા હોય તો પોતાને, બીજાને કરતા હોય તો બીજાને અને ઉભયને(=પોતાને અને બીજાને) કરતા હોય તો ઉભયને અસાતાવેદનીયના આસ્રવો થાય છે. (૬-૧૨)

**टीका–** दुःखादीन्यात्माद्यधिकरणान्यसद्वेद्यस्याश्रवा भवन्तीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'दुःख'मित्यादिना तत्र दुःखयतीति दुःखं-बाधालक्षणं शारीरादिः, शोको मानसवैक्लव्यं मानसः परिणामः, तापस्तत्फलभूतो देहपीडाविशेषः, आक्रन्दनमुच्चैरार्त्तविलपनं, वधः कशादिताडनं, परिदेवनं मुहुर्मुहुर्नष्टचित्ततयैव समन्ताद्विलपनं इत्येवमादीनि आत्मस्थान्यात्मनि वर्तमानानि आगमोक्तविधिबाधया, परस्य क्रियमाणान्यविधिलोचकरणादिना, उभयोस्तूभयोः क्रियमाणान्यविधिशिक्षाग्रहणादिना असद्वेद्यस्येति असदित्यशोभनविधिना वेद्यते यत् कर्म तस्याश्रवा भवन्तीति पूर्ववत् ॥६-१२॥

**ટીકાર્થ–** દુઃખ વગેરે આત્માદિના અધિકરણવાળા(=સ્વ આદિમાં રહેલા) અસાતાવેદનીયકર્મના આસ્રવો થાય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'दुःखम्' ઇત્યાદિથી કહે છે- આગમોક્ત વિધિની વિરાધનાથી(=અપાલનથી) આત્મસ્થ=પોતાનામાં રહેલા, અવિધિથી લોચ કરવો આદિથી પરને કરાતા, અવિધિથી શિક્ષાગ્રહણાદિથી સ્વ-પર ઉભયને કરાતા દુઃખ વગેરે અસદ્‌વેદ્ય કર્મના આસ્રવો થાય છે.

**દુઃખ–** શરીરાદિની પીડા.

**શોક–** મનની વ્યાકુળતારૂપ માનસિક પરિણામ.

**તાપ–** શોકના ફળરૂપ દેહમાં થનાર પીડાવિશેષ.

**આક્રંદન–** પીડા પામેલા જીવનો મોટા અવાજથી વિલાપ.

**વધ–** ચાબુકાદિથી માર મારવો.

**પરિદેવન–** ચિત્તનો નાશ થવાથી વારંવાર ચોતરફ(=જ્યાં ત્યાં) વિલાપ કરવો.

**અસદ્વેદ્ય–** અશુભ રીતે(=દુઃખપૂર્વક) વેદાય તે અસદ્વેદ્ય. (૬-૧૨)

**टीकावतरणिका–** सद्वेद्यस्याश्रवानाह–

**ટીકાવતરણિકાર્થ–** સાતાવેદનીયના આસ્રવોને કહે છે–

**સાતાવેદનીય કર્મના આશ્રવો–**

## भूत-व्रत्यनुकम्पा दानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥६-१३॥

**સૂત્રાર્થ–** ભૂત-અનુકંપા, વ્રતી-અનુકંપા, દાન, સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા, બાલતપ, ક્ષમા અને શૌચ એ સાતાવેદનીય કર્મના આસ્રવો છે. (૬-૧૩)

**भाष्यं–** सर्वभूतानुकम्पा अगारिष्वनगारिषु च व्रतिष्वनुकम्पाविशेषो दानं सरागसंयमः संयमासंयमोऽकामनिर्जरा बालतपोयोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्यास्रवा भवन्ति ॥६-१३॥

**ભાષ્યાર્થ–** સર્વ જીવો ઉપર દયા, વ્રતી એવા ગૃહસ્થો અને સાધુઓ પ્રત્યે અનુકંપાવિશેષ(=ભક્તિ), દાન, સરાગસંયમ, સંયમાસંયમ (=દેશવિરતિ), અકામનિર્જરા, બાલતપયોગ(=બાલતપ કરવું), ક્ષમા અને શૌચ એ સાતાવેદનીયકર્મના આસ્રવો છે. (૬-૧૩)

**टीका–** भूतानुकम्पादयो जातिभेदेन सद्वेद्यस्याश्रवा भवन्तीति सूत्रसमुदायार्थः। अवयवार्थं त्वाह-'सर्वभूतानुकम्पे'त्यादिना, सर्वभूतानुकम्पा अविशेषेण सर्वभूतदया अगारिष्वित्यगारं-गृहमधिकरणव्यापारवत्तया एषामगारिणः लिङ्गस्था अलिङ्गस्था वा तेषु, अनगारिषु च तद्विपरीतेषु गृहव्यापारविरतेष्वित्यर्थः, अत एवाह-व्रतिषु प्राणातिपातादिविरतिमत्सु अनुकम्पाविशेष इत्यतिशयवत्यनुकम्पा, तथा दानं सर्वेष्वेतेषु स्वस्याहारादेः अतिसर्जनलक्षणं, एवं सरागसंयमः

मूलगुणोत्तरगुणसम्पद् लोभाद्युदयवान् प्राणवधाद्युपरमः, एवं संयमासंयमः स्थूलप्राणातिपातादिनिवृत्तिरूपः, तथा अकामनिर्जरा कुतश्चित् पारतन्त्र्यादुपभोगनिरोधरूपा तथा पालनाया अयोगः, अज्ञानतपो बालतपस्विनस्तपो यत् योगः व्यापारः पञ्चाग्न्याद्यनुष्ठानलक्षणः प्रवचनेऽपि शास्त्रबाधाप्रवृत्तिः एवं क्षान्तिः उपकार्यादिभेदात् क्रोधनिवृत्तिः, एवं शौचं शुचिभावः शुचिकर्म वा, एतल्लोभोपशमलक्षणं, परमत्र, पूतोदकाङ्गप्रक्षालनं त्वपरमिति, इतिशब्दः प्रकारार्थः, एवंप्रकारा अन्येऽपि सद्वेद्यस्याश्रवा भवन्तीति समानं पूर्वेण ॥६-१३॥

**ટીકાર્થ–** ભૂત-અનુકંપા વગેરે જાતિભેદથી[1] સદ્વેદ્યના આસ્રવો થાય છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'सर्वभूतानुकम्पा' ઇત્યાદિથી કહે છે–

**સર્વભૂતાનુકંપા–** કોઈ જાતના ભેદ વિના સર્વ જીવો ઉપર દયા.

**વ્રતી-અનુકંપા–** અગારી અને અનગારી વ્રતીઓમાં અનુકંપાવિશેષ. અગાર એટલે ગૃહ. અધિકરણ રૂપ વ્યાપાર જેમાં હોય છે તે ગૃહ. આવું ઘર જેમને હોય તે અગારી છે. અગારીઓ લિંગસ્થ(=વ્રતીના વેશમાં રહેલા) અને અલિંગસ્થ(=વ્રતીના વેશવિનાના) એમ બે પ્રકારના છે. અગારીઓથી વિપરીત=ગૃહવ્યાપારથી વિરામ પામેલા અનગારીઓ છે.

વ્રતી એટલે પ્રાણાતિપાતાદિથી વિરામ પામેલા. અગારીવ્રતીઓમાં અને અનગારીવ્રતીઓમાં વિશેષ અનુકંપા કરવી તે વ્રતી-અનુકંપા છે.

**દાન–** આ સર્વવ્રતીઓને પોતાનો આહાર વગેરે આપવું તે દાન.

**સરાગસંયમ–** મૂલગુણ-ઉત્તરગુણ સંપત્તિરૂપ અને લોભાદિના ઉદયવાળી પ્રાણીવધાદિની વિરતિ=એ સરાગસંયમ છે.

---

૧. પૂર્વ સૂત્રમાં દુઃખ વગેરે જાતિથી ભિન્ન નથી. દુઃખ વગેરે બધા જ દુઃખસ્વરૂપ હોવાથી દુઃખરૂપ જાતિથી અભિન્ન=સમાન છે. બધા જ દુઃખજાતિના છે. ભૂત-અનુકંપા વગેરે એ રીતે જાતિથી અભિન્ન નથી=ભિન્ન છે. માટે ટીકામાં જાતિભેદથી એમ કહ્યું છે.

**સંયમાસંયમ–** સ્થૂલપ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ એ સંયમાસંયમ છે.

**અકામનિર્જરા–** કોઈક પરતંત્રતાથી ઉપભોગનો નિરોધ થાય તથા કોઈ પાલન કરનાર ન હોય એના કારણે અનિચ્છાએ જે કંઈ સહન કરવું પડે તેને આર્તધ્યાન કર્યા વિના સહન કરે તેથી થતી નિર્જરા અકામ નિર્જરા છે.

**બાલતપોયોગ–** બાલતપસ્વીનો તપ તથા પંચાગ્નિ આદિ અનુષ્ઠાન રૂપ વ્યાપાર, જૈનશાસનમાં પણ શાસ્ત્ર સાથે વિરોધ થાય તેવી પ્રવૃત્તિ કરવી, આ બાલતપોયોગ છે.

**ક્ષાંતિ–** ક્રોધની નિવૃત્તિ=ક્રોધ ન કરવો એ ક્ષમા છે. તેના ઉપકારક્ષમા વગેરે પાંચ ભેદો છે.

**શૌચ–** શુચિનો ભાવ કે શુચિનું કાર્ય તે શૌચ. અહીં લોભના ઉપશમ(=સંતોષ)રૂપ શૌચ છે. તે મુખ્ય શૌચ છે. સ્વચ્છ પાણીથી શરીરનું પ્રક્ષાલન કરવું તે શૌચ ગૌણ છે.

इति શબ્દ પ્રકારના અર્થવાળો છે. આવા પ્રકારના બીજા (ધર્મરાગ, વેયાવચ્ચ, દેવગુરુની ભક્તિ, માતા-પિતાની સેવા વગેરેના શુભ પરિણામ વગેરે) પણ સાતાવેદનીયના આસ્રવો છે. (૬-૧૩)

**टीकावतरणिका–** दर्शनमोहाश्रवानाह–

**ટીકાવતરણિકાર્થ–** દર્શનમોહના આસ્રવોને કહે છે–

**દર્શનમોહનીયકર્મના આશ્રવો–**

**केवलि-श्रुत-सङ्घ-धर्म-देवावर्णवादो दर्शनमोहस्य ॥६-१४॥**

**સૂત્રાર્થ–** કેવળીનો, શ્રુતનો, સંઘનો, ધર્મનો અને દેવોનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે. (૬-૧૪)

**भाष्यं–** भगवतां परमर्षीणां केवलिनामर्हत्प्रोक्तस्य च साङ्गोपाङ्गस्य श्रुतस्य चातुर्वर्णस्य सङ्घस्य पञ्चमहाव्रतसाधनस्य धर्मस्य चतुर्विधानां च देवानामवर्णवादो दर्शनमोहस्यास्रवा इति ॥६-१४॥

**ભાષ્યાર્થ–** ભગવાન(=પરમ ઐશ્વર્ય આદિવાળા) પરમર્ષિ (=ભવિષ્યમાં મોક્ષમાં જનારા) કેવલી ભગવંતોનો, અરિહંત ભગવંતે કહેલા અંગ-ઉપાંગ સહિત શ્રુતજ્ઞાનનો, ચતુર્વિધ શ્રીસંઘનો, પાંચ મહાવ્રત સાધન છે જેના એવા (સાધ્ય) ધર્મનો, ચારેય પ્રકારના દેવોનો અવર્ણવાદ(=નિંદા વગેરે) દર્શનમોહનીયકર્મના આસ્રવો છે. (૬-૧૪)

**टीका–** केवल्यादिनिन्दादि दर्शनमोहस्याश्रवो भवतीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'भगवता'मित्यादिना भगवतां समग्रैश्वर्यादियोगिनां परमर्षीणां परमार्थगामिनां केवलिनां सर्वज्ञानां अवर्णवाद इति सम्बन्धः, एवं अर्हत्प्रोक्तं तदर्थाभिधानतः साङ्गोपाङ्गस्य श्रुतस्य आचारराजप्रसेनजिद्रूपस्य, एवं चातुर्वर्णस्य सङ्घस्य, इह चत्वारो वर्णाः साधुसंयतिश्रावकश्राविकाख्या वर्ण्यन्त इति वर्णा इतिकृत्वा, एवं पञ्चमहाव्रतसाधनस्य धर्मस्य यतिसम्बन्धिनः क्षान्त्यादिप्रधानस्य, एवं चतुर्विधानां भवनवास्यादीनां (देवानां) अवर्णवादः-अवर्णभाषणं, किं केवलिना निवृत्तभोगसुखेन ? किं श्रुतेन प्राकृतादिदोषवता ? किं सङ्घेन मलगेन कल्पेन ? किं धर्मेणानुपभोगस्थानाप्तिफलेन ? किं देवैर्भोजनादिक्रियारहितैरित्येवमाद्यवर्णवादो दर्शनमोहस्य कर्मणो मिथ्यात्वप्रधानस्याश्रवो भवतीति व्याख्यातमेव ॥६-१४॥

**ટીકાર્થ–** કેવળી વગેરેની નિંદા વગેરે દર્શનમોહનો આસ્રવ છે. એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'भगवताम्' ઇત્યાદિથી કહે છે–

**કેવળી–** ભગવાન=સમગ્ર ઐશ્વર્યાદિના યોગવાળા[1] પરમર્ષિ= ભવિષ્યમાં મોક્ષમાં[2] જનારા કેવળી=સર્વજ્ઞ. ભોગસુખથી નિવૃત્ત એવા

૧. ભગ જેને છે તે ભગવાન એવી ભગવદ્ શબ્દની વ્યુત્પત્તિ છે. સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન - આ છની 'ભગ' એવી સંજ્ઞા છે. માટે અહીં સમગ્ર ઐશ્વર્યાદિના યોગવાળા એમ કહ્યું છે. સમગ્ર ઐશ્વર્ય=આઠ મહાપ્રાતિહાર્ય.

૨. અહીં गामी એ સ્થળે સિદ્ધહેમશબ્દા. અ.૫ પાદ-૩ સૂ.૧ થી 'ભવિષ્ય' અર્થમાં इन् પ્રત્યય આવ્યો છે.

કેવળીથી શું ? ઇત્યાદિ કેવળીનો(=તીર્થંકરનો) અવર્ણવાદ દર્શનમોહનો આસ્રવ છે.

**શ્રુત–** શ્રુત અરિહંતોએ કહ્યું છે. કેમકે તેનો અર્થ અરિહંતોએ કહ્યો છે. સાંગોપાંગ એટલે અંગ ઉપાંગોથી સહિત. આચારરૂપ રાજાઓમાં પ્રસેનજિત રાજા તુલ્ય, અર્થાત્ આચારોમાં મુખ્ય. (આચારાંગ શાસ્ત્ર સર્વપ્રથમ હોવાથી અને તેમાં મુખ્યપણે આચારો જણાવ્યા હોવાથી ઉપચારથી શ્રુત આચારોમાં મુખ્ય ગણાય. આ અપેક્ષાથી ટીકાકારે आचारराजप्रसेनजिद्रूपस्य કહ્યું હોય એમ જણાય છે.) આવા શ્રુતનો 'પ્રાકૃતભાષામાં રચાયેલું છે ઇત્યાદિ દોષવાળા શ્રુતથી શું ?' ઇત્યાદિથી અવર્ણવાદ દર્શનમોહનો આસ્રવ છે.

**સંઘ–** સંઘ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચાર વર્ણવાળો છે. સંઘ તરીકે સાધુ આદિ ચારનું (શાસ્ત્રમાં) વર્ણન કરવામાં આવે છે માટે સંઘ ચતુર્વર્ણ કહેવાય છે. 'મલિન જેવા સંઘથી શું ?' ઇત્યાદિ સંઘનો અવર્ણવાદ દર્શનમોહનો આસ્રવ છે.

**ધર્મ–** ક્ષમાદિપ્રધાનતાવાળા, પાંચમહાવ્રતરૂપ સાધુધર્મના સ્વરૂપવાળા, જ્યાં ઉપભોગ નથી એવા સ્થાનની પ્રાપ્તિ કરાવનારા ધર્મથી[1] શું ? ઇત્યાદિ ધર્મનો અવર્ણવાદ દર્શનમોહનો આશ્રવ છે.

**દેવ–** ભોજનાદિની ક્રિયાથી રહિત ભવનપતિ-આદિ ચાર પ્રકારના દેવોથી શું ? ઇત્યાદિ દેવોનો અવર્ણવાદ મિથ્યાત્વની પ્રધાનતાવાળા દર્શનમોહકર્મનો આસ્રવ છે. (૬-૧૪)

**टीकावतरणिका–** चारित्रमोहाश्रवानाह–

**ટીકાવતરણિકાર્થ–** ચારિત્રમોહના આસ્રવોને કહે છે–

**ચારિત્રમોહનીય કર્મના આશ્રવો–**

**कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥६-१५॥**

१. अनुपभोगस्थानाप्तिफलेन=જેમાં (ભૌતિક સુખનો) ઉપભો[ગ] ... જેનું તે अनुपभोगस्थानाप्तिफलम् तेन ।

**સૂત્રાર્થ–** કષાયના ઉદયથી આત્માનો તીવ્ર(=પ્રકૃષ્ટ)પરિણામ ચારિત્રમોહનો આસ્રવ છે. (૬-૧૫)

**भाष्यं–** कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्यास्रवो भवति ॥६-१५॥

**ભાષ્યાર્થ–** કષાયના ઉદયથી તીવ્ર(=ઉત્કટ) આત્માનો પરિણામ ચારિત્રમોહનીયનો આસ્રવ છે. (૬-૧૫)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थं त्वाह-'कषाये'त्यादिना कषायाः-क्रोधादयः तदुदयात् सामान्येन तीव्रो-रौद्रः आत्मपरिणामः आत्मपरिणामविशेषः चारित्रमोहस्याश्रवो भवति, विशेषतस्तु शब्दादिविषयेषु गार्द्ध्यमीर्ष्यालुत्वमनृतवादित्वं वक्रता परदाराभिप्रियता स्त्रीवेदबन्धहेतवः, ऋजुसमाचारता मन्दक्रोधकषायादिता स्वदाररतिप्रियता अनीर्ष्यालुत्वं पुरुषवेदबन्धहेतवः, तीव्रक्रोधादिना पशूनां बन्धलक्षण-मुण्डनरतित्वं स्त्रीपुरुषेष्वनङ्गसेवनशीलता शीलगुणव्रतधारिपाखण्ड-योषित्सु व्यभिचारकारिता तीव्रविषयानुसंगिता च नपुंसकवेदबन्धहेतवः, उत्प्रासनदीनाभिलापकन्दर्पोपहसनबहुप्रलापहासशीलता हास्यवेदनीय-स्याश्रवः, स्वशोकोत्पादशोचनपरदुःखाधिकरणशोकमूलकताभिनन्दिता शोकमोहनीयस्य, विचित्रपरिक्रीडनपरचित्तावर्जनबहुविधरमणपीडा-भावदेशाद्यौत्सुक्यप्रीतिसञ्जननानि रतिमोहनीयस्य, परराजप्रादुर्भावनं रतिविनाशः पापशीलता अकुशलक्रिया प्रोत्साहनासूयादयस्त्वरतिवेद-नीयस्य, स्वयम्भयपरिणामपराभवोत्पादननिर्दयत्वत्रासनादीनि भयवेद-नीयस्य, सद्धर्मप्रसक्तचतुर्वर्णशिष्टवर्गकुशलक्रियाचारप्रवणजुगुप्सा-परिवादनशीलत्वादयो जुगुप्साऽऽश्रवा भवन्तीति, स्वपरकषायोदीरणा च कषायस्येत्याचार्याः ॥६-१५॥

**ટીકાર્થ–** સમુદાયાર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો कषाय ઇત્યાદિથી કહે છે- ક્રોધાદિ કષાયોના ઉદયથી આત્માનો રૌદ્ર(=હિંસાદિનો) પરિણામ-વિશેષ સામાન્યથી ચારિત્રમોહનો આશ્રવ છે. વિશેષથી તો આસ્રવો આ

પ્રમાણે છે- શબ્દાદિ વિષયોમાં આસક્તિ, ઈર્ષ્યા, અસત્ય બોલવું, વક્રતા, પરસ્ત્રી પ્રત્યે પ્રેમ- આ સ્ત્રીવેદના બંધહેતુઓ છે. સરળ આચરણ, ક્રોધ-કષાયની મંદતા વગેરે, સ્વસ્ત્રી સાથે રતિમાં પ્રેમ, કોઈની પણ ઈર્ષ્યા ન કરવી આ પુરુષવેદના બંધહેતુઓ છે. તીવ્ર ક્રોધાદિથી પશુઓનું બંધરૂપ મુંડન કરવામાં પ્રેમ, સ્ત્રી-પુરુષોમાં મૈથુન-સેવન માટેના અંગો સિવાયના (હસ્તાદિ) અવયવોથી કામસેવન કરવાનો સ્વભાવ, શીલગુણને ધારણ કરનાર મિથ્યાધર્મવાળી (પરિવ્રાજિકા વગેરે) સ્ત્રીઓમાં વ્યભિચાર કરે, વિષયોની તીવ્રાસક્તિ- આ નપુંસકવેદના બંધહેતુઓ છે. અટ્ટહાસ્ય, દીનતાથી બોલવું, કામપૂર્વક હસવું, બહુ પ્રલાપ કરવો, હસવાનો સ્વભાવ- આ હાસ્યવેદનીયકર્મના આસ્રવો છે. પોતાને શોકનો પ્રસંગ ઉત્પન્ન થયે છતે શોક કરવો, બીજાને દુઃખનું અધિકરણ પ્રાપ્ત થયે છતે શોકમૂલકતા તથા અભિનંદિતા ધારણ કરવી એ શોક મોહનીયના આસ્રવો છે. વિવિધ રીતે સર્વ રીતે ક્રીડા કરવી, પરચિત્તને પ્રસન્ન કરવું, વિવિધ રીતે રમવું, બીજાઓને પીડા ન ઉપજાવવી, દેશ વગેરેને જોવાની ઉત્સુકતા, બીજાઓને પ્રીતિ ઉત્પન્ન કરવી - આ રતિમોહનીયના આસ્રવો છે. અન્ય રાજાને કે સ્વામીને પ્રગટ કરવો, અર્થાત્ એક રાજા કે સ્વામી હોય છતાં બીજાને રાજા કે સ્વામી બનાવવો, બીજાની રતિનો નાશ કરવો, પાપ કરવાનો સ્વભાવ, પાપક્રિયામાં પ્રોત્સાહન આપવું, અસૂયા (અન્યના ગુણોમાં દોષો પ્રગટ કરવા) વગેરે અરતિવેદનીયના આસ્રવો છે. સ્વયં ભયભીત રહેવું, બીજાનો પરાભવ કરવો, નિર્દયતા, બીજાને ત્રાસ આપવો વગેરે ભયવેદનીયના આસ્રવો છે. સદ્ધર્મમાં મગ્ન થયેલ ચારેય વર્ણના શિષ્ટવર્ગની જે કુશલ ક્રિયા અને આચાર તેમાં તત્પર થયેલ લોકની જુગુપ્સા અને પરિવાદન (નિંદા) કરવાનો સ્વભાવ વગેરે જુગુપ્સાના આશ્રવો થાય છે.

સ્વ-પરના કષાયોની ઉદીરણા કરવી એ કષાયનો આસ્રવ છે એમ આચાર્યો કહે છે. (૬-૧૫)

**टीकावतरणिका—** अधुना आयुष आश्रवा उच्यन्ते, तच्च नारकादिभेदाच्चतुर्द्धेत्याह—

**ટીકાવતરણિકાર્થ—** હવે આયુષ્યના આસ્રવો કહેવાય છે- આયુષ્ય નારકાદિના ભેદથી ચાર પ્રકારે છે એમ કહે છે, અર્થાત્ ક્રમશઃ ચારેય આયુષ્યના આસ્રવોને કહે છે—

**નરકગતિ આયુષ્યના આશ્રવો—**

**बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः ॥६-१६॥**

**સૂત્રાર્થ—** અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નારક-આયુષ્યના આસ્રવો છે. (૬-૧૬)

**भाष्यं—** बह्वारम्भता बहुपरिग्रहता च नारकस्यायुष आस्रवो भवति ॥६-१६॥

**ભાષ્યાર્થ—** અતિશય આરંભપણું અને અતિશય પરિગ્રહપણું નારક આયુષ્યના આસ્રવો છે. (૬-૧૬)

**टीका—** एतद् व्याचष्टे-'बह्वारम्भे'त्यादिना बहुः-प्रभूतो वाङ्मनः-कायभेदैः आरम्भणमारम्भः, प्राणातिपातहेतुर्लाङ्गलादिव्यापारः तद्भावो बह्वारम्भता, एवं परिगृह्यत इति परिग्रहः-द्विपदादिः बहुश्चासौ विचित्र-जातिभेदेन गवादिना परिग्रहश्चेति समासः तद्भावो बहुपरिग्रहत्वं, चशब्दात् कुणिमाहारपञ्चेन्द्रियवधादिग्रहः, यच्चोक्तं-"चउहिं ठाणेहिं जीवा नरयं गच्छंति, तंजहा-महारंभयाए महापरिग्गहयाए कुणिमाहारेणं पंचिंदिय-वहेणमित्यादि" तदाह-नारकस्यायुष आश्रवा भवन्तीति ॥६-१६॥

**ટીકાર્થ—** बह्वारम्भ ઇત્યાદિથી નારક આયુષ્યના આસ્રવોને કહે છે-બહુ-આરંભ એટલે પ્રાણાતિપાતના હેતુ એવા હળ-આદિનો મન-વચન-કાયાથી ઘણો વ્યાપાર. બહુ પરિગ્રહ એટલે ગાય વગેરે વિવિધ જાતિના ભેદથી દ્વિપદ વગેરેનો ઘણો પરિગ્રહ. च શબ્દથી માંસાહાર અને પંચેન્દ્રિયવધ આદિનું ગ્રહણ કરવું. (સ્થાનાંગના ચોથા સ્થાનોમાં) કહ્યું છે કે- "જીવો ચાર સ્થાનોથી નરકમાં જાય છે. તે આ પ્રમાણે-

મહારંભથી, મહાપરિગ્રહથી, માંસાહારથી અને પંચેન્દ્રિયવધથી. ઇત્યાદિ." મહારંભ વગેરે નારકાયુષ્યના આસ્રવો છે. (૬-૧૬)

**તિર્યંચગતિ આયુષ્યના આશ્રવો–**

**माया तैर्यग्योनस्य ॥६-१७॥**

**સૂત્રાર્થ–** માયા તિર્યંચાયુષ્યનો આસ્રવ છે. (૬-૧૭)

**भाष्यं–** माया तैर्यग्योनस्यायुष आस्रवो भवति ॥६-१७॥

**ભાષ્યાર્થ–** માયા તિર્યંચાયુષ્યનો આસ્રવ છે. (૬-૧૭)

**टीका–** एतद् व्याचष्टे 'माये'त्यादिना माया निकृतिः शाठ्यमिति पर्यायाः, सर्वविषयस्यैव गृह्यते, अविशेषेण लौकिकलोकोत्तरेषु व्यवहारेषु, सा तैर्यग्योनस्यायुषः कर्मणः आश्रवो भवति प्रवेशमार्गो जायते, तद्द्वारेण तद्भावादिति ॥६-१७॥

**ટીકાર્થ–** 'माया' ઇત્યાદિથી તિર્યંચના આયુષ્યના આસ્રવોને કહે છે. માયા, નિકૃતિ, શાઠ્ય વગેરે પર્યાયવાચી શબ્દો છે. લૌકિક-લોકોત્તર વ્યવહારોની વિશેષતા વિના બધા જ વિષયની(=બધા જ પ્રકારની) માયા અહીં ગ્રહણ કરાય છે. માયા તિર્યંચાયુષ્યકર્મનો આસ્રવ છે=પ્રવેશનો માર્ગ છે. કેમકે પ્રવેશમાર્ગ દ્વારા કર્મનું આગમન થાય છે. (૬-૧૭)

**टीकावतरणिका–** एवम्–

**ટીકાવતરણિકાર્થ–** એ પ્રમાણે–

**મનુષ્યગતિ આયુષ્યના આશ્રવો–**

**अल्पारम्भ-परिग्रहत्वं स्वभावमार्दवा-ऽऽर्जवं च मानुषस्य ॥६-१८॥**

**સૂત્રાર્થ–** અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વાભાવિક મૃદુતા અને સ્વાભાવિક સરળતા એ મનુષ્ય આયુષ્યના આસ્રવો છે. (૬-૧૮)

**भाष्यं–** अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्यायुष आस्रवो भवति ॥६-१८॥

**ભાષ્યાર્થ–** અલ્પઆરંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક મૃદુતા અને સ્વાભાવિક સરળતા એ મનુષ્ય આયુષ્યના આસ્રવો છે. (૬-૧૮)

**टीका–** एतद् व्याचष्टे-'अल्पारम्भपरिग्रहत्व'मित्यादिना अल्पौस्तोकौ आरम्भपरिग्रहौ पूर्वोक्तौ तयोर्भावः अल्पारम्भपरिग्रहत्वं, असदिच्छाव्या-वृत्त्या, स्वभावमार्दवार्जवमिति सहजं मार्दवम्-अकृत्रिमं प्रकृत्यैव जात्यादिमदस्थानेष्वनुद्धतत्वं एवं स्वभावार्जवं प्रकृत्यैवार्जवं, चशब्दात् प्रकृतिभद्रतादयो गृह्यन्ते, मानुषस्यायुषः आश्रवा भवन्तीति पूर्ववत् ॥६-१८॥

**ટીકાર્થ–** अल्पारम्भपरिग्रहत्वम् ઇત્યાદિથી મનુષ્યાયુના આસ્રવોને કહે છે- અલ્પારંભ અને અલ્પપરિગ્રહની વ્યાખ્યા પૂર્વે કહી છે. અસદ્ ઇચ્છાને રોકવાથી અલ્પારંભ અને અલ્પપરિગ્રહ થાય. સ્વાભાવિક મૃદુતા એટલે અકૃત્રિમ=પ્રકૃતિથી જ જાતિ આદિ મદસ્થાનોમાં ઉદ્ધતાઇ ન કરવી. સ્વાભાવિક સરળતા એટલે પ્રકૃતિથી જ સરળતા. च શબ્દથી પ્રકૃતિથી જ ભદ્રકભાવ વગેરે ગ્રહણ કરવામાં આવે છે. આ બધા મનુષ્યાયુના આસ્રવો છે. (૬-૧૮)

## નરક-તિર્યંચ-મનુષ્યગતિ આયુષ્યના સમુદિત આશ્રવો–

## निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥६-१९॥

**સૂત્રાર્થ–** શીલ અને વ્રતનો[1] અભાવ સઘળાયનો(=નારક, તિર્યંચ અને મનુષ્ય એ ત્રણેય આયુષ્યનો) આસ્રવ છે. (૬-૧૯)

**भाष्यं–** निःशीलव्रतत्वं च सर्वेषां नारकतैर्यग्योनमानुषाणामायुषा-मास्रवो भवति । यथोक्तानि च ॥६-१९॥

**ભાષ્યાર્થ–** પૂર્વે કહેલા બહુઆરંભ વગેરે (આના=નારક-તિર્યંચ-મનુષ્યના આશ્રવો તો છે જ) ઉપરાંત શીલ અને વ્રતનો અભાવ સઘળાય નારકતિર્યંચ અને મનુષ્ય આયુષ્યના આશ્રવો છે. (૬-૧૯)

૧. સાધુઓની અપેક્ષાએ પાંચ મહાવ્રતો વ્રત છે. વ્રતોના પાલન માટે જરૂરી પિંડવિશુદ્ધિ(=બેતાલીસ દોષોથી રહિત ભિક્ષા મેળવવી), ગુપ્તિ, સમિતિ, ભાવના વગેરે શીલ છે. શ્રાવકોની અપેક્ષાએ પાંચ અણુવ્રતો વ્રત છે. તેના પાલન માટે જરૂરી ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, અભિગ્રહો વગેરે શીલ છે. વ્રતોનું નિરૂપણ અ.૭ સૂ.૧ માં આવશે. ગુપ્તિ આદિનું નિરૂપણ અ.૯ સૂ.૨ થી શરૂ થશે. ગુણવ્રત અને શિક્ષાવ્રતોનું વર્ણન અ.૭ સૂ.૧૬ માં આવશે.

**टीका–** निःशीलतां व्याचष्टे-निश्शीलव्रतत्वं शीलव्रतं प्राणातिपात-निवृत्त्यादि तदभावोऽनिवृत्तत्वं च, एवं भावप्रत्ययः प्रत्येकमभिसम्बध्यते, सर्वेषामित्यनन्तरोदितानां नारकतैर्यग्योनिमानुषाणां यदायुस्तस्यायुषः आश्रवो भवति, चशब्दार्थं व्याचष्टे-'यथोक्तानि चे'ति प्रत्येकसूत्रेषु बह्वारम्भपरिग्रहादीनीति ॥६-१९॥

**ટીકાર્થ–** શીલના(=શીલવ્રતના) અભાવને કહે છે- પ્રાણાતિપાતથી નિવૃત્તિ આદિ શીલવ્રત છે. શીલવ્રતનો અભાવ એટલે પ્રાણાતિપાતાદિથી અનિવૃત્તિ. સઘળાયનો એટલે હમણાં જ કહેલા નારક-તિર્યંચ-મનુષ્યોના આયુષ્યનો આસ્રવ છે. च શબ્દના અર્થને કહે છે- "यथोक्तानि च" इति તથા પૂર્વે પ્રત્યેક સૂત્રમાં કહેલા તે તે આયુષ્યના બહુઆરંભ-બહુપરિગ્રહ વગેરે તે તે આસ્રવો તો છે જ. (૬-૧૯)

**भाष्यावतरणिका–** अथ दैवस्यायुषः क आस्रव इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** હવે દેવઆયુષ્યનો આસ્રવ કોણ(=કયો) છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अथे'त्यादिसम्बन्धग्रन्थः, अथेति प्रश्ने देवानामिदं दैवमायुस्तस्य दैवस्यायुषः क आश्रव इति, अत्रोच्यते, अत्र पृष्टेऽभिधीयते–

**ટીકાવતરણિકાર્થ–** अथ ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટેનો ગ્રંથ છે. अथ શબ્દ પ્રશ્નમાં છે. દેવોનું આ=દૈવ[1]. દેવના આયુષ્યનો આસ્રવ કોણ છે ? આ પ્રશ્નનો ઉત્તર કહેવાય છે–

**દેવગતિ આયુષ્યના આશ્રવો–**

## सरागसंयम-संयमासंयमा-ऽकामनिर्जरा-बालतपांसि दैवस्य ॥६-२०॥

1. દેવોનું આ દૈવ. અહીં "તેનું આ" એ અર્થમાં દેવશબ્દને સિદ્ધહેમ. અ.૬ પાદ-૩ સૂ.૧૬૦ થી તદ્ધિતનો अण् પ્રત્યય આવ્યો છે.

**સૂત્રાર્થ–** સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ એ દેવ આયુષ્યના આસ્રવો છે. (૬-૨૦)

**भाष्यं–** संयमो विरतिर्व्रतमित्यनर्थान्तरम् । 'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम्' इति वक्ष्यते । संयमासंयमो देशविरतिरणुव्रतमित्यनर्थान्तरम् । 'देशसर्वतोऽणुमहती' इत्यपि वक्ष्यते । अकामनिर्जरा पराधीनतयानुरोधाच्चाकुशलनिवृत्तिराहारादिनिरोधश्च । बालतपः । बालो मूढ इत्यनर्थान्तरम् । तस्य तपो बालतपः । तच्चाग्निप्रवेशमरुत्प्रपातजलप्रवेशादि ॥ तदेवं सरागसंयमः संयमासंयमादीनि च दैवस्यायुष आस्रवा भवन्तीति ॥६-२०॥

**ભાષ્યાર્થ–** સંયમ, વિરતિ અને વ્રત આ શબ્દો એકાર્થતાવાચી છે. હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહથી વિરતિ તે વ્રત છે એમ આગળ (અ.૭ સૂ.૧) કહેશે.

સંયમાસંયમ, દેશવિરતિ, અણુવ્રત આ શબ્દો એકાર્થતાવાચી છે. દેશથી અટકવું તે અણુવ્રત છે અને સર્વથી અટકવું તે મહાવ્રત છે એમ આગળ (અ.૭ સૂ.૨) કહેશે.

પરાધીનતાથી અને અનુરોધથી અકુશળની નિવૃત્તિ અને આહારાદિનો નિરોધ થાય છે તે અકામ નિર્જરા છે. બાલ, મૂઢ એ શબ્દો એકાર્થતાવાચી છે. બાલનો તપ તે બાલતપ. અગ્નિપ્રવેશ, પર્વત ઉપરથી ઝંપાપાત, ડૂબી મરવું આદિ બાલતપ છે. એ પ્રમાણે સરાગસંયમ, સંયમાસંયમ આદિ દેવઆયુષ્યના આસ્રવો છે. (૬-૨૦)

**टीका–** एतद् व्याचष्टे-'संयम'इत्यादिना, तत्र संयमनं संयमः-विषयकषाययोरुपरमः, विरतिः सम्यग्ज्ञानपूर्विका प्राणातिपातादिनिवृत्तिः, नियमो व्रतमित्यनर्थान्तरं एकार्थता रागः-संज्वलनकषायोऽर्थतः सह रागेण सरागः तस्य संयमो-व्रतं, एतच्च स्वरूपतः किम्भूतमित्याह-हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतमिति वक्ष्यते सप्तमेऽध्याये,

एवं संयमासंयमः क्वचित् प्रवृत्तिः क्वचिदप्रवृत्तिरित्येवंरूपः, अस्य पर्यायानाह-देशविरतिः-स्थूलप्राणातिपातादिनिवृत्तिः सर्वविरतेः सर्वप्राणातिपातादिनिवृत्तिरूपायाः सकाशात् देशत्वात्, अणुव्रतं महाव्रतापेक्षया इत्येवमेकोऽयमर्थः, एतं संयमासंयमं 'देशसर्वतोऽणुमहती' विरतिरित्येवं वक्ष्यन्ते-भणिष्यन्ति सप्तमेऽध्याये,

'अकामनिर्जरे'त्यादि निर्जरा-कर्मपुद्गलशाटः न कामः-अप्रेक्षापूर्वकारिता यत्रानुष्ठाने साऽकामनिर्जरा, अबुद्धिपूर्वेत्यर्थः, सा पराधीनतया चारकादिवासेन धावनाद्यकरणतः प्राणातिपाताद्यकरणेन तथा अनुरोधत्वाद्दाक्षिण्यादित्यर्थः, कस्मिँश्चिद्विशोषणं कुर्वन्ति अन्यभक्ता इत्यादि, एतदाह-अकुशलनिवृत्तिः धावनाद्यकरणेन आहारादिनिरोधश्च पित्राद्यनुरोधेनेति,

बालतप इति, मिथ्यादर्शनसहवर्तिभ्यां द्वाभ्यां रागद्वेषाभ्यामाकलितो बालः, सत्त्वावबोधपराङ्मुखः एतत्पर्यायानाह-बालो मूढः अतत्त्वाभिनिविष्ट इत्यनर्थान्तरमेवमेकोऽर्थः, तस्य-बालस्य तपो बालतपः तच्चाग्निप्रवेशनमिति, मौढ्यादग्नौ धर्माय पतनं मरुत्प्रपातो-भृग्वादिपतनं जलप्रवेशो-जले निमज्जनं आदिशब्दादुद्बन्धनगृध्रभक्षणादिग्रहः तदेवमुक्तनीत्या सरागसंयमः संयमासंयमादीनि चोक्तलक्षणानि, चः समुच्चये, दैवस्यायुषः प्राग्निरूपितशब्दार्थस्य आश्रवा भवन्तीति समानं पूर्वेण ॥६-२०॥

**टीडार्थ–** संयम ઇત્યાદિથી દેવઆયુષ્યના આસ્રવને કહે છે–

**સરાગસંયમ–** સંયમ, વિરતિ, વ્રત આ શબ્દો એકાર્થતાવાચી છે. **સંયમ** એટલે વિષય-કષાયોનું અટકી જવું. **વિરતિ** એટલે સમ્યગ્જ્ઞાનપૂર્વક પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ. **વ્રત** એટલે નિયમ. રાગ એટલે પરમાર્થથી સંજ્વલનકષાય. રાગથી સહિત તે સરાગ. સરાગનો સંયમ તે સરાગસંયમ. આ (વ્રત) સ્વરૂપથી કેવું છે તે કહે છે- "હિંસા-અસત્ય-

ચોરી-અબ્રહ્મ-પરિગ્રહથી વિરતિ એ વ્રત છે”- એમ સાતમા અધ્યાયમાં (પહેલા સૂત્રમાં) કહેશે.

**સંયમાસંયમ–** ક્યાંક પ્રવૃત્તિ અને ક્યાંક અપ્રવૃત્તિ(=નિવૃત્તિ) એવા સ્વરૂપવાળું છે. આના પર્યાયવાચી શબ્દોને કહે છે- સંયમાસંયમ, દેશવિરતિ, અણુવ્રત આ શબ્દોનો એક જ અર્થ છે. દેશવિરતિ એટલે સ્થૂલ પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ. સર્વપ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ રૂપ સર્વવિરતિથી દેશરૂપ હોવાથી દેશવિરતિ છે. મહાવ્રતોની અપેક્ષાએ અણુવ્રત છે. આ સંયમાસંયમને “હિંસાદિ પાપોની દેશથી(=આંશિક કે સ્થૂળ) નિવૃત્તિ તે અણુવ્રત અને સર્વથા(=બાદર અને સૂક્ષ્મથી) નિવૃત્તિ તે મહાવ્રત છે.” એમ સાતમા અધ્યાયમાં (બીજા સૂત્રમાં) કહેશે.

**અકામનિર્જરા–** નિર્જરા એટલે કર્મપુદ્ગલોનો નાશ. જે અનુષ્ઠાનમાં અકામ=પૂર્વે વિચાર્યા વિના, અર્થાત્ નિર્જરા કરવાની બુદ્ધિવિના માત્ર કર્મના ઉદયથી નિર્જરા થાય તે અકામનિર્જરા. પરાધીનતાથી અને અનુરોધથી જે અકુશળનિવૃત્તિ અને આહારાદિ નિરોધ થાય તે અકામ-નિર્જરા છે.

**પરાધીનતાથી–** બંધન વગેરેમાં રહેવાથી દોડવું વગેરે ન કરવાના કારણે પ્રાણાતિપાતાદિ ન કરવાથી અકુશળથી(=પાપથી) નિવૃત્તિ થાય અને આહારાદિનો નિરોધ થાય તેથી અકામનિર્જરા થાય.

**ભાવાર્થ–** કોઇ જીવને બેડીમાં બાંધીને આહારાદિ ન આપે આવી સ્થિતિમાં તે પાપપ્રવૃત્તિ ન કરે, મનમાં આર્ત-રૌદ્ર ધ્યાન ન કરે, જે સહન કરવું પડે તે સહન કરે, જે છોડવું પડે તે છોડે આથી તેને અકામનિર્જરા થાય.

**અનુરોધથી–** અનુરોધથી એટલે દાક્ષિણ્યતાથી. (અથવા પ્રીતિ કે દબાણ વગેરેથી) ક્યાંક (કોઇક દેશમાં) અન્ય ભક્તો (અન્યતીર્થિક ભક્તો) વિશોષણ કરે છે=કાયાને સૂકવી નાખે છે ઇત્યાદિ. આને જ કહે છે- દોડવું આદિ ન કરવાથી અકુશળથી નિવૃત્તિ થાય છે. પિતાદિના અનુરોધથી આહારાદિનો નિરોધ થાય.

**અહીં ભાવાર્થ આ છે–** મિત્ર, સ્વજન વગેરેને આપત્તિ આવે ત્યારે દાક્ષિણ્યતાદિના કારણે અકુશળનિવૃત્તિ થાય અને આહારાદિનો નિરોધ થાય અથવા પિતા વગેરે, પુત્ર વગેરેને ઘર વગેરેમાં પૂરી દે અને ખાવાનું ન આપે એથી અકુશળનિવૃત્તિ અને આહારાદિનો નિરોધ થાય. આવી સ્થિતિમાં મનમાં આર્ત-રૌદ્ર ધ્યાન ન થાય તો અકામનિર્જરા થાય.

**બાલતપ–** મિથ્યાદર્શનની સાથે રહેલા રાગદ્વેષથી યુક્ત હોય તે બાલ. બાલના પર્યાયવાચી શબ્દોને કહે છે- બાલ, મૂઢ(=અતત્ત્વાભિનિવિષ્ટ) આ શબ્દો એક અર્થવાળા છે. બાલનો તપ તે બાલતપ. મૂઢતાથી ધર્મ માટે અગ્નિમાં પ્રવેશ કરવો, ઊંચા પર્વત[1] ઉપરથી પડવું, પર્વતના[2] શિખર ઉપરથી પડવું વગેરે, પાણીમાં પ્રવેશ કરવો-ડૂબી જવું વગેરે બાલતપ છે. આદિ શબ્દથી ગળે ફાંસો ખાવો, શરીર ગીધડાઓને ખાવા માટે આપી દેવું, (માળ ઉપરથી ભૂસકો મારવો) વગેરેનું ગ્રહણ કરવું.

ઉક્ત રીતે સંયમ અને સંયમાસંયમ વગેરે દૈવાયુષ્યના આસ્રવો છે. દૈવ શબ્દનો અર્થ પૂર્વે (આ સૂત્રની અવતરણિકામાં) જણાવ્યો છે. (૬-૨૦)

**भाष्यावतरणिका–** अथ नाम्नः क आस्रव इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** હવે નામકર્મનો આસ્રવ કયો છે ? અહીં ઉત્તર અપાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अत्र आश्रवाधिकार एव पर आह–अथ नाम्नः कर्मणः क आश्रव इति, अत्रोच्यते समाधिः–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. આસ્રવના અધિકારમાં જ અન્ય કહે છે- હવે નામકર્મનો આસ્રવ કોણ છે ? અહીં સમાધાન કહેવામાં આવે છે–

### અશુભ નામકર્મના આશ્રવો–

## योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥६-२१॥

---

૧. પ્રાકૃત કોષમાં मरुअ=मरुत् શબ્દનો ઊંચો પહાડ એવો અર્થ છે.

૨. भृगु એટલે પર્વતનું શિખર.

**સૂત્રાર્થ–** કાયા, વચન અને મન એ ત્રણ યોગોની વક્રતા=કુટિલ પ્રવૃત્તિ તથા વિસંવાદન અશુભ નામકર્મનો આસ્રવ છે. (૬-૨૧)

**भाष्यं–** कायवाङ्मनोयोगवक्रता विसंवादनं चाशुभस्य नाम्न आस्रवो भवतीति ॥६-२१॥

**ભાષ્યાર્થ–** કાયા, વચન અને મન એ ત્રણ યોગોની વક્રતા અને વિસંવાદન અશુભ નામકર્મનો આસ્રવ છે. (૬-૨૧)

**टीका–** एतद् व्याचष्टे-'काये'त्यादिना कायवाङ्मनोयोगानां प्रागुक्तानां वक्रता मायाव्यवहारः तथाऽज्ञानादिक्रिया विसंवादनं च तत्तत्प्रतिज्ञाताकरणं, चशब्द उभयविशेषसमुच्चयार्थः, अधार्मिकदर्शन-संभ्रमादि च, किमित्याह-अशुभस्य नाम्नो नरकगत्यादेश्चतुस्त्रिंशद्भेदस्य कर्मण आश्रवो भवति उपादानद्वारमित्यर्थः ॥६-२१॥

**ટીકાર્થ–** કાયા ઇત્યાદિથી અશુભ નામકર્મના આસ્રવને કહે છે- પૂર્વોક્ત (અ.૬ સૂ.૧) કાયા-વચન-મનોયોગની વક્રતા=માયા ભરેલો વ્યવહાર અને અજ્ઞાનતા આદિવાળી ક્રિયા તથા વિસંવાદન=કરેલી તે તે પ્રતિજ્ઞાનું પાલન ન કરવું એ નરકગતિ [1]આદિ ૩૪ ભેદવાળા અશુભ નામકર્મનો આસ્રવ=કર્મોને ગ્રહણ કરવાનું દ્વાર છે. ચશબ્દ યોગવક્રતા અને વિસંવાદન એ ઉભયના વિશેષનો સમુચ્ચય કરવા માટે છે. જેમકે- અધાર્મિકના દર્શનથી સંભ્રમ થાય વગેરે અશુભ નામકર્મનો આસ્રવ છે. (૬-૨૧)

**શુભનામકર્મના આશ્રવો–**

## विपरीतं शुभस्य ॥६-२२॥

**સૂત્રાર્થ–** અશુભ નામકર્મના આસ્રવોથી વિપરીત ભાવો શુભ નામકર્મના આસ્રવો છે. (૬-૨૨)

૧. (૧) નરકગતિ, (૨) નરકાનુપૂર્વી, (૩) તિર્યંચગતિ, (૪) તિર્યંચાનુપૂર્વી, (૫) એકેન્દ્રિય-જાતિ, (૬) બેઇન્દ્રિયજાતિ, (૭) તેઇન્દ્રિયજાતિ, (૮) ચઉરિન્દ્રિયજાતિ, (૯ થી ૧૩) પાંચ સંઘયણ, (૧૪ થી ૧૮) પાંચ સંસ્થાન, (૧૯ થી ૨૨) અશુભવર્ણાદિ-૪, (૨૩) અશુભવિહાયોગતિ, (૨૪) ઉપઘાત, (૨૫ થી ૩૪) સ્થાવરદશક.

**भाष्यं–** एतदुभयं विपरीतं शुभस्य नाम्न आस्रवो भवतीति ॥६-२२॥

**ભાષ્યાર્થ–** યોગોની વક્રતા અને વિસંવાદનથી વિપરીત, અર્થાત્ યોગોની સરળતા અને અવિસંવાદન શુભ નામકર્મના આસ્રવો છે. (૬-૨૨)

**टीका–** एतद् व्याचष्टे-'एतदुभय'मित्यादिना एतदुभयमनन्तरसूत्रोक्त विपरीतमिति कायवाङ्मनोयोगावक्रता अविसंवादनं चेत्येवं धार्मिक-दर्शनसम्भ्रमादि च, किमित्याह-शुभस्य नाम्नो मनुष्यगत्यादेः सप्त-त्रिंशद्भेदस्याश्रवो भवतीति समानं पूर्वेण ॥६-२२॥

**ટીકાર્થ–** "एतदुभयं" ઇત્યાદિ શુભ નામકર્મના આસ્રવોને કહે છે- અનંતર (આગળના તરત) સૂત્રમાં કહેલ યોગવક્રતા અને વિસંવાદન એ ઉભયથી વિપરીત=કાય-વચન-મનોયોગની અવક્રતા અને અવિસંવાદન મનુષ્યગતિ [1]આદિ ૩૭ ભેદવાળા શુભનામકર્મના આસ્રવો છે. ધાર્મિકના દર્શનથી સંભ્રમ થાય વગેરે પણ શુભનામકર્મનો આસ્રવ છે. (૬-૨૨)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन सम्बन्धमाह–

**ટીકાવતરણિકાર્થ–** 'વળી બીજું' એવા કથનથી આગળના સૂત્રની સાથેના સંબંધને કહે છે–

**તીર્થંકર નામકર્મના આશ્રવો–**

**दर्शनविशुद्धिर्विनयसंपन्नता शील-व्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोग-संवेगौ शक्तितस्त्याग-तपसी सङ्घ-साधु-समाधि-**

---

૧. (૧) દેવગતિ, (૨) દેવાનુપૂર્વી, (૩) મનુષ્યગતિ, (૪) મનુષ્યાનુપૂર્વી, (૫) પંચેન્દ્રિય જાતિ, (૬ થી ૧૦) પાંચ શરીર, (૧૧ થી ૧૩) ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના અંગોપાંગ, (૧૪) પહેલું સંઘયણ, (૧૫) પહેલું સંસ્થાન, (૧૬ થી ૧૯) શુભવર્ણાદિ-૪, (૨૦) શુભવિહાયોગતિ, (૨૧ થી ૨૭) ઉપઘાત સિવાયની સાત પ્રત્યેક પ્રકૃતિ, (૨૮ થી ૩૭) ત્રસદર્શક.

**-वैयावृत्त्यकरणमर्हदाचार्य-बहुश्रुत-प्रवचनभक्तिरावश्यका-परिहाणिर्मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥६-२३॥**

**સૂત્રાર્થ–** દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, શીલવ્રતોમાં અપ્રમાદ, વારંવાર જ્ઞાનોપયોગ, વારંવાર સંવેગ, યથાશક્તિ ત્યાગ-તપ, સંઘ, સાધુ સમાધિ, વેયાવચ્ચ, અરિહંત, આચાર્ય, બહુશ્રુત, પ્રવચનની ભક્તિ, આવશ્યક અપરિહાણિ, મોક્ષમાર્ગ પ્રભાવના, પ્રવચનવાત્સલ્ય એ તીર્થંકરનામકર્મના આસ્રવો છે. (૬-૨૩)

**भाष्यं–** परमप्रकृष्टा दर्शनविशुद्धिः । विनयसंपन्नता च । शील-व्रतेष्वात्यन्तिको भृशमप्रमादोऽनतिचारः । अभीक्ष्णं ज्ञानोपयोगः । संवेगश्च । यथाशक्तितस्त्यागस्तपश्च । सङ्घस्य साधूनां च समाधि-वैयावृत्यकरणम् । अर्हत्स्वाचार्येषु बहुश्रुतेषु प्रवचने च परमभाव-विशुद्धियुक्ता भक्तिः । सामायिकादीनामावश्यकानां भावतोऽनुष्ठानस्या-परिहाणिः । सम्यग्दर्शनादेर्मोक्षमार्गस्य निहत्य मानं करणोपदेशाभ्यां प्रभावना । अर्हच्छासनानुष्ठायिनां श्रुतधराणां बालवृद्धतपस्विशैक्षग्लानादीनां च सङ्ग्रहोपग्रहानुग्रहकारित्वं प्रवचनवत्सलत्वमिति । एते गुणाः समस्ता व्यस्ता वा तीर्थकरनाम्न आस्रवा भवन्तीति ॥६-२३॥

**ભાષ્યાર્થ–** પરમપ્રકૃષ્ટ દર્શન વિશુદ્ધિ(=સમ્યગ્દર્શનની નિર્મળતા), વિનયસંપન્નતા, શીલ અને વ્રતોમાં અતિશય અપ્રમાદરૂપ અનતિચાર, વારંવાર જ્ઞાનનો ઉપયોગ, વારંવાર સંવેગ, શક્તિ પ્રમાણે દાન અને શક્તિ પ્રમાણે તપ, સંઘની સમાધિ અને સાધુઓની વેયાવચ્ચ કરવી, અરિહંતોને વિષે, આચાર્યોને વિષે, બહુશ્રુતોને વિષે અને પ્રવચનને વિષે પ્રકૃષ્ટભાવપૂર્વકની વિશુદ્ધિથી યુક્ત ભક્તિ કરવી, સામાયિક આદિ આવશ્યકોનું અનુષ્ઠાન ભાવથી કરવું, માનનો નાશ કરીને આચરણ અને ઉપદેશ દ્વારા સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગની પ્રભાવના કરવી,

જિનશાસનની આરાધના કરનારા શ્રુતધર, બાલ, વૃદ્ધ, તપસ્વી, શૈક્ષક, ગ્લાન આદિનો સંગ્રહ કરવો. ઉપસંપદા સ્વીકારવા માટે આવેલાનો સ્વીકાર કરવો, ઉપગ્રહ કરવો=વસ્ત્ર-પાત્ર આદિ મેળવી આપણા દ્વારા ઉપગ્રહ કરવો. અનુગ્રહ કરવો=આહાર-પાણી આદિનું દાન કરવા દ્વારા અનુગ્રહ કરવો એ પ્રવચનવાત્સલ્ય છે. આ ગુણો ભેગા મળીને કે છૂટા એક એક તીર્થંકરનામકર્મના આસ્રવો છે. (૬-૨૩)

**टीका—** सामान्येन शुभनामकर्माश्रवाभिधानेऽपि अचिन्त्यानुपमशक्ति-प्रभावस्य तीर्थकृतस्तन्नामकर्माश्रवाभिधानमिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'परमप्रकृष्टा दर्शनविशुद्धि'रित्यादिना परमेत्यतिशयेन प्रकृष्टा पर्यन्तवर्त्तिनी ग्रन्थिभेदाविशेषेऽपि तथाभव्यत्वलक्षणोत्तम-स्वभावभेदात्,

कैषेत्याह-दर्शनविशुद्धिरिति, सम्यग्दर्शननिर्मलता शङ्काद्यपायाभावेन, सम्यग्दर्शनस्थिरतेत्यर्थः, तीर्थकरनाम्नः आश्रवो भवतीति सम्बन्धः,

तथा विनयसम्पन्नता चेति विनीयतेऽनेनाष्टप्रकारं कर्मेति विनयः-ज्ञानदर्शनचारित्रोपचारभेदाच्चतुर्द्धा, तत्र ज्ञानविनयः कालबहुमानोप-धानादिः, दर्शनविनयो निःशङ्कनिःकाङ्क्षादिभेदः, चरणविनयः समितिगुप्तिप्रधानः, उपचारविनयोऽभ्युत्थानासनप्रदानाञ्जलिप्रग्रहादिभेदः, एतत्संपन्नतेति, तथाऽतिगाम्भीर्यादेतत्सम्भृततेत्यर्थः, चः समुच्चये,

तथा शीलव्रतेष्वात्यन्तिको भृशमप्रमादोऽनतिचार इति, इह शील-मुत्तरगुणाः पिण्डविशुद्ध्यादयः, मुमुक्षोः समाधिहेतुत्वात्, व्रतग्रहणात् पञ्च महाव्रतानि रात्रिभोजनविरतिपर्यन्तान्युच्यन्ते, शीलानि च व्रतानि च शीलव्रतानि तेष्विति-तद्विषयः आत्यन्तिकोऽत्यन्तभवः असावपि भृशम्-अत्यर्थं, क एवंभूत इत्याह-अप्रमादः, कषायादिनिद्राविकथादिलक्षणः प्रमादः, न प्रमादोऽप्रमादः । अयमेवानतिचारः स्वकीयागमानतिक्रम इत्यर्थः,

अभीक्ष्णं मुहुर्मुहुः प्रतिक्षणं ज्ञानं द्वादशाङ्गं प्रवचनं प्रदीपाङ्कुशप्रासाद-प्लवस्थानीयं, तत्रोपयोगः प्रणिधानं सूत्रार्थोभयविषयः आत्मनो व्यापारस्तत्परिणामितेति,

संवेगश्चेति अभीक्ष्णमिति प्रवर्त्तते, संवेजनं संवेगः-संसारभीत्या तद्विचलनपरिणामः, चः समुच्चये,

तथा 'यथाशक्तितस्त्यागे'ति इह शक्तिः-सामर्थ्यं यथाऽनुरूपा शक्तिर्यथाशक्ति तत्पूर्वकस्य त्यागो न्यायार्जितस्य दानं पात्रे यो निसर्गः

तथा तपश्चेति कर्मणः तापनाच्छोषणात्तप इति, तद् द्विधा-बाह्या-भ्यन्तरभेदात्, बाह्यमनशनादि इतरत्, प्रायश्चित्तादि, एतद्द्वयं यथाशक्ती-त्यभिसम्बध्यते,

तथा सङ्घस्य साधूनां च समाधिवैयावृत्त्यकरणमिति, तत्र सङ्घो-ज्ञानाद्याधारः साध्वादिसमूहस्तस्य समाधिः-स्वस्थता एतत्करणं साधवः-प्रव्रजिता एव, तेषां च किमित्याह-वैयावृत्त्यकरणं व्यावृत्तः-तत्कार्यानु-ष्ठानप्रवणस्तस्य भावो वैयावृत्त्यं, एतत्करणं च, एतद्यथासङ्ख्यमेव, प्रायः श्रावकादेर्वैयावृत्त्याकरणात्, समाधिकरणं तु सर्वविषयमेव तथा-ऽधिकरणाद्यकरणेन,

एवं अर्हत्स्वाचार्येषु बहुश्रुतेषु प्रवचने च परमभावविशुद्धियुक्ता भक्तिरिति, इहार्हन्तः-तीर्थकराः तेषु अर्हत्सु ज्ञानादिपञ्चविधाचारा-चरणादाचार्यास्तेषु, बहु श्रुतं येषां ते बहुश्रुताः-प्रकृष्टश्रुतधराः उपाध्याया इत्यर्थः तेषु, प्रोच्यन्तेऽनेन जीवादयः पदार्था इति प्रवचनम्-आगमस्तस्मिँश्च, किमित्याह-परमः-प्रकृष्टो भावः-चित्तपरिणामः तस्य विशुद्धिः-औचित्यप्रवृत्त्या निर्मलता तद्युक्ता भक्तिः, औचित्येन बाह्यसेवा इत्यर्थः, आयतनगमनधर्मश्रवणसिद्धान्तलेखनादिरूपा,

तथा सामायिकादीनामावश्यकानां भावतोऽनुष्ठानस्यापरिहाणिरिति, इहारक्तद्विष्टः समः तस्यायः-प्राप्तिः स प्रयोजनमस्येति सामायिकं-

सकलसावद्ययोगविरतिलक्षणं प्रतिक्रमणादि तदादिर्येषां आवश्यकानां तानि सामायिकादीनि तेषां सामायिकादीनामावश्यकानाम्-अहोरात्राभ्यन्तरे कर्त्तव्यान्यावश्यकानि-अवश्यंतयाऽनुष्ठेयानि, तानि च सप्तदशविधान-संयमविषयव्यापाररूपत्वादनेकप्रकाराणि इच्छामिथ्यातथाकारादीनि तेषां भावतोऽनुष्ठानस्यापरिहाणिः, भावत इति तदुपयोगानन्यत्वकथनं, अनुपयुक्तस्य हि सर्वक्रियानुष्ठानं द्रव्यमात्रत्वात् शुभबन्धननिर्जराफलशून्यं प्रवचने अवघुष्यते तत् सद्भावावहितचेतसो यदनुष्ठानकरणं तस्या-परिहाणिः-यथाविहितकालासेवनमन्यूनातिरिक्ततयेत्येवमेषा आवश्यका-परिहाणिस्तीर्थकरनामकर्मण आश्रवो भवति,

'सम्यग्दर्शने'त्यादि, तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनं सकलगुणाधारः तदादिर्यस्यासौ तदादिः तस्य सम्यग्दर्शनादेर्मोक्षमार्गस्य सकलकर्म-क्षयोत्तरकालमात्मनः स्वात्मन्यवस्थानं मोक्षस्तस्य मार्गः-पन्थाः प्राप्त्युपायः सम्यग्दर्शनज्ञानक्रियालक्षणस्तस्य प्रभावना प्रख्यापनं प्रकाशनं, केन प्रकारेणेत्याह-निहत्य मानं करणोपदेशाभ्यामिति, मानोऽहङ्कारः, स च जात्यादिस्थानोद्भूतः श्रेयोविघातकारी, यथाऽऽह-

'श्रुतशीलविनयसंदूषणस्य धर्मार्थकामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं मुहूर्त्तमपि पण्डितो दद्यात् ? ॥१॥ (प्रश.२७)

तमेवंविधं मानं न्यत्कृत्य करणं स्वयमनुष्ठानं श्रद्धावतः कालविनय-बहुमानाद्यासेवनं मूलोत्तरगुणप्रपञ्चानुष्ठानं चेति, उपदेशः-अन्यस्मै प्रतिपादनं बहुविधविद्वज्जनसमितिषु स्याद्वादन्यायावष्टम्भेन प्रसभमपहृत्य प्रतिभामेकान्तवादिनामर्हत्प्रणीतस्यानवद्यस्य सर्वतोभद्रस्य मार्गस्यैकान्ति-कात्यन्तिकनिरतिशयाबाधकल्याणफलस्योच्चैः प्रकाशनं प्रभावना, सा खल्वेषा तीर्थकरनामकर्मण आश्रवः ।

'अर्हच्छासने'त्यादि वन्दननमस्कारपूजासत्कारार्हा अर्हन्तस्तेषां शासनमुपदेश आगमाख्यस्तदनुष्ठायिनामागमविहितक्रियानुष्ठायिनां श्रुत-

धराणामित्यनेन स्वयमधिगतज्ञानानामिति प्रतिपादयतीति, परप्रत्ययानुष्ठायित्वं निषेधयति, अधीतप्रवचनार्थो हि विदितोत्सर्गापवादप्रपञ्चः स्वातन्त्र्यात् क्रियाप्रवृत्तौ न व्याहन्यते, बालः-क्षुल्लकः कारणात् प्रव्रजितो जघन्यादिभेदः, जातिश्रुतपर्यायस्थविरास्त्रयः षष्टिवर्षः समवायाङ्गधरो व्रतारोपणोत्तरकालं विंशतिवर्षश्च यथाक्रमं वृद्धः, तपो बाह्यमनशनादि आन्तरं च प्रायश्चित्तादिस्तदस्यास्तीति तपस्वी विचित्रं वा तपः कनकरत्नावल्यादिभेदं वक्ष्यमाणं तद्योगात्तपस्वी, शिक्षत इति शिक्षः शिक्ष एव शैक्षः, स्वार्थे(ऽण्) प्राज्ञादिवत्, शिक्षणशीलो वा छात्रादिपाठाण्णः प्रत्ययः शैक्षः, सूत्राधिगमेऽभियुक्तो, यथाविहितकालमध्येतव्ये श्रोतव्ये वाऽभ्युद्यत इत्यर्थः, ग्लानो मन्दपाटवः सव्याधिकत्वाद्भक्तपानाद्यन्वेषणे न प्रत्यलः, आदिग्रहणात् कुलगणसमनोज्ञपरिग्रहः, चशब्दः समुच्चये, श्रुतधराणां बालादीनां च संग्रहादिकारित्वं, तत्र संग्रहः परिग्रहणमुपसंपदालोचनापूर्वकं संयमानुष्ठानश्रुताध्ययनचोदनार्थं, उपग्रहो वस्त्रपात्रोत्पादनबहुगुणक्षेत्राक्रान्तिलक्षणः, अनुग्रहो भक्तपानयथायोग्यवसतिप्रदानादिलक्षणः एतत् करोति तच्छीलश्च तद्भावः सङ्ग्रहोपग्रहानुकारित्वं तत्परिणामितेतियावत्, प्रवक्तीति प्रवचनं अत एव श्रुतधरादयो भगवद्भाषितार्थप्रतिपादनपरिणामाः प्रवचनशब्दवाच्यास्तेषु वात्सल्यम् । उक्तं सङ्ग्रहोपग्रहानुग्रहलक्षणं, इतिशब्दः आद्यर्थः, विंशतेः कारणानां सूत्रकारेण किञ्चित् सूत्रे किञ्चिद्भाष्ये किञ्चिदादिग्रहणात् सिद्धपूजाक्षणलवध्यानभावनाख्यं अनुपात्तमुपयुज्य च वक्त्रा व्याख्येयम्,

इदानीं उपसंहरति-'एते गुणा' इत्यादिना एते यथोदिता गुणा दर्शनविशुद्ध्यादयः आत्मनः परिणामाः समुदिताः प्रत्येकं च तीर्थकरनामकर्मण आश्रवा भवन्ति, न पुनर्नियमोऽस्ति समस्ता एव व्यस्ता एव वा, विकल्पार्थो वाशब्दः, इतिशब्दः तीर्थकरनामकर्माश्रवेयत्ताप्रतिपादनार्थ इति ॥६-२३॥

**ટીકાર્થ–** સામાન્યથી શુભ નામકર્મના આશ્રવનું કથન કરવા છતાં આ સૂત્રમાં વિશેષથી અચિંત્ય અને અનુપમ શક્તિપ્રભાવવાળા તીર્થંકર નામકર્મના આસ્રવોનું કથન છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "परमप्रकृष्टा दर्शनविशुद्धिः" ઇત્યાદિથી કહે છે–

(૧)**દર્શનવિશુદ્ધિ–** જેનાથી અધિક વિશુદ્ધિ ન હોય તેવી સર્વોત્કૃષ્ટ સમ્યગ્દર્શનની નિર્મળતા.

**પ્રશ્ન–** સમ્યગ્દર્શનને પામેલા બધા જીવોમાં ગ્રંથિભેદ સમાન હોય છે તો પછી સમ્યગ્દર્શનની નિર્મળતામાં ભેદ કેમ ?

**ઉત્તર–** તથાભવ્યત્વ રૂપ ઉત્તમ સ્વભાવનો ભેદ હોવાથી સમ્યગ્દર્શનની નિર્મળતામાં ભેદ થાય છે. તીર્થંકર બનનારા જીવનું તથાભવ્યત્વ સર્વોત્કૃષ્ટ હોય છે. એથી એના સમ્યગ્દર્શનની નિર્મળતા સર્વોત્કૃષ્ટ હોય છે.

શંકાદિ અતિચારો ન લાગતા હોવાથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા હોય છે, અર્થાત્ સમ્યગ્દર્શનમાં સ્થિરતા હોય છે.

(૨) **વિનયસંપન્નતા–** જેનાથી આઠ પ્રકારનું કર્મ દૂર કરાય તે વિનય. જ્ઞાન-દર્શન-ચારિત્ર-ઉપચારના ભેદથી વિનય ચાર પ્રકારે છે. તેમાં સૂત્ર કાળે ભણવું, સૂત્ર બહુમાનપૂર્વક ભણવું, સૂત્ર ઉપધાન (કે યોગ)પૂર્વક ભણવું વગેરે જ્ઞાનવિનય છે. દર્શનવિનયના નિઃશંક, નિઃકાંક્ષ વગેરે ભેદો છે. સમિતિ-ગુપ્તિની પ્રધાનતા ચારિત્રવિનય છે. ઉપચારવિનયના અભ્યુત્થાન, આસનપ્રદાન, અંજલિપ્રગ્રહ વગેરે ભેદો છે. વિનયથી પૂર્ણ બનવું તે વિનયસંપન્નતા, અર્થાત્ અતિશય ગંભીરતાપૂર્વક વિનયને ધારણ કરવો તે વિનયસંપન્નતા છે.

(૩) **શીલવ્રતોમાં અતિચારનો અભાવ–** શીલવ્રતોમાં અતિશય ઘણો અપ્રમાદ એ અતિચારનો અભાવ છે. અહીં પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણો શીલ છે. કેમકે તે ગુણો મુમુક્ષુને સમાધિનું કારણ છે. વ્રતગ્રહણથી રાત્રિભોજનવિરતિ સુધીના પાંચ મહાવ્રતો કહેવાય છે. આત્યંતિક= અત્યંત ભૃશમ્=ઘણો. કષાયાદિ-નિદ્રા-વિકથાદિ પ્રમાદ છે. પ્રમાદનો

અભાવ તે અપ્રમાદ. અપ્રમાદ એ જ અતિચારનો અભાવ છે, અર્થાત્ પોતાના આગમનું=સિદ્ધાંતનું અતિક્રમણ(=ઉલ્લંઘન) ન કરવું તે અતિચારનો અભાવ. આમ શીલવ્રતોમાં અતિશય ઘણો અપ્રમાદ એ શીલવ્રતોમાં અતિચારનો અભાવ છે.

(૪) **વારંવાર જ્ઞાનોપયોગ–** જ્ઞાન એટલે દ્વાદશાંગરૂપ પ્રવચન. દ્વાદશાંગરૂપ પ્રવચન પ્રદીપ, અંકુશ, પ્રાસાદ અને પ્લવના સ્થાને છે=સમાન છે. જેમ પ્રદીપ પ્રકાશ આપે જેથી રસ્તો દેખાય તેમ પ્રવચન સમ્યગ્જ્ઞાનરૂપ પ્રકાશ આપે છે જેથી મોક્ષમાર્ગ સ્પષ્ટ દેખાય છે. અંકુશ હાથીને કાબૂમાં રાખે છે તેમ પ્રવચન ઇન્દ્રિયોરૂપ હાથીને કાબૂમાં રાખે છે. જેવી રીતે પ્રાસાદ સુખપૂર્વક રહેવાનું સાધન છે તેવી રીતે પ્રવચન સુખને પ્રાપ્ત કરવાનું સાધન છે. જેમ તરાપાથી સમુદ્ર તરી શકાય છે તેમ પ્રવચનથી સંસારસમુદ્ર તરી શકાય છે. તેમાં=પ્રવચનમાં ઉપયોગ એટલે એકાગ્રતા, સૂત્ર-અર્થ-તદુભય સંબંધી આત્માનો વ્યાપાર એ પ્રવચનમાં ઉપયોગ છે, અર્થાત્ પ્રવચન આત્મામાં પરિણમી જાય=ઓતપ્રોત થઇ જાય તે.

(૫) **વારંવાર સંવેગ–** સંવેગ એટલે સંસારનો ભય ઉત્પન્ન થવાથી તેનાથી (સંસારથી) ચલિત થવાનો=છૂટવાનો પરિણામ.

(૬) **યથાશક્તિ ત્યાગ–** શક્તિ=સામર્થ્ય, યથા=અનુરૂપ. શક્તિને અનુરૂપ તે યથાશક્તિ. શક્તિ પ્રમાણે, ન્યાયથી મેળવેલાનું પાત્રમાં દાન તે યથાશક્તિ ત્યાગ.

(૭) **યથાશક્તિ તપ–** કર્મને તપાવવાથી=શોષણ કરવાથી તપ કહેવાય છે. બાહ્ય અને અભ્યંતર ભેદથી તપ બે પ્રકારે છે. અનશનાદિ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત વગેરે અભ્યંતર તપ છે. યથાશક્તિ આ બે પ્રકારનો તપ કરવો.

(૮) **સંઘસમાધિકરણ–** જ્ઞાનાદિનો આધાર સાધુ વગેરેનો સમૂહ તે સંઘ છે. તેની સમાધિ=સ્વસ્થતા કરવી.

(૯) **સાધુવૈયાવૃત્ત્યકરણ–** સાધુઓ દીક્ષિત થયેલા જ હોય. તેમનું વૈયાવૃત્ત્ય કરવું. વ્યાવૃત્ત એટલે સાધુઓના કાર્યો કરવામાં તત્પર. વ્યાવૃત્તનો ભાવ તે વૈયાવૃત્ત્ય.

सङ्घ-साधुसमाधिवैयावृत्त्यकरणम् એ પ્રયોગમાં યથાસંખ્ય જ સમજવું, અર્થાત્ સંઘસમાધિકરણ અને સાધુવૈયાવૃત્ત્યકરણ એમ સમજવું. કારણ કે પ્રાયઃ શ્રાવક વગેરેનું વૈયાવૃત્ત્ય કરવાનું ન હોય. તે રીતે અધિકરણ ન કરવા વડે, અર્થાત્ અધિકરણ ન થાય તે રીતે સમાધિ તો બધાની જ કરવાની હોય.

(૧૦)**અરિહંત-આચાર્ય-બહુશ્રુત-પ્રવચનની ભક્તિ–** અરિહંત= તીર્થંકર-આચાર્ય-જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારના આચારને આચરવાથી આચાર્ય કહેવાય છે. બહુશ્રુત=પ્રકૃષ્ટ શ્રુતને ધરનારા, અર્થાત્ ઉપાધ્યાય. પ્રવચન=જીવાદિ પદાર્થો જેનાથી કહેવાય તે પ્રવચન=આગમ. "परमभावविशुद्धियुक्ता भक्तिः" इति પરમ એટલે પ્રકૃષ્ટ, ભાવ એટલે ચિત્તપરિણામ, ચિત્તપરિણામની વિશુદ્ધિ એટલે ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિથી થતી નિર્મળતા, તેનાથી યુક્ત ભક્તિ. ભક્તિ એટલે ઔચિત્યપૂર્વક બાહ્ય સેવા. અરિહંતાદિની ભક્તિ કરવી એટલે પ્રકૃષ્ટ ચિત્તપરિણામની નિર્મળતાથી યુક્ત એવી ઔચિત્યપૂર્વકની બાહ્ય સેવા કરવી.

આયતનમાં(મંદિર-ઉપાશ્રયમાં) ગમન, ધર્મશ્રવણ, સિદ્ધાંતલેખન વગેરે યથાસંભવ અરિહંતાદિની ભક્તિ છે.

(૧૧)**આવશ્યક અપરિહાણિ–** "सामायिकादीनामावश्यकानां भावतोऽनुष्ठानस्यापरिहाणिः" इति રાગ-દ્વેષનો અભાવ તે સમ. સમનો આય (પ્રાપ્તિ) જેનું પ્રયોજન છે તે સામાયિક. (સિદ્ધહેમ. ૬-૪-૧૧૭ સૂત્રથી પ્રયોજન અર્થમાં इकण् પ્રત્યય આવ્યો છે.) અહીં સકળ સાવદ્ય-યોગોની વિરતિરૂપ પ્રતિક્રમણ વગેરે સામાયિક છે. સામાયિક જેમની આદિમાં છે તે સામાયિકાદિ આવશ્યકો. આવશ્યકો ૧૭ પ્રકારના સંયમના વ્યાપારરૂપ હોવાથી ઇચ્છાકાર-મિથ્યાકાર-તથાકાર વગેરે

અનેક પ્રકારે છે. તે આવશ્યકોના ભાવથી આચરણની અપરિહાણિ= હાનિનો અભાવ, તે આવશ્યકાપરિહાણિ. 'ભાવથી' એમ કહીને આવશ્યકોના ઉપયોગમાં અનન્યત્વનું કથન કર્યું છે, અર્થાત્ આવશ્યકોને માનસિક ઉપયોગપૂર્વક કરવાનું કહ્યું છે. ઉપયોગરહિત સર્વક્રિયાઓનું આચરણ માત્ર દ્રવ્ય હોવાથી શુભબંધ અને નિર્જરાના ફળથી રહિત છે એમ પ્રવચનમાં કહ્યું છે. તેથી સદ્ભાવપૂર્વક એકાગ્રચિત્તવાળાનું જે અનુષ્ઠાન અન્યૂન-અનતિરિક્તપણે કરવું એ આવશ્યકાપરિહાણિ છે.

(૧૨) **માર્ગપ્રભાવના–** सम्यग्दर्शनादेर्मोक्षमार्गस्य निहत्य मानं करणोपदेशाभ्यां प्रभावना। સમ્યગ્દર્શન એટલે તત્ત્વરૂપ જીવાદિપદાર્થોની શ્રદ્ધા. સમ્યગ્દર્શન સઘળા ગુણોનો આધાર છે. સમ્યગ્દર્શન જેની આદિમાં છે તે સમ્યગ્દર્શનાદિ. મોક્ષ એટલે સઘળા કર્મોનો ક્ષય થયા પછી આત્માનું પોતાના આત્મામાં રહેવું. મોક્ષનો માર્ગ એટલે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય. અને તે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ક્રિયા(=ચારિત્ર) રૂપ છે. તેની પ્રભાવના એટલે તેની પ્રસિદ્ધિ=તેનું પ્રકાશન.

કેવી રીતે મોક્ષમાર્ગની પ્રભાવના કરે તેને કહે છે- માનને હણીને કરણ અને ઉપદેશથી પ્રભાવના કરે. માન એટલે અહંકાર. માન જાતિ આદિ સ્થાનોથી ઉત્પન્ન થાય છે અને કલ્યાણનો વિનાશ કરે છે. કહ્યું છે કે–

શ્રુત, શીલ અને વિનયને અત્યંત દૂષિત કરી નાખનાર તથા ધર્મ, અર્થ અને કામમાં વિઘ્ન કરનાર માનને કયો પંડિત એક મુહૂર્ત પણ અવકાશ આપે ? (પ્રશમરતિ-૨૭).

આવા પ્રકારના માનનો તિરસ્કાર= અનાદર કરીને પ્રભાવના કરવી. કરણ એટલે સ્વયં આચરવું, શ્રદ્ધાવાળા જીવનું જે કાળ-વિનય-બહુમાન આદિનું આસેવન અને મૂલગુણ-ઉત્તરગુણોના વિસ્તારનું આચરણ તે કરણ છે. ઉપદેશ એટલે બીજાને જણાવવું. ઘણા પ્રકારના વિદ્વાનલોકોની સભામાં, સ્યાદ્વાદનીતિના આલંબનથી, સ્વસામર્થ્યથી એકાંતવાદીઓની પ્રતિભાને નષ્ટ કરીને, નિર્દોષ સર્વ રીતે કલ્યાણકારી, એકાંતિક-

આત્યંતિક-સર્વોત્કૃષ્ટ-દુઃખરહિત કલ્યાણના ફળવાળા માર્ગનું શ્રેષ્ઠ રીતે પ્રકાશન કરવું તે પ્રભાવના. તે ખરેખર આ તીર્થંકરનામકર્મનો આશ્રવ છે.

**(૧૩)પ્રવચનવાત્સલ્ય–** अर्हच्छासनानुष्ठायिनां श्रुतधराणां बाल-वृद्ध-तपस्वि-शैक्षग्लानादीनां च संग्रहोपग्रहानुकारित्वं प्रवचनवत्सलत्वमिति । જે વંદન-નમસ્કાર-પૂજા-સત્કારને યોગ્ય તે અર્હત્, તેમનું શાસન એટલે આગમ નામનો ઉપદેશ, અર્થાત્ આગમ અર્હતોના શાસનરૂપ છે. તેનું આચરણ કરનારા એટલે આગમમાં કહેલી ક્રિયાઓને કરનારા. આવા શ્રુતધરોનું, 'શ્રુતધર' એમ કહીને "સ્વયં જ્ઞાતા" એમ કહ્યું છે. સ્વયં જાણીને કરવું જોઇએ, બીજાઓના ભરોસે ન કરવું [1]જોઇએ. જેણે પ્રવચનનો અભ્યાસ કર્યો છે અને તેથી ઉત્સર્ગ-અપવાદના વિસ્તારનો જ્ઞાતા બન્યો છે તે સ્વતંત્રપણે ક્રિયામાં પ્રવર્તે તો પણ દોષિત ન બને. બાલ એટલે બાળમુનિ. કારણે લઘુ વગેરે પ્રવ્રજિત થયા હોય. (વૃદ્ધ એટલે સ્થવિર.) જાતિથી, શ્રુતથી અને પર્યાયથી એમ ત્રણ પ્રકારે સ્થવિર છે. ૬૦ વર્ષની વયવાળો જાતિ(=વય)સ્થવિર છે. સમવાયાંગધારી શ્રુતસ્થવિર છે. વ્રતનું આરોપણ કર્યા પછીથી(=વડી દીક્ષાથી) વીસ વર્ષના દીક્ષા પર્યાયવાળો પર્યાયસ્થવિર છે. અનશન વગેરે બાહ્ય અને પ્રાયશ્ચિત્ત વગેરે અભ્યંતર તપ જે કરે તે તપસ્વી. અથવા હવે કહેવાશે તે કનકાવલી, રત્નાવલી વગેરે વિવિધ તપ છે. એ તપના યોગથી તપસ્વી કહેવાય. જે શીખે તે શિક્ષ. શિક્ષ એ જ શૈક્ષ. જેમ प्रज्ञ एव प्राज्ञः એમ સ્વાર્થમાં अण्[2] પ્રત્યય લાગવાથી પ્રાજ્ઞ વગેરે શબ્દો બન્યા છે, તેમ शिक्ष एव शैक्षः એમ સ્વાર્થમાં अण् પ્રત્યય લાગવાથી શૈક્ષ શબ્દ બન્યો છે. અથવા જે શિક્ષણશીલ છે(=શિક્ષા લેવાના સ્વભાવવાળો છે) તે શૈક્ષ. છાત્ર વગેરે શબ્દોમાં શિક્ષા શબ્દનો પાઠ હોવાથી ण પ્રત્યયથી શૈક્ષ શબ્દ બન્યો છે.

૧. અહીં તાત્પર્યાર્થ આ છે કે જેનામાં ભણવાની વિશેષ શક્તિ ન હોય તે ગીતાર્થગુરુના વિશ્વાસે ક્રિયા કરે પણ જેનામાં વિશેષ ભણવાની શક્તિ છે તેણે આગમો ભણીને સ્વયં જ્ઞાતા બનવાનો પ્રયત્ન કરવો જોઇએ. શક્તિસંપન્ન સાધુ પણ જ્યાં સુધી ગીતાર્થ ન બને ત્યાં સુધી ગીતાર્થગુરુ આદિના વિશ્વાસથી ક્રિયા કરે.

૨. प्रज्ञादिभ्योऽण् (સિદ્ધહેમ ૭-૨-૧૬૫) સૂત્રથી अण् પ્રત્યય લાગ્યો છે. પ્રજ્ઞાદિ આકૃતિગણ છે.

**ભાવાર્થ–** સૂત્ર-અર્થને ભણવામાં રોકાયેલ હોય અને શાસ્ત્રમાં વિહિત કરેલા કાળે ભણવામાં કે સાંભળવામાં તત્પર રહે તે શૈક્ષ.

ગ્લાન-એટલે મંદઆરોગ્યવાળો. તે વ્યાધિવાળો હોવાથી આહાર પાણીને શોધવામાં સમર્થ ન હોય.

આદિશબ્દના ગ્રહણથી કુલ-ગણ-સમનોજ્ઞનું ગ્રહણ કરવું.

**સંગ્રહ[૧]–** સંયમના આચરણની અને શ્રુતના અધ્યયનની પ્રેરણા માટે આવેલા ઉપસંપદાનો=ઉપસંપદા સ્વીકારવા માટે આવેલા સાધુઓનો આલોચનાપૂર્વક સ્વીકાર કરવો તે સંગ્રહ.

**ઉપગ્રહ–** વસ્ત્ર-પાત્રને ઉત્પન્ન કરવા=મેળવી આપવા, ઘણા ગુણોવાળા ક્ષેત્રને શોધીને એ ક્ષેત્રમાં સાધુઓને લઇ જવા એ ઉપગ્રહ છે.

**અનુગ્રહ–**આહાર-પાણી અને યોગ્ય વસતિનું દાન કરવું વગેરે અનુગ્રહ છે.

**પ્રવચન–**જે પ્રકર્ષથી(=પરિપૂર્ણ રીતે) કહે તે પ્રવચન. પ્રવચન શબ્દની આવી વ્યાખ્યા હોવાથી જ ભગવાને કહેલા અર્થનું પ્રતિપાદન કરવાના પરિણામવાળા શ્રુતધરો વગેરે પ્રવચન શબ્દથી વાચ્ય છે, અર્થાત્ પ્રવચન એટલે ભગવાને કહેલા અર્થનું પ્રતિપાદન કરવાના પરિણામવાળા શ્રુતધરો વગેરે. શ્રુતધરો વગેરે વિષે સંગ્રહ-ઉપગ્રહ-અનુગ્રહરૂપ વાત્સલ્યને પ્રવચનવાત્સલ્ય કહ્યું છે.

इति શબ્દ આદિ શબ્દના અર્થવાળો છે, અર્થાત્ પ્રવચનવાત્સલ્ય વગેરે તીર્થંકરનામકર્મના આસ્રવો છે.

---

૧. શાસ્ત્રમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર માટે ઉપસંપદા સ્વીકારવાનું કહ્યું છે. ઉપસંપદા એટલે જ્ઞાનાદિ માટે ગુરુની રજાથી અન્ય આચાર્યની પાસે આત્મસમર્પણપૂર્વક રહેવું. પ્રસ્તુતમાં સંયમના આચરણની એમ કહીને ચારિત્રની ઉપસંપદા જણાવી છે. શ્રુતના અધ્યયનની એમ કહીને જ્ઞાન ઉપસંપદા જણાવી છે. ઉપસંપદા માટે આવનાર સાધુએ વિહાર કરી આવે ત્યારે સર્વપ્રથમ વિહારમાં લાગેલા સઘળા દોષોની આલોચના લેવાની હોય છે. માટે ઉપસંપદાની આલોચનાપૂર્વક એમ કહ્યું છે. વિધિપૂર્વક ઉપસંપદા માટે આવેલા સાધુઓને સ્વીકારવા એ સંગ્રહ. આ પ્રમાણે સંગ્રહશબ્દનો સંક્ષિપ્ત અર્થ છે. ઉપસંપદાનું વિસ્તૃત વર્ણન બૃહત્કલ્પ ગ્રંથમાં છે.

તીર્થંકરનામકર્મબંધના વીશ કારણોમાંથી કેટલાક કારણો સૂત્રકારે સૂત્રમાં, કેટલાક કારણો ભાષ્યમાં, કેટલાક કારણો આદિ શબ્દના ગ્રહણથી કહ્યાં છે. સિદ્ધપૂજા, ક્ષણલવધ્યાન અને ભાવના, આ કારણોનું અહીં ગ્રહણ કર્યું ન હોવા છતાં વક્તાએ ઉપયોગ રાખીને ગ્રહણ કરવું.

હવે ઉપસંહાર કરે છે– આત્માના પરિણામરૂપ દર્શનવિશુદ્ધિ વગેરે યથોક્ત ગુણો ભેગા કે એક એક તીર્થંકરનામકર્મના આસ્રવો થાય છે પણ ભેગા જ કે એક એક જ તીર્થંકરનામકર્મના આસ્રવો થાય એવો નિયમ નથી.

वा શબ્દ ભેગા કે એક એક એમ વિકલ્પ અર્થવાળો છે.

इति શબ્દ તીર્થંકર નામકર્મના આસ્રવો આટલા છે એમ જણાવવા માટે છે. (૬-૨૩)

**टीकावतरणिका–** नामानन्तरनिर्देशभाजो गोत्रस्योपादाने किं निबन्धनमिति, तद्द्विधा गोत्रं-नीचैरुच्चैश्च, तत्र तावन्नीचैर्गोत्राश्रव-प्रसिद्ध्यर्थमिदमाह–

**ટીકાવતરણિકાર્થ–** નામકર્મ પછી તુરત જેનો નિર્દેશ છે તે ગોત્રકર્મના આસ્રવનું કયું કારણ છે ? ગોત્ર નીચ અને ઉચ્ચ એમ બે પ્રકારે છે, તેમાં નીચગોત્રના આસ્રવોની પ્રસિદ્ધિ માટે કહે છે–

**નીચગોત્રકર્મના આશ્રવો–**

**परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥६-२४॥**

**સૂત્રાર્થ–** પરનિંદા, આત્મપ્રશંસા, પરસદ્ગુણાચ્છાદન, સ્વ-અસદ્-ગુણોદ્ભાવન એ નીચગોત્રના આસ્રવો છે. (૬-૨૪)

**भाष्यं–** परनिन्दात्मप्रशंसा सद्गुणाच्छादनमसद्गुणोद्भावनं चात्म-परोभयस्थं नीचैर्गोत्रस्यास्रवा भवन्ति ॥६-२४॥

**ભાષ્યાર્થ–** પરની નિંદા, પોતાની પ્રશંસા, પરના સદ્ગુણોને=વિદ્યમાનગુણોને ઢાંકવા, પોતાના અસદ્ગુણોને=અવિદ્યમાનગુણોને

પ્રકટ કરવા, પોતાનામાં ન હોય તેવા ગુણોને પ્રગટ કરવા અને પરમાં હોય તેવા ગુણોને ઢાંકવા એ નીચગોત્રકર્મના આસ્રવો છે. (૬-૨૪)

**टीका–** एतदेव विवृण्वन्नाह–'परनिन्दे'त्यादि भाष्यम् परश्चात्मा च परात्मानौ, निन्दा च प्रशंसा च निन्दाप्रशंसे, यथाक्रममभिसम्बन्धः परात्मनिन्दाप्रशंसे, सन्तोऽसन्तश्च सदसन्तः विद्यमानाश्चाविद्यमानाः ते च ते गुणाश्च सदसद्गुणाः, आच्छादनं चोद्भावना चाच्छादनोद्भावने, अत्रापि क्रमेणाभिसम्बन्धः, सदसद्गुणाच्छादनोद्भावने, चशब्दात् परात्मनिन्दा-प्रशंसे समुच्चीयेते, नीचैर्गोत्रस्य कर्मण आश्रवा भवन्ति, तत्र स्वात्मव्यतिरिक्तः परः तस्य गुणवतोऽपि गुणाच्छादनद्वारेण निन्दा-अपवदनमभूतानां भूतानां च दोषाणामुद्भावनं, स्वात्मनः प्रशंसनं स्तुतिर्गुणोद्भावनम्-अभूतानां भूतानां च गुणानामात्मनैव प्रख्यापनं, सन्तो गुणा विद्यमानास्तेषां छादनं संवरणं स्थगनं द्वेषात् पृष्टोऽपृष्टो वा नाचष्टे गुणान् सतोऽपि, प्रस्तुतत्वात् परसम्बन्धिगुणगणाच्छादनमेव सम्बन्ध्यं, आत्माऽभिसम्बन्धेनासतामभूतानामेव गुणानामुद्भावनं करोति पृष्टोऽपृष्टो वा प्रख्यापयतीतियावत्,

एतदेव च स्फुटतरं विभजते-'आत्मपरोभयस्थ'मिति, आत्मस्थम-सद्गुणोद्भावनं परस्थं सद्गुणच्छादनं, आत्मपरावेवोभयं तत्र स्थितं वर्त्तमानं, नीचैरिति नीचं जघन्यं हीनं, गोत्रमिति गूयतेऽभिधीयते आहूयते चानेनेति गोत्रं, यत् कर्माशुभं तन्निमित्तीकृत्याभिधा प्रवर्त्तते चण्डालश्वपचमत्स्यबन्धादि तन्नीचैर्गोत्रं कर्म, अभिसम्बन्धाच्चशब्दः कुत्साहेतुष्वेव प्रयुज्यते, एवमेते परनिन्दादयो जातिकुलरूपबलश्रुता-ज्ञैश्वर्यतपोमदपरावज्ञानोत्प्रासनकुत्सनादयश्च नीचैर्गोत्रस्याश्रवा भवन्तीति ॥६-२४॥

**ટીકાર્થ–** નીચગોત્રના આસ્રવનું જ વિવરણ કરતા કહે છે- 'परनिन्दा' ઇત્યાદિ ભાષ્ય છે.

**પરનિંદા–** ગુણવાન એવા પણ બીજાની ગુણો ઢાંકવા દ્વારા નિંદા કરવી. અન્યના વિદ્યમાન કે અવિદ્યમાન દોષો પ્રગટ કરવા.

**સ્વપ્રશંસા–** પોતાની પ્રશંસા કરવી. પોતાના વિદ્યમાન કે અવિદ્યમાન ગુણોની જાતે પ્રસિદ્ધિ કરવી.

**પરસદ્ગુણાચ્છાદન–** બીજાના વિદ્યમાનગુણોને ઢાંકવા. બીજાએ પૂછ્યું હોય કે ન પૂછ્યું હોય છતાં દ્વેષના કારણે બીજાના વિદ્યમાન પણ ગુણોને ન કહે.

**સ્વ-અસદ્ગુણોદ્ભાવન–** પોતાના અવિદ્યમાન પણ ગુણોને પૂછાયેલો કે ન પૂછાયેલો કહે.

આનો જ અધિક સ્પષ્ટ વિભાગ કરે છે- પોતાનામાં અવિદ્યમાન ગુણોને પ્રગટ કરવા, બીજામાં વિદ્યમાન ગુણોને ઢાંકવા. उभयस्थम्=આત્મ અને પર એ જ ઉભય છે. તેમાં રહેલ નીચગોત્રના આસ્રવો છે.

નીચ એટલે જઘન્ય, હીન.

**ગોત્ર–** (મનુષ્ય) જેનાથી કહેવાય છે અને બોલાવાય છે તે ગોત્ર. જે અશુભકર્મને નિમિત્ત કરીને ચાંડાલ, શ્વપચ (હલકો ચાંડાલ) મચ્છીમાર વગેરે નામ પ્રવર્તે છે તે નીચગોત્ર.

આ પ્રમાણે પરનિંદા વગેરે અને જાતિ-કુળ-રૂપ-બળ-શ્રુત-આજ્ઞૈશ્વર્ય-તપનો મદ, અન્યાવજ્ઞા, અન્ય ઉપહાસ, અન્ય તિરસ્કાર વગેરે નીચગોત્રના આસ્રવો છે. (૬-૨૪)

**टीकावतरणिका–** इदानीमुच्चैर्गोत्राश्रवाभिधित्सयेदमाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે ઉચ્ચગોત્રના આશ્રવોને કહેવાની ઇચ્છાથી આ કહે છે–

**ઉચ્ચગોત્રકર્મના આશ્રવો–**

**तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥६-२५॥**

**સૂત્રાર્થ–** નીચગોત્રના કારણોથી વિપરીત કારણો એટલે કે સ્વનિંદા, પરગુણપ્રશંસા, સ્વસદ્‍ગુણાચ્છાદન, સ્વના અસદ્‍ગુણોદ્‍ભાવન તથા નીચૈર્વૃત્તિ અને અનુત્સેક એ છ ઉચ્ચગોત્રકર્મના આસ્રવો છે. (૬-૨૫)

**भाष्यं–** उत्तरस्येति सूत्रक्रमप्रामाण्यादुच्चैर्गोत्रस्याह-नीचैर्गोत्रास्रव-विपर्ययो नीचैर्वृत्तिरनुत्सेकश्चोच्चैर्गोत्रस्यास्रवा भवन्ति ॥६-२५॥

**ભાષ્યાર્થ–** ઉત્તરના એટલે સૂત્રમાં બતાવેલા ક્રમને અનુસારે ઉચ્ચગોત્રના (આસ્રવોને) કહે છે- નીચગોત્રના આસ્રવોથી વિપરીત તેમજ નમ્રવૃત્તિ અને અનુત્સેક (ગર્વનો અભાવ) એ ઉચ્ચગોત્રના આસ્રવો છે. (૬-૨૫)

**टीका–** तदिति सर्वनाम पूर्वप्रकृतापेक्षं, प्राक् प्रकृता नीचैर्गोत्राश्रवाः तेषां विपर्ययो यथाऽभिहितवैपरीत्यं परगुणप्रशंसा आत्मनिन्दा च सद्‍गुणप्रकाशनमसद्‍गुणच्छादनं च परत्र, आत्मनि तु सद्‍गुणाच्छाद-नमप्यात्मोत्कर्षपरिहारार्थं तथा नीचैर्वृत्तिः नीचैर्वर्त्तनं विनयप्रवण-वाक्कायचित्तता, उत्सेको गर्वः श्रुतजात्यादिजनितः नोत्सेकोऽनुत्सेको विजितगर्वता एतौ नीचैर्वृत्त्यनुत्सेकौ, चशब्दात्तद्विपर्ययश्च, उत्तरस्येति सूत्रक्रमप्रामाण्यादुच्चैर्गोत्रस्याह, इतिशब्दः पदार्थवाचकः स नीचैर्गोत्रमुक्तलक्षणं तस्याश्रवविपर्ययाः परगुणप्रशंसादयः परं चाश्रवद्वयं नीचैर्वृत्तिरनुत्सेकश्चोच्चैर्गोत्रस्याश्रवा भवन्ति, उच्चैरित्युच्चमुत्कृष्टमिक्ष्वा-कुहरिभोजराजन्यादीति ॥६-२५॥

**ટીકાર્થ–** તદ્ એવું સર્વનામ પૂર્વસૂત્રમાં જે પ્રસ્તુત છે તેની અપેક્ષાએ છે. પૂર્વસૂત્રમાં નીચગોત્રના આસ્રવો પ્રસ્તુત છે. તેમનો વિપર્યય=જે પ્રમાણે કહ્યું છે તેનાથી વિપરીતપણે-પરગુણપ્રશંસા, સ્વનિંદા, બીજાના વિદ્યમાન ગુણોનું પ્રકાશન. બીજાના અસદ્‍ગુણોનું(=દુર્ગુણોનું-દોષોનું) આચ્છાદન. સ્વોત્કર્ષના ત્યાગ માટે સ્વસદ્‍ગુણાચ્છાદન, નમ્રવૃત્તિ અને અનુત્સેક ઉચ્ચગોત્રના આસ્રવો છે.

**નીચૈર્વૃત્તિ–** મન-વચન-કાયાથી વિનય કરવામાં તત્પર રહેવું.

**અનુત્સેક–** ઉત્સેક એટલે શ્રુત અને જાતિ આદિથી ઉત્પન્ન થયેલ ગર્વ. અનુત્સેક એટલે ગર્વ ઉપર વિજય મેળવવો.

ઉચ્ચગોત્ર એટલે ઉત્કૃષ્ટ ગોત્ર. ઈક્ષ્વાકુ, હરી, ભોજ, રાજન્ય વગેરે ઉચ્ચગોત્ર છે.

'उत्तरस्य' इति, उत्तरस्य એવું પદ સૂત્રનો ક્રમ પ્રમાણ હોવાથી ઉચ્ચગોત્રને કહે છે, અર્થાત્ ઉત્તરના=ઉચ્ચગોત્રના (આશ્રવો છે).

इतिशब्दः पदार्थवाचकः=इतिशब्द उत्तरस्य એવા પદાર્થનો વાચક=જણાવનાર છે.

પૂર્વે કહેલા સ્વરૂપવાળા નીચગોત્રકર્મના આશ્રવોથી વિપરીત સ્વનિંદા, પરગુણપ્રશંસા, પરસદ્ગુણઉદ્ભાવન, પરદોષઆચ્છાદન - આ ચાર ઉપરાંત મન-વચન-કાયાથી વિનય કરવામાં તત્પર રહેવું અને ગર્વનો ત્યાગ કરવો એ બે (એમ બધા મળી છ) ઉચ્ચગોત્રકર્મના આશ્રવો છે. (૬-૨૫)

**टीकावतरणिका–** उक्तं गोत्रम्, आश्रवाधिकार एवायमनुप्रवृत्तः, तत्र समस्तकर्म्मप्रत्यवसाननिर्दिष्टस्यानुग्राहकसुखव्यवच्छेदकृतोऽन्तरायस्य क आश्रव इति ?, उच्यते–

**ટીકાવતરણિકાર્થ–** ગોત્ર કહ્યું=ગોત્રના આસ્રવો કહ્યા. આ આસ્રવનો અધિકાર જ ચાલ્યો આવે છે. તેમાં સઘળા કર્મોના અંતે નિર્દિષ્ટ અને અનુગ્રહ કરનાર સુખનો વિચ્છેદ કરનાર અંતરાયકર્મનો આસ્રવ કોણ છે ? ઉત્તર આપવામાં આવે છે–

**અંતરાયકર્મના આશ્રવો–**

**विघ्नकरणमन्तरायस्य ॥६-२६॥**

**સૂત્રાર્થ–** દાનાદિમાં વિઘ્ન કરવો એ ક્રમશઃ દાનાંતરાયાદિના આસ્રવો છે. (૬-૨૬)

**भाष्यं–** दानादीनां विघ्नकरणमन्तरायस्यास्रवो भवतीति । एते साम्परायिकस्याष्टविधस्य पृथक् पृथगास्रवविशेषा भवन्तीति ॥६-२६॥

इति तत्त्वार्थाधिगमसूत्रे स्वोपज्ञभाष्यसमेते षष्ठोऽध्यायः समाप्तः ॥६॥

**ભાષ્યાર્થ–** દાનાદિમાં વિઘ્ન કરવો એ અંતરાયકર્મનો આસ્રવ છે. આ (તત્પ્રદોષ વગેરે) કારણો આઠ પ્રકારના સાંપરાયિકકર્મના અલગ અલગ આશ્રવવિશેષો છે. (૬-૨૬)

**टीका–** विघ्नो विघातः प्रतिषेधः सव्याजो निर्व्याजश्च तस्य करणम्-अनुष्ठानं तत्परिणामयोगिनोऽन्तरायाभिधानस्य कर्मण आश्रवो भवति, एतदेव भाष्येण स्पष्टयति-'दानादीना'मित्यादि दानमादिर्येषां ते दानादयो-दानलाभभोगोपभोगवीर्याख्याः, तत्र दानं विशिष्टपरिणामपूर्वकं स्वस्य परस्वत्वापादनं, तदेव गृह्यमाणं प्रतिगृहीत्राऽऽदेयं लाभ उच्यते, भोगो मनोहारिशब्दादिविषयानुभवनं, उपभोगः-अन्नपानवसनाद्यासेवनं, वीर्यम्-आत्मपरिणामो विशिष्टचेष्टालक्षणः, एषां दानादीनां विघ्नकरणं येन येनोपायेन न दत्ते तं तमुपायमापादयति दातुः, एवं येन येनोपायेन न लभते लिप्सुः तथा भोगोपभोगानुभवनसमर्थो येन येनोपायेन न भवति यथा चास्य वीर्यमुत्साहः पराक्रमो न भवति तथा तथाऽनुतिष्ठतोऽन्तरायस्य कर्मणः आश्रवो भवति, इतिशब्दो विघ्नकरणविशेषप्रदर्शनार्थः, अधुना सकलाश्रवप्रकरणपरामर्शद्वारेणोपसंहरत्यध्यायार्थम्-'एत'इत्यादिना, एते तत्प्रदोषनिह्नवादयः साम्परायिकस्य संसारभ्रमणकारणस्याष्टविधस्य ज्ञानावरणादेरन्तरायपर्यवसानस्य कर्मणः पृथक् पृथक्-विवेकेन अपुनरुक्ततया आश्रवविशेषा-सामान्याश्रवापेक्षया विशेषा भवन्ति इतिशब्दोऽत्राभिधित्सितसंक्षिप्तार्थपरिसमाप्ताविति ॥६-२६॥

इत्याचार्यश्रीहरिभद्रारब्धायां (त्रयोविंशतितमसूत्रे विनयसंपन्नतान्तं) श्रीयशोभद्राचार्यनिर्यूढायां भाष्यानुसारिण्यां तत्त्वार्थटीकायां षष्ठोऽध्यायः समाप्तः ॥

**ટીકાર્થ–** વિઘ્ન, વિઘાત, પ્રતિષેધ આ શબ્દોનો એક અર્થ છે. કપટ (=બહાના)થી કે કપટવિના વિઘ્ન કરવો એ વિઘ્નના પરિણામવાળાને અંતરાય નામના કર્મનો આસ્રવ છે. આને જ ભાષ્યથી સ્પષ્ટ કરે છે- "दानादीनाम्" इत्यादि, દાનાદિ એટલે દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય.

**દાન–** વિશિષ્ટ પરિણામપૂર્વક પોતાની વસ્તુને બીજાની કરવી.

**લાભ–** ગ્રહણ કરનાર વડે ગ્રહણ કરાતી લેવા યોગ્ય તે જ(=બીજાથી અપાઇ રહેલી) વસ્તુ લાભ છે.

**ભોગ–** મનોહર શબ્દ વગેરે વિષયોનો અનુભવ કરવો.

**ઉપભોગ–** આહાર-પાણી-વસ્ત્ર વગેરેનું આસેવન કરવું.

**વીર્ય–** વિશિષ્ટ ચેષ્ટારૂપ આત્મપરિણામ.

આ દાનાદિમાં વિઘ્ન કરવો. જેમકે- દાતા જે જે ઉપાયથી બીજાને ન આપે તે તે ઉપાય દાતાને પ્રાપ્ત કરાવે. એ પ્રમાણે મેળવવાની ઇચ્છાવાળો જે જે ઉપાયથી ન મેળવી શકે તે તે ઉપાયને કરે. તથા ભોગ-ઉપભોગનો અનુભવ કરવામાં સમર્થ જે જે ઉપાયથી તેમાં સમર્થ ન થાય તે તે ઉપાયને કરે. જે જે રીતે એનું વીર્ય(=ઉત્સાહ કે પરાક્રમ) ન થાય તે તે રીતે કરે. આવું કરનાર જીવને અંતરાયકર્મનો આસ્રવ થાય.

इति શબ્દ વિઘ્ન કરવાના વિશેષ ઉપાયોને બતાવવા માટે છે.

હવે સંપૂર્ણ આસ્રવ પ્રકરણનો વિચાર કરવા દ્વારા અધ્યાયના અર્થનો ઉપસંહાર કરે છે- આ કારણો આઠ પ્રકારના સાંપરાયિકકર્મના અલગ અલગ આસ્રવવિશેષો છે. આ तत्प्रदोषनिह्नव વગેરે સાંપરાયિક=સંસાર પરિભ્રમણનું કારણ એવા જ્ઞાનાવરણથી પ્રારંભી અંતરાય સુધીના આઠ


પ્રકારના કર્મના (પુનરુક્તિ ન થાય તે રીતે) અલગ અલગ આસ્રવવિશેષો છે. આસ્રવવિશેષો એટલે સામાન્ય આસ્રવોની અપેક્ષાએ વિશેષ આસ્રવો.

इति શબ્દ અહીં કહેવા માટે ઇચ્છેલા સંક્ષિપ્ત અર્થની સમાપ્તિમાં છે. (૬-૨૬)

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **છઠ્ઠા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર-સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.


વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખ



# જશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)



Tejas Printers
AHMEDABAD M. 98253 47620